બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

-: ગ્રંથ પ્રેરક :-

નિપુણ નિર્યામક

પૂજ્ય મુનિરાજ

શ્રી સુધર્મસાગરજી

મહારાજ સાહેબ

# નવપદ-શ્રીપાલ

અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૪

-: ગ્રંથ સર્જક :-

મુનિ શ્રી દીપરત્ન સાગર

(M, Com,, M.Ed., Ph,D.)

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

શ્રી આનંદ ક્ષમા લલિત સુશીલ સુધર્મ સાગર ગુરૂભ્યો નમઃ

# નવપદ - શ્રીપાલ

અભિનવ ઉપદેશ પ્રાસાદ-૪

-: પ્રેરક :-

નિપુણ નિર્યામક

પૂજ્ય મુનિરાજશ્રી

સુધર્મસાગરજી મહારાજ સાહેબ

: સર્જક :

મુનિ દીપરત્નસાગર M.Com., M.Ed., Ph.D.

સંવત ૨૦૪૬, આસો સુદ-૧, તા. ૧૯/૯/૯૦ બુધવાર

## અનુક્રમણિકા


| ક્રમ | પદ | શ્રીપાલકથા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | અરિહંત | કથા પ્રારંભ, [૧]મયણાના ઊંબરરાણા સાથે લગ્ન | ૧ |
| ૨ | સિદ્ધ | માતા કમલપ્રભા માતા રૂપસુંદરી મિલન | ૧૧ |
| ૩ | આચાર્ય | શ્રીપાલ કુંવરનું ધવલ શેઠ સાથે દેશાંતરગમન | ૨૧ |
| ૪ | ઉપાધ્યાય | [૨]મદનસેના–[૩]મદનમંજુષા સાથે શ્રીપાલનાલગ્ન | ૩૧ |
| ૫ | સાધુ | [૪]મદનમંજરી સાથે લગ્ન | ૪૧ |
| ૬ | દર્શન | [૫]ગુણમંજરી–[૬]ત્રૈલોક્યસુંદરી સાથે લગ્ન | ૫૧ |
| ૭ | જ્ઞાન | [૭]શૃંગાર સુંદરી–[૮]જયસુંદરી–[૯]તિલકસુંદરી સાથે લગ્ન | ૬૧ |
| ૮ | ચારિત્ર | રાજા અજિતસેન સાથે યુદ્ધ અને રાજાની દીક્ષા | ૭૧ |
| ૯ | તપ | શ્રીપાલરાજાએ કરેલ તપનું ઉજમણું | ૮૧ |



મુદ્રક
દર્શના પ્રિન્ટર્સ,
ઘી કાંટા રોડ,
**અમદાવાદ–૧**

પ્રકાશક
**卐 અભિનવ શ્રુત પ્રકાશન ॐ**
C/o. **પ્ર. જે. મહેતા**
પ્રધાન ડાકઘર પાછળ
**જામનગર–૩૬૧૦૦૧**

## દ્રવ્ય સહાયક - નામાવલિ

(૧) સરળ સ્વભાવી પૂજ્ય આચાર્ય દેવ **શ્રી વિજય દેવસૂરીશ્વરજી મ.સા.**ની પ્રેરણાથી, એક ગૃહસ્થ હ. હર્ષદભાઈ

(૨) પૂજ્ય પંન્યાસ પ્રવર **શ્રી જિતેન્દ્ર સાગરજી** ગણિવર્યના શિષ્યરત્ન પ્રિયવકતા પ્રવચનકાર **પૂ. મુનિરાજ શ્રી પુન્યપાલ સાગરજી** મ.સા.ની પ્રેરણાથી—શ્રી ખાનપુર જૈન સંઘ

**શ્રી જયનગર શ્વે. મૂર્તિ જૈન સંઘ—વાપી**

**(૩) નિપુણ નિર્યામક પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મહારાજ સાહેબની પ્રેરણાથી**

(૧) શ્રી ખુશાલભવન જૈન ઉપાશ્રય
(૨) શૈલેષભાઈ ચંદુલાલ
(૩) સુભદ્રાબેન ચંદુલાલ, મુંબઈ, હ. કિરણભાઈ
(૪) હસમુખભાઈ કેસરીચંદ ચુડગર
(૫) અર્જુનભાઈ જયંતિલાલ
(૬) પોપટલાલ રવચંદ
(૭) કેશવલાલ હરીલાલ
(૮) ખેમચંદ કાલીદાસ
(૯) જશવંતલાલ માણેકલાલ
(૧૦) કીરણકુમાર ચંદુલાલ
(૧૧) બાબુભાઈ ચીમનલાલ રાણા
(૧૨) રાજેન્દ્રભાઈ જીવણલાલ
(૧૩) અંજનાબેન જયંતિલાલ
(૧૪) ડૉ. વી. વી. શાહ
(૧૫) ચંદ્રાબહેન સારાભાઈ
(૧૬) હરીભાઇ રવચંદ
(૧૭) કસ્તુરચંદ નેમચંદ
(૧૮) એક શ્રાવિકા હ. સૂર્યાબેન
(૧૯) ધીરજલાલ એમ. શાહ
(૨૦) અમૃતલાલ મણીલાલ
(૨૧) દીપકકુમાર નવનીતલાલ
(૨૨) ભદ્રેશકુમાર વિનોદચંદ્ર
(૨૩) ડૉ. જે. જે. વોરા
(૨૪) રમણલાલ ધીયા

શ્રી નેમિનાથાય નમઃ

# 'નવપદ-શ્રીપાલ'!

અભિનવ શ્રુત પ્રકાશનના પૂર્વે પ્રકાશિત થયેલા અભિનવ ઉપદેશ પ્રાસાદના ભા. ૧–૨–૩ પછી ભાગ ૪ રૂપે બહાર પડતા આ ગ્રંથમાં નવ દિવસના, શાશ્વતી ઓળીના આરાધકોને લક્ષમાં રાખીને, નવે દિવસ પદ પ્રમાણે અરિહંતાદિનું વર્ણન પણ આવતું જાય અને શ્રીપાલ ચરિત્ર પણ ચાલતું જાય તે રીતે પ્રયત્ન કરેલો છે.

તપ પદના પારિશિલન સાથે સાથે શ્રીપાલ ચરિત્ર પણ પૂર્ણ થઈ જાય તેવો પ્રયત્ન કરેલ છે.

વ્યાખ્યાન આપનારને ૧ કલાક શાંતિથી પૂર્ણ થઈ જાય તે બાબતને પણ ધ્યાનમાં રાખેલ છે.

અભિનવ ઉપદેશ પ્રાસાદમાં "મન્હ જીણાણ"માં બતાવેલ શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપર ભાગ ૧–૨–૩ માં ૧૦૮ પરિશીલનો તૈયાર કર્યા પછી જૂદા જૂદા પૂજ્યો તથા સાધ્વીજીઓની આવેલી ટપાલોમાં એક સૂચન એવું પણ આવેલ કે આ રીતે ૩૬૦ પરિશીલનો તૈયાર કરો તો ભવિષ્યના શ્રી સંઘને ઘણી સમજણ મળશે. તેમજ તેમાં એકદમ મંડાયું છે. વાંચનાર–સાંભળનાર બંનેને લાભકારક બનશે.

જુદા જુદા વિષયો ઉપર આવા પરિશીલનો તૈયાર કરવાના સુચનો પણ મળતાં રહ્યા છે.

શ્રી સંઘનો સહકાર મળતો રહેશે તેમ પ્રકાશનો શકય બનતા રહેશે.

શ્રી ખુશાલભુવન જૈન ઉપાશ્રયના ટ્રસ્ટીગણ સુતરીયા પરિવાર તથા ગુપ્ત કે જાહેર રીતે પ્રકાશનમાં સહકાર આપનાર બધાનો સહયોગ પ્રશસ્ય છે. તેમજ ગૃહસ્થપણામાં આટલું ભણેલ મુનિશ્રી દીપરત્નસાગરજી. પોતાની શક્તિ વિશેષ વિશેષ ફોરવીને શ્રી સંઘની અપેક્ષા પૂર્ણ કરવામાં સફળ બને તે ભાવના.

નવપદજીના આ પરિશીલન દ્વારા વક્તા શ્રોતા અને–વાચક એ સર્વે આત્મા નવપદજીના આરાધનામાં આગળ વધતા પંચમ પદ દ્વારા પરંપરાએ દ્વિતીય પદને પામનારા બને એજ મનોકામના.

સુધર્મસાગર

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः
नमोनमोनिम्मलदंशणस्स

# (૧) અરિહંત પદ

तत्थऽरिहंतेऽट्ठारस, दोस विमुक्के विशुद्ध नाणमए
पयडियतत्ते नयसुर–राए झाएह निच्चंपि

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્ન શેખર સૂરિજી શ્રીપાલ ચરિત્રની રચના કરતા જણાવે છે કે આ જગતમાં બોધ પામનારા જીવો ત્રણ પ્રકારના છે.

૦ કેટલાંક જીવો જ્ઞાની પુરુષનાં વચનમાં સંપૂર્ણ શ્રદ્ધાવાળા હોય છે. "ભગવાને કહ્યું તે નિઃશંક સત્ય જ છે." આ પ્રમાણે માનનારા જીવો ગુરુ ગૌતમની જેમ **પ્રભુ સંમિત** કહેવાય – પરંતુ –

બધાં જીવો કંઈ આજ્ઞાને પ્રમાણ માનીને જીવતા નથી. વર્તમાન કાળે તો એક નાનો બાળક પણ દરેક વાતમાં "શું ?–કેમ ? – શા માટે ?" એવા પ્રશ્નો કરે છે તેવા જીવોને **મિત્ર સંમિત** ગણ્યા. જેમ મિત્રોને હેતુ કે યુક્તિપૂર્વક કોઈ વાત સમજાવી સત્કાર્ય કરાવાય છે. તેમ આવા જીવોને પણ તર્ક કે યુક્તિ–પ્રયુક્તિ થકી ધર્મનો બોધ કરાવાય છે.

આ સિવાય ત્રીજા પ્રકારના જીવો સાવ બાળક જેવા છે. તેમને આજ્ઞા કે હેતુ–યુક્તિથી સમજ પડતી નથી. તેઓ તો કથાના રસથી જ સમજે છે. જેમ સ્નેહ પૂર્વક મીઠું મીઠું બોલી સ્ત્રી પોતાના પતિને વશ કરે છે તેમ દૃષ્ટાન્તો કે ચરિત્રો સંભળાવી જે જીવોને હેય–ઉપાદેયનું જ્ઞાન કરાવાય તે જીવો **કાંતા સંમિત** કહેવાય.

શ્રીપાલ ચરિત્રની રચના આવા ત્રીજા પ્રકારના જીવો માટે કરાઈ છે.

જંબૂદ્વિપના ભરત ક્ષેત્રમાં મગધ દેશમાં રાજગૃહી નામની નગરી હતી. ત્યાં શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરતો અને મહાવીર પરમાત્માનો પરમ ભક્ત એવો શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો.

આ અવસરે પ્રભુ મહાવીરે પોતાના પ્રથમ શિષ્ય ગૌતમ ગણધરને રાજગૃહ નગરના લોકોના લાભને માટે ત્યાં મોકલ્યા. ત્યારે ગૌતમ સ્વામીનું આગમન સાંભળી શ્રેણિક રાજા પોતાના પરિવાર સહિત,

સમસ્ત લોક સાથે ત્યાં આવ્યા. વિધિવત્ વંદન કરીને ધર્મદેશના સાંભળવા બેઠા.

ગૌતમ સ્વામીએ ગંભીર વાણીથી સમ્યક્ ધર્મસ્વરૂપ દેશનાનો આરંભ કરતા જણાવ્યું—

દાન-શીલ-તપ અને ભાવ એ **ચાર ભેદે ધર્મ** બધાં જિનવરો એ ઉપદેશ્યો છે. તેમાં ભાવની મહત્તા સૌથી વધારે છે. ભાવનો સંબંધ મન સાથે છે. મનના વશીકરણ માટે આલંબનયુક્ત ધ્યાન કહેવાયું છે.

શાસ્ત્રમાં ઘણાં પ્રકારે આલંબનો કહ્યાં છે છતાં નવપદ ધ્યાનને પ્રધાન આલંબન કહ્યું. વળી આત્મકલ્યાણને માટે પણ નવપદ આરાધન શ્રેષ્ઠતમ ગણ્યું છે.

☐ **પણ નવપદ એટલે શું?**

**પહેલે પદ જપીયે અરિહંત,**
**બીજે સિદ્ધ જપો જયવંત**
**ત્રીજે આચારજ સંત-**
**ચોથે નમો ઉવજ્ઝાય તંત**
**નમો લોએ સવ્વ સાહૂ મહંત**
**પંચમ પદ વિલસંત**
**દંશણ છઠ્ઠે જપો મતિવંત**
**સાતમે નમો નાણ અનંત**
**આઠમે ચારિત્ર હુંત**
**નમો તવસ્સ નવમે સોહંત**
**શ્રી સિદ્ધચક્રનું ધ્યાન ધરંત**
**પાતિક નો હોયે અંત-**

નવપદમાં પ્રથમ દેવ તત્ત્વ લીધું તેના બે ભેદ કહ્યા અરિહંત અને સિદ્ધ.

સર્વ પ્રથમ અરિહંત પદનું ધ્યાન ધરવું જોઈએ તેમ કહ્યું.

**૦ અરિહંત એટલે શું?**

જેઓ જુગુપ્સા ભય, અજ્ઞાન વગેરે અઢાર દોષથી રહિત છે, નિર્મલ અને વિશુદ્ધ જ્ઞાનના ધારક છે, જીવ-અજીવ પુણ્ય-પાપ આદિ તત્ત્વોને જણાવનારા છે અને ઈન્દ્રો પણ જેને નમસ્કાર કરે છે તેવા **"અરિહંત-પરમાત્મા"**ને અમે નમીએ છીએ અથવા ધ્યાન ધરીએ છીએ.

**૦ અરિહંતને નમસ્કાર શા માટે?**

**દેવનો દેવ દયાકર ઠાકર, ચાકર સુરનર ઈંદાજી**
**ત્રિગડે ત્રિભુવન સ્વામી બેઠા, પ્રણમો શ્રી જિનચંદા**
**ભવિયણ ભજીયેજી.**

અરિહંત પરમાત્મા એ મોક્ષ માર્ગના પ્રરૂપક છે. અને ઉદ્‌ઘાટક પણ છે. જેમકે આ ચોવિસીના પ્રથમ તીર્થંકર કોણ?

ઋષભદેવ ભગવાન.

કઈ સ્થિતિ હતી તે વખતની?

અઢાર કોડાકોડી સાગરોપમથી અજ્ઞાન રૂપી અંધકાર ફેલાયેલો છે. અસંખ્યાતા પલ્યોપમે એક સાગરોપમ થાય તેવા એક–બે નહીં અઢાર કોડાકોડી સાગરોપમ સુધી અહીં કોઈ મોક્ષ (માર્ગે) ગયું નથી.

તે કાળે જન્મતો મનુષ્ય *પલ્યોપમ (અબજો ના અબજો) વર્ષ સુધી ખાવું–પીવું–હરવું–ફરવું તેમાં જ મગ્ન રહ્યો છે. તે સમયે ભોગનો જ આનંદ જોયો છે. ત્યાગની વાત તો સ્વપ્ને પણ વિચારી નથી. આવા કપરા સમયે ત્રણ જ્ઞાનથી સંયુક્ત એવા પ્રભુએ ત્યાગનો આનંદ સમજાવી મોક્ષ માર્ગને વહેતો મુકયો.

બોલો આવા ઉપકારીને નમસ્કાર થાય કે નહીં?

થાય—માટે "નમો અરિહંતાણં"

એ જ રીતે દરેક તીર્થંકર તીર્થની સ્થાપના કરે ત્યારે મોક્ષમાર્ગ ફરીથી ચાલુ થાય. વળી બધાં જીવોને કર્મથી મુક્ત થઈ મોક્ષે જવાનો રાહ પણ અરિહંત પરમાત્મા બતાવે. સર્વથા દુઃખનો ક્ષય કરવા માટે અને સંવર નિર્જરા પુન્ય–પાપ આદિ તત્ત્વોને ઓળખાવનારા પણ અરિહંત જ છે. માટે

**મહા ગોપ મહામાહણ કહીએ, નિર્યામક સથ્થવાહ**
**ઉપમા એહવી જેહને છાજે તે જિન નમીયે ઉત્સાહ રે**
**– ભવિકા –**

માટે અરિહંત પરમાત્માને નમસ્કાર કર્યો.

जे अ अइया सिद्धा, जे अ भविस्संति णा गए काले
संपइय वट्टमाणा सव्वे तिविहेण वंदामि

*પલ્યોપમનું સ્વરૂપ લોક પ્રકાશાદિ ગ્રંથોથી જાણી લેવું.

આવા અરિહંતાદિ નવપદની આરાધના કરનાર જીવ શ્રીપાલ રાજાની જેમ સુખને પ્રાપ્ત કરે છે.

**મધુર ગીરા બોલ્યા શ્રી ગૌતમ**
**સાંભળો શ્રેણિક રાય વયણાજી**
**રોગ ગયોને સંપદા પામ્યા**
**શ્રી શ્રીપાળ ને મયણાજી**

૦ ભાવિ તીર્થંકર એવા શ્રેણિક મહારાજા પૂછે છે, "હે ભગવન્ આ **શ્રીપાલ કોણ** છે?"

ગૌતમ સ્વામી જણાવે છે—

દક્ષિણાર્ધ ભરતમાં માલવ દેશે **ઉજ્જૈની** નામે સુપ્રસિદ્ધ નગરી હતી. ત્યાંની સમૃદ્ધિનું વર્ણન નિપુણ બુદ્ધિનો સ્વામી બૃહસ્પતિ જ કદાચ કરી શકે.

તે નગરમાં **પ્રજાપાલ** રાજા હતો. તેને સૌભાગ્યથી મનોહર પણ મિથ્યાદૃષ્ટિ વાળી **સૌભાગ્ય સુંદરી** નામની તથા રૂપમાં રતિ સમાન એવી સમક્તિ દૃષ્ટિવાળી **રૂપ સુંદરી** નામે બે રાણીઓ હતી.

પરસ્પર પ્રીતિવાળી તે બંને રાણી સાથે ક્રિડા કરતા એવા પ્રજાપાલ રાજાને સુર સુંદરી અને મદન (મયણા) સુંદરી નામે બે કન્યા રત્નોની પ્રાપ્તિ થઈ.

મિથ્યાદષ્ટિ માતા એ સુરસુંદરીને શિવધર્મી એવા શિવભૂતિ પાસે અભ્યાસ કરાવી લેખન–ગણિત–છન્દશાસ્ત્ર–અલંકારશાસ્ત્ર–પુરાણ–નાટ્ય શાસ્ત્ર–ગીતગાન આદિમાં નિપુણ બનાવી.

સમક્તિ દૃષ્ટિ રૂપસુંદરી રાણીએ તેની પુત્રી મયણાસુંદરીને જૈન-ધર્મી સુબુદ્ધિ પંડિત પાસે શિક્ષણ અપાવ્યું. મયણા સુંદરી જીવાદિ નવતત્ત્વો, પાંચ અસ્તિકાય, નયનિક્ષેપ સ્વરૂપ, છ દ્રવ્ય કર્મસાહિત્ય વગેરેમાં નિપુણ થઈ.

અભ્યાસ પૂર્ણ થતા પ્રજાપાલ રાજાએ બંનેને સભામંડપમાં બોલાવી, પરીક્ષા કરવા માટે એક સમસ્યા પદ આપ્યું

" पुन्निहिं लब्भइ एहु "

"પુન્ય વડે" તે "પ્રાપ્ત થાય છે."

સુર સુંદરી બોલી, અરે આ સમસ્યા તો હમણાં પુરી કરું.

घणुजुव्वण सुवियड्ढ, पुण रोगरहिओ नियदेहु
मणुवल्लह मेलावडुं, पुन्निहिं लब्भइ एहु

ધન, યૌવન, રોગ રહિત નિજ દેહ, મનને પ્રિય પુરૂષ સાથેનો મેળ વગેરે વસ્તુ પુણ્યથી પ્રાપ્ત થાય છે.

રાજા તેના ઉત્તરથી ખુશખુશ થઈ ગયો.

ત્યારબાદ રાજાની આજ્ઞાથી મયણાસુંદરીએ સમસ્યા પૂર્તિ કરતાં કહ્યું–

विणय विवेय पसन्न मणु, सिलसुनिम्मलदेहु
परमपह मेलावडुं, पुन्निहिं लब्भइ एहु

વિનય, વિવેક, બ્રહ્મચર્યથી ઉજ્જવળ બનેલ શરીર, પરમોત્કૃષ્ટ મોક્ષમાર્ગ સાથેનો મેળ આ બધું પુન્યથી પ્રાપ્ત થાય છે.

આ ઉત્તરથી અધ્યાપક અને રૂપસુંદરી રાણી ખુશ થયા પણ રાજા અને પ્રજાજન ખુશ ન થયા કેમકે

તત્ત્વનો ઉપદેશ મિથ્યા દૃષ્ટિ લોકોને આનંદ આપતો નથી.

પણ આપણે શ્રીપાલ ચરિત્રમાં વાર્તા કે કથા નહીં પકડતાં તત્વ જ ગ્રહણ કરવાનું.

જગત્‌માં તત્વ ત્રણ છે. **દેવ–ગુરુ–ધર્મ.**

દેવ તત્વમાં બે ભેદ કહ્યાં–અરિહંત અને સિદ્ધ.

ઉપદેશાદિ પ્રવૃત્તિ શરીરધારીથી થાય માટે અરિહંતને લીધાં અને નિરંજન–નિરાકાર સ્વરૂપી, શરીર વિનાના દેવ તે સિદ્ધ.

○ **પ્રશ્ન :**–સિદ્ધો તો આઠ કર્મના ક્ષય કરેલા છે. અરિહંત કરતાં વિશેષ ગુણવાળા છે તો પ્રથમ **નમો સિદ્ધાણં** કેમ ન મુકયું ?

અરિહંતપણાથી સિદ્ધની ઉત્પત્તિ છે. સિદ્ધિ ગતિનો માર્ગ દર્શાવનારા પણ અરિહંત જ છે અને સિદ્ધોની પ્રામાણિકતા પણ ઓળખાવનારા અરિહંત જ છે માટે કહ્યું **'પહેલે પદ જપીએ અરિહંત–**

તીર્થના નાથ અરિહંત છે, પ્રથમ નિષ્પરિગ્રહી પણ અરિહંત છે.

○ **પુનર્પ્રશ્ન :**–અરિહંતપણા કરતાં પહેલાં પણ સમ્યકત્વ હતું–જ્ઞાન દર્શન હતું તો પછી આદિ સ્થિતિની અપેક્ષાએ नमो दंसणस्स વગેરે જ પ્રથમ મુકવા હતાને ?

માત્ર જ્ઞાન–દર્શન મહત્ત્વના નથી તે સાથે આચરણ–ચારિત્ર મહત્વનું છે તીર્થંકર પરમાત્માએ પોતે આચરણા કરી છે. નિર્મલજ્ઞાન મેળવ્યું છે પછી પ્રકાશ્યું છે.

તેથી કરીને જ અરિહંતને પ્રથમ નમસ્કાર કર્યો છે. અન્યથા આદિની અપેક્ષાએ नमो उसभस्स જ ન કહ્યું હોત ?

પણ અહીં મહત્ત્વ અરિહંતપણાનું છે. અરિહંત કેન્દ્ર સ્થાને છે. બાકીના આઠ પદો તેની આસપાસ ગોઠવાયાં છે.

**અરિહંત વિચે સિદ્ધ સૂરિ પાઠક**
**સાહુ ચિહું દિસિ સોહેજી**
**દર્શન નાણ ચરણ તવ વિદિશે**
**એ નવપદ મન મોહેજી**

એ નવપદની આરાધનાના પસાયે સુખ સમૃદ્ધિ પામેલી મયણાનો ઉત્તર રાજાને ન ગમ્યો. પણ સુરસુંદરીના ઉત્તરથી ખુશ થયેલા પ્રજાપાલ રાજાએ જોયું કે દમિતારી રાજાના પુત્ર અરિદમનને આવેલો જોઈને તેના પરત્વે આકર્ષાયેલી સુરસુંદરી લજ્જા છોડી વારંવાર તેને નીરખી રહી હતી.

પ્રજાપાલ રાજાએ તે જોઈને પૂછ્યું, “હે વત્સે ! તને કેવો પતિ ગમે ?” સુરસુંદરી બોલી કે પિતાની કૃપાથી જે માંગીએ તે મળવાનું જ છે.

તેના પ્રશંસાયુક્ત વચનોથી ખુશ થયેલા રાજાએ અવસરે અરિદમન સાથે તેના લગ્ન કરાવી આપ્યા. સ્નેહપૂર્વક મયણા સુંદરીને પણ પૂછ્યું કે તને કેવો પતિ હું કરી આપું ?

લજ્જાળું મયણા સુંદરીને મૌન જાણી ફરી ફરી એજ પ્રશ્ન રાજાએ પૂછતાં તે બોલી કે આપ જ વિવેકી છો, હે પિતાજી મને આ પ્રશ્ન કેમ પૂછો છો ?’ માતા પિતા કે મારી ઈચ્છા તો નિમિત્ત માત્ર છે. ખરેખર તો કર્મ સંયોગે–પૂર્વભવે બંધાયેલ સંબંધ મુજબ જ જીવનો એકમેક સાથે સંબંધ થાય છે.

આવા પ્રકારની તાત્વિક વાણીથી કોપેલ પ્રજાપાલ રાજાને છેવટે મયણા સુંદરીએ કહ્યું–“તો હે પિતાજી! આપને ગમે તે મારો ભર્તાર થાઓ. મારું જેવું પુન્ય હશે તેવું ભાવિ થઈ રહેશે.

તેનું ભયાનક મુખ જોઇ મંત્રીએ અવસર જાણી રાજાને નગરમાં રયવાડીએ જવા માટે પ્રેરણા કરી. માર્ગમાં તેણે મોટું ટોળું આવતું જોયું. સાતસો કોઢિયાનું ટોળું આવી રહ્યું હતું. ઊંબર રાણો ખચ્ચર પર બેઠો હતો. કોઢવાળો છત્રધારક હતો, જેનું નાક ગળી ગયું હતો તે ચામરધારી હતો, ગળેલા કાનવાળો ઘંટનાદક હતો, રક્ત વહેતા અંગવાળો તેનો અંગરક્ષક હતો અને દાદરનો રોગી તાંબુલ દાયક હતો.

રાજા હજી તો બીજી દિશામાં વળવા જાય ત્યાં તો ગલિતાંગુલિ નામક ઉંબરરાણાના મંત્રીએ પ્રજાપાલ રાજા પાસે પહોંચી જઈને કહ્યું કે અમારા ઉંબર રાણા માટે કૃપા કરીને આપ કન્યાદાન કરો.

મયણા સુંદરી પર રોષે ભરાયેલા રાજાએ કોઢીયા ઉંબર રાણાને પોતાની પુત્રી આપી. મયણાએ પણ જણાવી દીધું કે કર્મે આણેલો કુષ્ઠી વર પણ મને મંજુર છે.

ઉંબર રાણાએ ઘણી આનાકાની કરી છતાં રાજા ન માન્યો ત્યારે મયણા સુંદરી સ્વયં તેનો હાથ પકડી ચાલી નીકળી. ધર્મનો મર્મ પામેલી મયણાસુંદરીને કોઈ જ દુઃખ ન થયું પણ લોકોએ જિન ધર્મની નિંદા શરૂ કરી તે સહન કરી શકી નહીં.

સવારે ઉમ્બર રાણાને લઈને ઋષભ દેવ સ્વામીને પ્રાસાદે આવી અરિહંત પ્રભુની સ્તુતિ કરી.

## પ્રભુ કેવા છે ?

અજ્ઞાનતાના અંધકારને દૂર કરનાર, રાજા અને મનુષ્યોથી પૂજાતા, કરુણા સાગર, ત્રિભુવન દિનેશ્વર, કામદેવના શત્રુ અને શિવગતિગામી

— એવા અરિહંતને નમસ્કાર હો— —

જે પરમાત્માએ પૂર્વે ત્રીજા ભવમાં ક્ષાયિક સમકિત ઉપાર્જન કર્યું છે–કર્મની ૧૫૮ પ્રકૃતિમાં તીર્થંકર નામ કર્મ બાંધેલુ છે. સિદ્ધના પંદર ભેદમાં જિનલિંગે જ સિદ્ધ થવાના છે. વીસ સ્થાનકમાંના એક કે વધુ પદની આરાધના કરેલી છે, જેઓ દેવ કે નારકી ગતિમાં હોય કે તિર્યંચ પણે હોય ત્યારે પણ તે આત્માની ઉત્તમતા જળવાઈ રહી છે, ત્રણ જ્ઞાને યુક્ત છે, મેરુ શિખરે જન્માભિષેક પામ્યા છે અને ભોગ પણ કર્મક્ષય માટે થયો છે એવા અરિહંત પરમાત્માની આજે આરાધના કરવાની છે.

**સ્વામી ચોત્રીશ અતિશયે શોભતાં**
**વાણી પાત્રીશ વચન રસાળ, ગુણો તણી માળ**
**કાગળ લખું કોડથી–**

અરિહંત પરમાત્માના અતિશયોમાં માત્ર સમવસરણનું વર્ણન જોશો તો પણ અરિહંતના નમસ્કારની મહત્તા સ્પષ્ટ થશે.

(૧) વાયુકુમાર દેવો પ્રથમ એક યોજન પૃથ્વીનું પ્રમાર્જન કરે.

(૨) મેઘકુમાર દેવો સુગંધી જળ વડે તે પૃથ્વીને સિંચે.

(૩) વ્યંતર દેવો સોનું–માણેક–રત્નના પાષાણ વડે ઊંચુ ભૂમિતલ બાંધે, પંચરંગી પુષ્પો વેરે.

(૪) ચારે દિશામાં રત્ન–માણેક–સુવર્ણના તોરણો બાંધે. નીચે સ્વસ્તિકાદિ આઠ મંગળ રચે.

(૫) ત્રણગઢ–

(૧) ભુવનપતિ દેવો સોનાના કાંગરા વાળો રૂપાનો ગઢ બનાવે.

(૨) જ્યોતિષ દેવો રત્નના કાંગરા યુક્ત સોનાનો ગઢ બનાવે.

(૩) તેના ઉપર વૈમાનિક દેવો મણીના કાંગરાવાળો રત્નનો ત્રીજો ગઢ રચે.

દરેક ગઢને ચાર દરવાજા હોય અને ૨૦૦૦૦ પગથીયાં હોય છે. પહેલાં ગઢમાં પૂર્વ દ્વારે વૈમાનિક દ્વારપાળ હોય છે–દક્ષિણદ્વારે વ્યંતર–પશ્ચિમ દ્વારે જ્યોતિષ્ક અને ઉત્તર દ્વારે ભુવન પતિ દ્વારપાળ હોય છે કે જ્યાં માત્ર રથ–વાહન આદિ જ રખાય છે.

બીજા ગઢમાં પૂર્વે–જયા, દક્ષિણે–વિજયા, પશ્ચિમે–અજીતા, ઉત્તરે–અપરાજિતા એવી ૨–૨ દેવીઓ દ્વારપાળ હોય છે. અને ત્યાં પશુ પક્ષી આદિ તિર્યંચો વાણી સાંભળે છે.

ત્રીજા (સૌથી ઉપરના) ગઢમાં બાર પર્ષદા વાણી શ્રવણ કરવા બેસે છે.

સમવસરણ મધ્યે ભગવંતની ઊંચાઈથી બાર ગણું ઊંચુ ચૈત્યવૃક્ષ હોય, વૃક્ષ નીચે ભગવંતને બેસવાની રત્નમયી પીઠ હોય છે ઉપર ત્રણ છત્રો હોય આજુબાજુ ચામર વીંઝાતી હોય છે. સમીપમાં રત્નનો ધર્મ ધ્વજ હોય છે. આવા પ્રકારે સમવસરણના અતિશયને વર્ણવે છે.

—માટે અરિહંતને નમસ્કાર કર્યા—

રશિયાના મુર્ધન્ય લેખક ટોલ્સટોયને માણસની જરૂર પડી. તેણે જે ઉમેદવાર પસંદ કર્યો તેની પાસે કોઈ જ ભલામણ ચિઠ્ઠી ન હતી. ટોલ્સટોયના પરમ મિત્રે ફરિયાદ કરી કે જેની પાસે કોઈજ ભલામણ ચિઠ્ઠી કે પ્રમાણપત્ર ન હતું તેમને તમે પસંદ કર્યો?

ટોલ્સટોય કહે હા!

તે ઉમેદવાર પોતે જીવતું જાગતું પ્રમાણપત્ર હતો. તેની વાણીમાં વિવેક હતો, વસ્ત્રોમાં સ્વચ્છતા અને સાદાઈ હતી. પ્રત્યુત્તરમાં આત્મ વિશ્વાસ હતો, વર્તનમાં સચ્ચાઇનો આવિર્ભાવ હતો માટે તેને કોઈ જ પ્રમાણપત્રની જરૂર ન હતી.

અમે પણ અરિહંતને દેવ તરીકે આરાધવા કહ્યું તેનું કારણ આ જ છે. તેમના અતિશયો એ જ જીવતાં જાગતાં પ્રમાણપત્રો છે.

**ચાર અતિશય મૂલથી,**
**ઓગણીસ દેવના કીધ**
**કર્મ ખપ્યાથી અગિયાર,**
**ચોત્રીશ એમ અતિશયા સમવાયાંગે પ્રસિદ્ધ**

સિદ્ધચક્ર યંત્રને યાદ કરો. બરાબર મધ્યમાં એટલે કે કેન્દ્રમાં અરિહંત બિરાજમાન કર્યા છે અને ચાર દિશા તથા ચાર વિદિશામાં બીજા આઠ પદ ગોઠવાયા છે. આ આઠે પદમાં વચ્ચે રહેલા અરિહંત પરમાત્માનો સુંદર સંબંધ જોડવાનો છે.

જેમકે—મંત્ર સિદ્ધ, તંત્ર સિદ્ધ ઘણાં હોય પણ આપણે તો અરિહંતના માર્ગને અનુસરીને આઠ કર્મક્ષય કરી મોક્ષને પામેલા સિદ્ધોને જ નમસ્કાર કરવાનો છે. મતલબ કે नमो सिद्धाणं પદ સાચું પણ આગળ अरिहंत હોય તો—એટલે કે नमो अरिहंत सिद्धाणं—અરિહંત પદની અનુવૃત્તિ આ રીતે આઠે પદમાં સમજવાની છે.

એ રીતે વ્યાકરણાચાર્ય, ન્યાયાચાર્ય, વેદાન્તા ચાર્ય એવા બધાંને નમસ્કાર નથી કરવાનો પણ અરિહંતના શાસનમાં કહેલા પંચ—આચાર પાળે—સૂત્રાર્થ જાણે તેને માટે नमो आयरियाणं મુકયું.

ઉપાધ્યાયમાં પણ ગમે તે શિક્ષકને નમસ્કાર નથી કર્યો પણ અરિહંત પ્રરૂપિત દ્વાદશાંગીના ધારક અને અધ્યાપક એવા માટે नमो उवज्झायाणं કહ્યું છે.

સાધુ એટલે જોગી-ફકીર-સંન્યાસી એમ ગમે તે અર્થ નહીં લેતા કેવળ મોક્ષમાર્ગને સાધતા એવા અરિહંતના શાસનના હાર્દને પામેલા માટે નમસ્કાર કહ્યો છે.

આથી જ સર્વ પ્રથમ આરાધના અરિહંતપદની કરવાનું કહ્યું.

આવા અરિહંતની સ્તુતિ કરતી મયણા સુંદરી અને ઊંબરરાણા એકાગ્ર ચિત્ત બન્યા ત્યારે ઋષભદેવ સ્વામીના કંઠમાંથી પુષ્પમાળા અને હાથમાંથી બીજોરુ ઉછળ્યા. મયણાસુંદરીના કહેવાથી ઉંબર રાણાએ બીજોરુ ગ્રહણ કર્યું. મયણાએ પોતે માળા લીધી. પછી બોલી કે હે સ્વામી! હવે આપનો દેહ રોગ અવશ્ય શાંત થશે એવા આ શુભ શુકન થયા છે.

**"રોગ નિવારણ થાય છે કે નહીં-અને-થાય તો કઇ રીતે" તે અગ્રે વર્તમાન.**

આજે અરિહંત પદની આરાધના છે તે માત્ર આજ પૂરતી નથી પણ કાયમી કરવાની છે. "અરિહંત અરિહંત" શબ્દનું રટણ થઈ જાય ત્યારે પદની આરાધનાનું ધ્યેય સાર્થક બને.

શ્રીમતીને ફૂલમાળા લાવવા કહ્યું. પોતાનું ઘર છે. પતિ પણ પોતાનો છે. ઓરડામાંથી માળા લાવવાની છે તે માળા પણ પોતાના હાથે મૂકી છે છતાં "નમો અરિહંતાણં" બોલવાનું કામ શું? કારણ કે **અરિહંત જ એક રટણ** છે. માટે સર્પ મીટી ફૂલમાળા બની ગઇ.-

**સિદ્ધ પદની આરાધના કઈ રીતે દર્શાવે તે અગ્રે વર્તમાન.**

□

# (૨) સિદ્ધપદ

पनरसभेयपसिद्धे सिद्धे घणकम्मबंधण विमुक्के
सिद्धाणंत चउक्के झायह तम्मयमणा सययं

શ્રીમાન્ રત્ન શેખર સૂરિજી મહારાજા શ્રીપાલ ચરિત્રની રચના કરતાં જણાવે કે શાસ્ત્રકારો ચાર પ્રકારે ધર્મ કહે છે. દાન–શીલ–તપ–ભાવ. પરંતુ ચારેમાં પ્રધાનતા ભાવ ધર્મની જણાવી છે.

આ ભાવ વિશુદ્ધિ થાય કયારે?

—મનનો નિગ્રહ કરવામાં આવે તો—

મનો નિગ્રહ માટે આલંબન શું?

—આલંબન નવપદ કે સિદ્ધ ચક્રનું—

० **પ્રશ્ન– "સિદ્ધ ચક્ર"** એવો શબ્દ કેમ મુક્યો?

નવે પદની આરાધના કરવાનું અંતિમ ધ્યેય તો સિદ્ધ પદની પ્રાપ્તિ જ છે. આખા ચક્રમાં તમે નજર કરશો તો ટોચ ઉપર સિદ્ધ ભગવંતનું સ્થાન દેખાશે. વળી લોકમાં પણ સૌથી ઉપર સિદ્ધો જ રહેલા છે. માટે અહીં સિદ્ધ ચક્ર શબ્દ મુકેલ છે. તે આરાધનાનું ધ્યેય અને જે સ્થાને સાદિ અનંત સ્થિતિ પ્રાપ્ત કરી પહોંચવાનું છે. તેના લક્ષ્યને સૂચવે છે.

જો કે તમારૂં વર્તમાનકાળે ધ્યેય શું તેમ કોઈ પૂછે તો શું કહેશો?

સાહેબ! બધી વાત સાચી પણ ઊંબર રાણાનો કોઢ મટી ગયો કે નહીં તે વાત આગળ ચલાવો ને. તમારું ધ્યેય જ કથા સાંભળવી તે છે.

અહીં મયણા સુંદરી ઉંબર રાણાને લઈને મુનિચંદ્ર–ગુરુ પાસે જાય છે. ભક્તિ પૂર્વક ગુરુવંદન કરે છે. ધર્મદેશના બાદ પરિચિત એવી મયણા સુંદરી પૂછે છે કે હે ભગવન્! કોઈપણ ઉપાયથી મારા પતિના કોઢ રોગનું નિવારણ દર્શાવી મને લોકાપવાદથી મુક્ત કરો તથા જૈન-ધર્મની નિંદા અટકાવો.

ગુરુ મહારાજ જણાવે છે કે હે ભદ્રે! સાધુને ચિકિત્સા, મંત્ર, તંત્રાદિ સાવદ્ય પ્રવૃત્તિ કહેવાનો આચાર નથી પણ હું તને નિરવદ્ય એવા નવપદ આરાધનાનો વિધિ જણાવું છું.

अरिहं सिद्धायरिया उज्झाया साहूणो य सम्मत्तं
नाणं चरणं च तवो इअ पयनवगं परमतत्तं

આ નવપદ સિવાય કોઈ પરમતત્વ નથી. સકલ જિન શાસનનો સાર આ નવપદ છે. જે જીવો સિદ્ધ થઈ ગયા, જે જીવો વર્તમાન કાળે સિદ્ધ થાય છે, જે જીવો ભવિષ્યમાં સિદ્ધ થશે તે સર્વે નવપદ ધ્યાનથી જ સિદ્ધ થાય છે.

અરે! તેમાંનું એક પદ પણ પરમભક્તિ પૂર્વક આરાધતાં ત્રણ ભુવનનું સ્વામિત્વ પ્રાપ્ત થાય છે. પણ શ્રદ્ધા નવેપદની હોવી જરૂરી છે. એ રીતે નવપદ આરાધનનો વિસ્તૃત મહિમા જણાવી ગુરુ ભગવંત મયણા સુંદરીને તેની વિધિ જણાવે છે—

**આસો ચૈત્ર સુદી સાતમથી માંડી શુભ મંડાણજી.**
**નવનિધિ દાયક નવ નવ આંબિલ, એમ એકાશી પ્રમાણજી.**

આસો સુદી સાતમથી આયંબિલ પૂર્વક શાશ્વતી ઓળીની આરાધના કરી નવ ઓળી પૂર્ણ કરવી.

રોજ સિદ્ધચક્રની અષ્ટપ્રકારી પૂજા કરવી, નવમે દિવસે વિસ્તારથી પૂજા કરી (સ્નાત્રાદિ મહોત્સવ કે મહા પૂજાપૂર્વક) આ તપ પૂર્ણ કરવો. મનમાં નવપદ ધ્યાન ધરવું.

ગુરુ ભગવંતના ઉપદેશ અને મયણા સુંદરીના વચનથી ઊંબર રાણાએ તપ-ધ્યાનનો આરંભ કર્યો. શરીર તથા અંતઃકરણની શુદ્ધિ પૂવર્ક જિનગૃહે જઈ જિનપૂજા કરી, પછી સિદ્ધચક્રની વિધિ પૂર્વક પૂજા કરી, ગુરુ ભગવંત પાસે આયંબિલનું પચ્ચક્ખાણ કર્યું.

ઓળીના બીજે જ દિવસે રોગની ઉપશાંતિ થઈ ગઈ. દિવસે દિવસે ઉંબર રાણાનો રોગ ઘટતો ગયો અને ભાવ વૃદ્ધિ થતી ગઈ. નવમે દિવસે વિસ્તારથી પૂજા કરી સ્નાત્ર જળનું શરીરે વિલેપન કરતાં કુમારનું અદ્ભુત અને દિવ્ય એવું શરીર પ્રગટ થયું.

સિદ્ધચક્ર યંત્રનું સ્મરણ કરો. તેમાં પણ તમને તપ પદ અને સિદ્ધ પદ બાજુ બાજુમાં રહેલા જણાશે. ત્યાં સુંદર પ્રયોજનથી પદોની ગોઠવણી થઇ છે. તપસા નિર્જરા–તપથી કર્મોની નિર્જરા થાય છે. રોગ મટવો એ તો સામાન્ય કે અનંતર ફળ છે પણ તપસ્યાથી સર્વ કર્મ નિર્જરી જાય (ક્ષય થાય) ત્યારે સિદ્ધ પણાની પ્રાપ્તિ થાય છે. માટે જ તપ પછી સિદ્ધ પદ યંત્રમાં ગોઠવીને કાર્ય–કારણ સંબંધ દર્શાવ્યો છે.

આજે સિદ્ધ પદની આરાધના પણ સિદ્ધપણું પ્રાપ્ત કરવા માટે જ છે ને? પણ તે **સિદ્ધ ભગવંત કેવા છે?**

**અજ અવિનાશી અકળ અજરામર, કેવલ દંશણ નાણીજી**
**અવ્યાબાધ અનંતુ વિરજ, સિદ્ધ પ્રણમો ભવિ પ્રાણી**
**ભવિયણ ભજીયેજી –**

સિદ્ધ પરમાત્માની ઓળખ આપતાં પૂજ્ય રત્ન શેખર સૂરિજી પણ જણાવે છે કે જેઓ પંદર ભેદથી પ્રસિદ્ધ છે, કર્મના ગાઢ બંધનથી મુક્ત થયેલા છે, અનંત જ્ઞાન–અનંતદર્શન–અનંતચારિત્ર–અનંતવીર્ય એવા અનંત ચતુષ્ટયના ધારક સિદ્ધ ભગવંતોનું તન્મય ચિત્તથી ધ્યાન ધરવું જોઈએ.

શ્રીપાલ ચરિત્રમાં પણ મહત્ત્વ નવપદ આરાધનાનું છે કથાનું નહીં. જેમ છોકરાના લગ્ન કરવા નીકળ્યા હો તેમાં બસ કે મોટરો લીધી હોય, એક ગામથી બીજે ગામ જવા માટે વચ્ચે ભાથાંની વ્યવસ્થા હોય, સાથે બેન્ડ વાજાં અને ચોકીદાર પણ હોય, માણસો ભેગા થઇને નવા નવા ભોજન પણ કરે છતાં ધ્યેય શું?

કન્યા લાવવી તે. આખી જાનમાં ગમે તે એકાદ વસ્તુ ખુટે તે વાંધો નહીં પણ કન્યારૂપ તત્ત્વ જ ભૂલી જાઓ તો જાનની કિંમત શી?

અહીં પણ સિદ્ધ પદનું ધ્યાન ધરવા જણાવે છે તે જ શ્રીપાલ ચરિત્ર સાંભળવાનું મુખ્ય ધ્યેય રૂપ છે. સિદ્ધને નમવાનું કારણ શું?

૦ પુદ્ગલની સતામાંથી જીવાત્માને સદા ને માટે દૂર રાખવાની સત્તા કોની

– માત્ર સિદ્ધોની –

૦ નિગોદના અનંતા દુઃખમાંથી છોડાવી બહાર લાવનાર કોણ?

– સિદ્ધ ભગવંત – [ એક જીવ સિદ્ધ થાય ત્યારે એક જીવ નિગોદમાંથી છુટે ]

૦ જન્મ–જરા–મરણ વગેરે માંથી છુટી એક શાશ્વત સ્થળે કાયમી રજિસ્ટ્રેશન મેળવવાની જો કોઈ ઓફિસ હોય તો

– એક માત્ર સિદ્ધ ભગવંતની ઓફિસ –

૦ કાળને પણ ખાઈ જનાર કોણ?

– માત્ર સિદ્ધો –

જેમ કોઈ સ્ત્રી વિધવા બને તો તે વખતે કેટલો આઘાત લાગે? પણ કાળ સર્વ ભક્ષી છે. જેમ જેમ દિવસો જાય તેમ તેમ તે દુઃખ ભૂલાતું જાય. અને કોઈને ખૂબ જ સુખનો અનુભવ થયો હોય તો પણ બે દિવસ યાદ રહે પછી સમય જતાં સુખનો સ્વાદ ઘટતો જાય.

પણ સિદ્ધોના સુખ–જ્ઞાન–દર્શન વગેરેમાં કાળનું જોર ન ચાલે. કારણ કે તે શાશ્વત છે.

આવા સિદ્ધ ભગવંતોને બીજા પદમાં નમસ્કાર કરવા જણાવ્યું

## નમો સિદ્ધાણં

નવપદના આરાધનથી રોગ મુક્ત બનેલો કુમાર અધિકાધિક ધર્મારાધના કરી રહ્યો છે. ત્યારે એક વખત કોઇ પ્રૌઢ નારીને જોઈને રોમાંચિત થયેલા કુમારે પ્રણામ કર્યા. બોલ્યો કે ખરેખર આશ્ચર્ય છે કે મને માતુશ્રીના દર્શન થયા. મયણાએ પણ પોતાના ભર્તારની માતા છે તેમ જાણી નમસ્કાર કર્યા. શ્રીપાલે મયણાની ઓળખ આપી.

માતા કમલ પ્રભાએ જણાવ્યું કે મુનિવરના વચનથી તારો વૃતાંત જાણી હું અત્રે આવી છું. ત્યાર પછી માતા–પુત્ર અને પુત્રવધૂ ત્રણે દેવાધિદેવને નમસ્કાર કરી, ગુરુને વંદન કરી સમ્યગ્ પ્રકારે ધર્મ–આરાધના કરી રહ્યા છે.

એક વખત મયણા શ્રીપાલ અને માતા કમલ પ્રભા ત્રણે, જિનમંદિરમાં અંગપૂજા અગ્રપૂજા કરી ભાવપૂજા કરતાં બેઠા છે, તે સમયે પુત્રીના દુઃખથી રોષાયમાન બની, પ્રજાપાલ રાજા પાસેથી પોતાના ભાઈ

પુન્યપાલ રાજાને ત્યાં આવીને રહેલી રૂપસુંદરીએ જિન મંદિરે આવી પોતાની પુત્રીને જોઈ.

દિવ્યાકૃતિ વાળા પુરુષ સાથે મયણાને જોતાં રૂપસુંદરીને આઘાત લાગ્યો. મારી પુત્રી એ આવું અકાર્ય કર્યું. કોઢીયાને છોડીને બીજા કોઈ પુરુષ પાછળ પડી. કુળને કલંકીત કર્યું.

તેના વચનને સાંભળી મયણા સુંદરીનું ધ્યાન ખેંચાયુ. પોતાની માતા રૂપસુંદરી છે તેમ જાણી હાથ વડે ઇશારો કર્યો, ચૈત્યવંદન પૂર્ણ કરી બહાર વાત કરીશું. જિનમંદિરમાં સંસારની વાત કરતા નિસીહી ભંગ થાય.

તમે પણ રોજ દહેરાસરજીમાં દર્શન–પૂજા કરવા જાઓ છો ને? વિચાર્યું છે કદી કે નિસીહી કોને કહેવાય?

અરે! જેમના દર્શન કરો છો તે મૂર્તિનો આકાર બે જ પ્રકારે કેમ છે તે વિચાર પણ ક્યારેય આવે છે?

આજની આપણી આરાધના છે "સિદ્ધપદ" કોઇપણ જીન સિદ્ધ થાય એટલે કે મોક્ષ પામે ત્યારે અતિત–અનાગત કે વર્તમાનકાળના કે કોઇપણ ક્ષેત્રમાં રહેલાં તીર્થંકર બે જ આકારે મોક્ષમાં જાય.

કાં તો તે પદ્માસને બેઠા હોય અથવા તે કાયોત્સર્ગમાં હોય. તીર્થંકર મોક્ષે જાય ત્યારે શરીરનો ત્રીજો આકાર હોઈ શકે જ નહીં. માટે જેમના દર્શન કરો છો તે મૂર્તિનો પણ ત્રીજો આકાર હોઈ શકે નહીં.

– કારણ કે મૂર્તિ એ સિદ્ધપણાની સ્થાપના દર્શાવે છે. નહીં તો સમવસરણ એ તો આપણું મહત્ત્વનું અંગ છે. પ્રભુ જ્યારે પણ દેશના દેવા બેસે ત્યારે એક પગ પાદપીઠ પર સ્થાપીને બેસે છે, છતાં તે આકારની મૂર્તિ ન રાખતા બે આકાર જ રાખ્યા તેનું કારણ માત્ર એ જ કે અરહિંતપણામાં પણ ધ્યેય તો સિદ્ધ દશાનું જ છે. માટે જ બીજા પદમાં સિદ્ધ ભગવંત એવા નિરંજન–નિરાકાર દેવ તત્ત્વની આરાધના ગોઠવી છે.

કોઈપણ પદની આરાધનાનું અંતિમ લક્ષ્ય તો સિદ્ધત્વ પ્રાપ્તિ જ છે. માટે કહીએ છીએ – નમો સિદ્ધાણં –

**નિર્મળ સિદ્ધ શિલાની ઉપરે જોયણ એક લોગંત**
**સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની તે સિદ્ધ પ્રણમો સંતરે**
**– ભવિકા –**

કર્મમલથી મુક્ત થયેલા એવા સિદ્ધ ભગવંતો સિદ્ધ શિલા પર એક યોજન ઊંચે લોકના અગ્ર ભાગે રહેલા હોય છે.

## તે સિદ્ધ શિલા કેવી હોય ?

આ સિદ્ધ શિલા સર્વાર્થ સિદ્ધ વિમાન કરતાં બાર યોજન ઊંચી રહેલી છે. તે ૪૫ લાખ યોજન લાંબી–પહોળી છે. વચ્ચે આઠ યોજન જાડી છે. છેડે માખીની પાંખ સરખી પાતળી, સ્ફટિક જેવી નિર્મળ શ્વેત સોનાના વર્ણવાળી, ઉજ્જવળ હોય છે. ત્યાં સિદ્ધોના જીવો વાસ કરે છે.

૪૫ લાખ યોજન પણ સુંદર વૈજ્ઞાનિક રીતે ગોઠવાયેલા છે. અઢી દ્વિપની વસ્તિમાંથી કોઈપણ મનુષ્ય સિદ્ધ થાય તે સમશ્રેણીએ ઉપર જાય છે.

હવે અઢી દ્વિપમાં મધ્યમાં જંબુદ્વિપ છે એક લાખ યોજન, લવણ સમુદ્ર બંને તરફ બે–બે લાખ યોજન, ધાતકી ખંડ બંને તરફ ચાર–ચાર લાખ યોજન, કાલોદધી સમુદ્ર બંને તરફ આઠ–આઠ લાખ યોજન, અર્ધ પુષ્કર વર દ્વિપ બંને તરફ આઠ–આઠ લાખ યોજન એટલે કે ૮ + ૮ + ૪ + ૨ + ૧ + ૨ + ૪ + ૮ + ૮ = કુલ ૪૫ લાખ યોજન થયા.

માનવ વસ્તિ આ ૪૫ લાખ યોજનની બહાર હોય જ નહીં તેથી ૪૫ લાખ યોજનમાં કોઈપણ જીવ સિદ્ધ થાય તે સીધો ઉપર સિદ્ધ શિલામાં ગોઠવાય જાય.

**પ્રશ્ન :–** કોઈપણ જીવ સિદ્ધ થાય ક્યારે ?

–૦– સઘળાં કર્મોથી મુક્ત થાય ત્યારે –૦–

**પુનપ્રશ્ન :–** તો પછી नमो सिद्धाणं કેમ કહ્યું ? नमो मुत्ताणं કહેવું જોઈએ ને ?

ના કહેવાય. કર્મ ક્ષયને મોક્ષ ન ગણતાં કર્મનો વિયોગ કે અભાવ થવો તેને મોક્ષનું લક્ષણ ગણ્યું છે. કર્મનો ક્ષય તો થાય અને બંધાય

પણ ખરા. જો વિયોગ થાય એટલે કે સંપૂર્ણ કર્મ બીજ બળી જતા કર્મ અભાવ થાય ત્યારે તેને સિદ્ધિ ગણી છે.

**કર્મના અભાવનું મહત્ત્વ શું ?**

નાગિલ અને નાગશ્રી નામે એક દંપતી હતા તેને છ પુત્રી ઉપર એક સાતમી પુત્રી અવતરી. એક તરફ ગરીબી અને દુઃખનો પાર નથી બીજી તરફ સાત–સાત દીકરીઓ થઈ એટલે આ સાતમી તરફ સંપૂર્ણ અભાવ થયો. કોઈ તેનું નામ પાડવા પણ તૈયાર નહીં "નિર્નામિકા" તરીકે જ લોકમાં પ્રસિદ્ધ થઈ.

લોકોના હલકાં કામો કરી જીવન વિતાવે છે. પુરતું ખાવા–પીવા પણ મળતું નથી. છતાં એક વખત લાડવા ખાવાની ઈચ્છા થઈ. માએ ધકેલી લાકડાં લેવા. જા પર્વત પર જઈ લાકડાં લઈ આવ તો લાડવા ખવાય. માતાના વારંવારના મહેણાંથી અતિ દુઃખી થયેલી નિર્નામિકાએ પર્વત પર જ્યારે મુનિને જોયા ત્યારે તેની દેશના સાંભળતી ઉભી.

યુગમંધર મુનિની દેશના પુરી થયા બાદ નિર્નામિકાએ પ્રશ્ન કર્યો કે આ જગતમાં મારાથી વધુ દુઃખી કોણ હશે ?

મુનિ ભગવંતે કહ્યું કે હે બાલિકા તેં દુઃખ ભોગવ્યું છે જ ક્યાં ?

**નરક ગતિ**માં જીવોને છેદન–ભેદન પીલણના દુઃખો જે છે, અરે ! ઝાડ નીચે જ્યાં છાયો લેવા જાય ત્યાં અસિપત્ર પડે ને શરીર ને છેદતું જાય, નદીમાં પાણી પી તરસ છીપાવવા જાય ત્યાં ધગધગતું પાણી પીવું પડે, કરવતોથી કપાવું પડે, પરમાધામી દ્વારા વસ્ત્રની પેઠે શીલા પર અફળાવું પડે આવા તો અનેક દુઃખો નારકીમાં ૧૦૦૦૦ વર્ષથી માંડીને ૩૩ સાગરોપમ સુધી ભોગવ્યા.

**તીર્યંચગતિ**માં જળચરો એકબીજાનું ભક્ષણ કરી જાય, સ્થળ-ચરને સિંહાદિ મોટા પશુનો ભય સતત રહે. સામાન્ય પશુઓને પણ ટાઢ–તરસ–ભૂખ–ગરમી–ભાર વહન કરવાનું દુઃખ

**ઊંટ થઇને બોજા ઉચકશોરે ચરશો વળી કાંટાને કંથાર**
**હાથને હડસેલે ઘર ભેગા થશો ઉપર પડશે પાડુના પ્રહાર**

**મનુષ્યોને પણ** – આંધળા–બહેરાપણું રોગાદિ દુઃખો હોય છે.

પણ હે બાલિકા, તારે આમાંનું કોઇ દુઃખ નથી.

માનવીને અચાનક કેવું દુઃખ આવી પડે છે તેનો એક પ્રસંગ ૧૮૪૦ ના મહાસુદ ૧૦ બનેલો.

અમરેલીમાં લાઠી નામે ગામ હતું. ત્યાંના કુંવર દાજીભાના વિવાહ મંડાયા. કસુંબાના ઘુંટડા ભરાઈ રહ્યા છે–આખો ડાયરો વેલડું આવવાની વાટ જોઇને બેઠો છે.

દાજીભાએ પોતે પણ દસે આંગળીએ વેઢ પેર્યા છે, પીઠી ચોડી છે. સોનેરી સાફો બાંધ્યો છે, મોં માથે રાજતેજ ઝગારા કરે છે.

સામે પક્ષે વાલીબા પણ ખાંડા સાથે ત્રણ ફેરા ફરી, ચોથો ફેરો ફરવા અને જીવતર ઉજાળવા વેલડામાં બેસી ઘેરથી નીકળ્યા છે.

સમય સાધી લાખા ચાવડાએ પચીસ ભેરુ બંધ સાથે નીકળી લાઠી પર ઘોડે ચડી પુગ્યો અને ગાયોનું ધણ વાળી હાલી નીકળો.

જ્યાં ડેલે સમાચાર પુગ્યા કે દાજીભા ઘોડે છલાંગ મારી વાંહોવાહ જાય દીધે. લાખા ચાવડાએ જોયું કે આ તો કુંવર આવી રીયા છે. તરત બધાં ભેરુબંધોને રોકી દીધાં.

કુંવરને કહ્યું તમે મીંઢોળ બંધા છો. તમારી માથે ઘા ન થાય. કુંવરે મીંઢોળનો તોડીને ઘા કર્યો. પાંચને તો ઢાળી દીધા પણ અચાનક કોઇની બરછી વાગી ને કુંવર ત્યાંજ પોઢી ગયા.

વાલીબાનો ચોથો ફેરો અધુરો રહ્યો. જીવતરનો લહાવો લેતા પહેલાજ વિધવા થઇ ગયા.

પણ કર્મનો સર્વથા અભાવ થયા પછી આવું કોઈ દુઃખ આવે ખરું ? સિદ્ધોને કાયમ માટે સુખ–સુખને સુખ જ હોય તેના સુખની સ્થિતિ સાદિ–અનંત છે. અટલે કદી ઘટવાનું છે જ નહીં-

સિદ્ધોને આત્માનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું છે. કાયાની માયા કે દસ્ચ્યાનગિરિ સર્વથા ચાલી ગઈ છે. તેથી જન્મ મરણ કે રોગ–વૃદ્ધત્વનો પણ ભય નથી.

તાત્ત્વિક ભાષામાં કહીએ તો અનંત જ્ઞાન–અનંતદર્શન–અનંતચારિત્ર–અનંતવીર્ય એ ચાર ગુણો તેમજ અવ્યાબાધ સુખ, અગુરુ–લઘુ પણું, અક્ષયસ્થિતિ, અરૂપી પણું એવા આઠ ગુણો પ્રાપ્ત થાય છે.

૦ જ્ઞાનાવરણીયનો સર્વથા ક્ષય થતા કેવળ જ્ઞાન થાય અને સર્વ લોકાલોકનું સ્વરૂપ જાણે.

૦ દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થતા કેવળ દર્શન પ્રાપ્ત થાતા લોકાલોક સ્વરૂપને જુએ છે.

૦ મોહનીય કર્મના ક્ષયથી ક્ષાયિક સમક્તિ અને યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થતાં સદા આત્મ સ્વભાવમાં સ્થિર થવાય છે.

૦ અંતરાય કર્મનો ક્ષય થતા અનંત વીર્ય ગુણ ઉત્પન્ન થાય છે. દાન–લાભ–ભોગ–ઉપભોગ–વીર્ય પાંચે અંતરાયનો છેદ થાય છે.

૦ વેદનીયકર્મના ક્ષયથી સર્વપ્રકારની પીડા રહિત એવું અવ્યાબાધ સુખ મળે છે.

૦ આયુષ્ય કર્મનો ક્ષય થતાં અક્ષય સ્થિતિ પ્રાપ્ત થાય છે.

૦ નામ કર્મનો ક્ષય થતાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત થતા અરૂપીપણું પ્રાપ્ત થાય છે કારણ કે શરીર હોતું જ નથી.

૦ ગોત્ર કર્મનો ક્ષય થતાં અગુરુલઘુપણું ગુણ પ્રગટે છે. તેથી સિદ્ધોમાં મોટો–નાનો હલકો–ભારે એવો વ્યવહાર થતો નથી.

આવા સિદ્ધપણાને પામવા માટે નવપદજીનું આરાધન કરવું જોઇએ. શ્રીપાલને પણ નવપદ આરાધન થકી રોગનાશ પામ્યો અને સુંદર–નિર્મલ કાયા પ્રગટ થઈ.

મયણા સુંદરીની માતા રૂપસુંદરી ને જિનાલય બહાર નીકળી સર્વ વૃત્તાંત જણાવે છે. શ્રીપાલની માતા કમલપ્રભા પણ પોતાની કથની કહે છે.

ચંપાનગરી હતી. ત્યાં સિંહરથ નામે રાજા હતા. તેને કમલપ્રભા નામે રાણી હતી, તેને શ્રીપાલ નામે એક પુત્રનો જન્મ થયો. બે વર્ષનો એ બાળક થયો ત્યારે સિંહરથ રાજા મૃત્યુ પામ્યા. બાળકને રાજા પણે સ્થાપી મતિસાગર મંત્રી રાજ્ય વ્યવસ્થા સંભાળી. થોડા દિવસો બાદ બાળકના કાકા અજિતસેને રાજ્ય પડાવી લેવા યુક્તિ રચી તે જાણી મતિસાગર મંત્રીની સલાહથી કમલપ્રભા રાણી બાળકને લઇને રાજ્ય બહાર નીકળી ગઈ.

ખેદ કરતી–રડતી કમલપ્રભાએ રાત્રિ પસાર કરી પ્રભાતે કોઢીયાનુ ટોળું જોયું. કુષ્ટિના ટોળાના મનુષ્યોએ અનુકંપાથી પૂછ્યું ? તમે કેમ રડો છો ? કેમ ભયભીત છો ? ત્યારે કમલપ્રભાએ પોતાનો સર્વ વૃતાન્ત જણાવ્યો. કોઢિયાઓએ તેને પોતાની બહેન જેવી માની આશ્વાસન આપ્યું. ખચ્ચર પર બેસાડી. તે રાણીએ પણ વસ્ત્ર વડે શરીરને આચ્છાદિત કર્યું સુખેથી બાળકની સાથે ટોળા સાથે ચાલી. કોઢીયાના ભયે અજિતસેન રાજાના સૈનિકો પણ ચાલ્યા ગયા. રાણી સુખપૂર્વક ઉજ્જૈની નગરી પહોંચી ગયા. ક્રમશઃ યૌવનને પ્રાપ્ત થતાં સાથે તે બાળકને કોઢનો રોગ લાગી ગયો.

રોગના નિવારણ માટે રાણી કૌશામ્બીના વૈદ્યપાસે ગયા. પણ મુનિના વચનથી કોઢનાં રોગથી તે બાળક મુક્ત થયો જાણ્યું. તે બાળક આ શ્રીપાલ અને હું કમલપ્રભા પોતે તેમજ આ તમારી પુત્રી. જેની દેવ–ગુરુ–ધર્મની નિશ્ચલ શ્રદ્ધા અને નવપદ આરાધના થકી. મારો પુત્ર રોગ રહિત બન્યો.

આ કથન સાંભળી ખુશ થયેલી રૂપસુંદરી પોતાના ભાઈને ત્યાં બધાને લઈ ગઈ. ત્યાં ગવાક્ષે બેઠેલા મયણા તથા શ્રીપાલને એકદા પ્રજાપાલ રાજાએ જોયા. પ્રજાપાલ રાજાના મનમાં શો વિચાર આવ્યો તે કઈ રીતે જણાવશે–**અગ્રે વર્તમાન**

નવપદમાં પ્રથમ દિવસે અરિહંતપદ બીજે દિવસે સિદ્ધપદ થકી દેવતત્ત્વના બે ભેદ જોયાં ગુરુતત્વના ત્રણ ભેદ કઈ રીતે દર્શાવે તે **અગ્રે વર્તમાન.**

છતાં એક વાત ખાસ લક્ષમાં રાખવી કે કોઈપણ પદની આરાધના થકી પ્રાપ્ત શું કરવાનું ?

**સિદ્ધ પણું**–માટે બોલો **નમો સિદ્ધાણં**–

□

# (૩) આચાર્ય પદ

पञ्चायारपवित्ते विसुद्ध सिद्धंत देसणुज्जुते
परउवयारि क्कपरे, निच्चं झाएह सूरिवरे

શાસ્ત્રકાર મહારાજા શ્રીપાલ ચરિત્રની રચના કરતા જણાવે છે કે તત્ત્વ રસિકો નવપદ આરાધનાને જ મહત્વ આપે છે અને કથા રસિકોને ને દેવતાઈ ઋદ્ધિ કે ચમત્કારોમાં જ રસ હોય છે. પણ ચરિત્ર રચનાનો હેતુ તો નવપદ આરાધનાની શ્રેષ્ઠતા દર્શાવવાનો જ છે.

હિન્દી ભાષાના મહાન સાહિત્યકાર મહાવીર પ્રસાદ દ્વિવેદીના જીવનનો એક પ્રસંગ છે. એક વખત રસ્તાપર ટહેલતા તેને કોઈ બાળકના રડવાનો અવાજ આવ્યો જલ્દીથી ત્યાં જઈને જોયું તો બાળકને સાપ કરડેલો હતો. બાળક પીડાથી રડતો હતો. બાળક પાસે ઉભેલા કોઈ પણ માણસ બાળકને મદદ કરવા તૈયાર ન હતા.

દ્વિવેદીજી નજીક ગયા ત્યાં ટોળું બોલ્યું હં...હં...એ હરિજન છે. અડકતા નહી.

દ્વિવેદીજી તો પાસે બેસી ગયાં. પોતાની જનોઈ કાઢી બાળકના પગે બાંધી દીધી, ઝેરી લોહી કાઢી નાખ્યું. આ પ્રાથમિક ઉપચારથી બાળક ને રાહત થતાં દવાખાને લઈ ગયા.

સવર્ણોને ખબર પડતાં તેણે દ્વિવેદીજી પર માછલા ધોવામાં બાકી ન રાખ્યું. ત્યારે દ્વિવેદીજીએ એટલો જ જવાબ આપ્યો કે મરતા માનવી પ્રત્યે કરુણા ન રહે તો એ જનોઈ માત્ર દોરાથી વિશેષ શું છે?

જનોઈથી ધર્મની જાળવણી એ મુખ્ય ધ્યેય છે. એ રીતે અહીં કથા કે ચરિત્ર વડે નવપદ આરાધન એ મુખ્ય ધ્યેય છે.

પ્રથમ બે દિવસ દેવતત્વને જણાવ્યા બાદ હવે ત્રણ દિવસ ગુરુ તત્વ જણાવે છે આચાર્ય–ઉપાધ્યાય–સાધુ ત્રણે પદની આરાધના તે ગુરુ તત્વની આરાધના છે. આચાર્ય જૈન શાસનમાં વ્યવસ્થાપક રૂપે છે.

**પ્રશ્ન :-** શરીરધારી એવા અરિહંતદેવ અને નિરંજન–નિરાકાર સિદ્ધ દેવ ને સ્વીકાર્યા પછી ગુરુની જરૂર જ શું છે?

–૦– આખી અવસર્પિણી કે ઉત્સર્પિણીમાં અરિહંત દેવ માત્ર

ચોવીસ જ હોય, વધારે હોય જ નહીં. સર્વક્ષેત્ર અને સર્વ કાળમાં કંઈ ૨૪ દેવો પહોંચી શકવાના નથી.

તેથી જગતના ઉદ્ધાર માટે કે જીવોને માર્ગે ચઢાવવા પ્રતિનિધિ તો જોઈશેજ. આ પ્રતિનિધિઓ તે જ આચાર્ય.

એવા આચાર્યપદની આજે નવપદજીમાં ત્રીજે પદે આરાધના કરવાની છે. આ આરાધનાના પ્રભાવે સુખ–સંપદા પામેલા શ્રીપાલ તથા મયણાને ગોખમાં બેઠેલા જોઈ પ્રજાપાલ રાજા વિચારે કે મારી પુત્રીએ આ કેવું અકાર્ય કર્યું ? તેના મનમાં ઉદ્‌ભવેલા વિષાદને પુન્યપાલ રાજાએ સમગ્ર વૃતાંત જણાવી દૂર કર્યો.

મયણા તથા શ્રીપાલે પણ પ્રજાપાલ રાજાને પ્રણામ કર્યા. પ્રજાપાલ રાજાએ પણ મયણાસુંદરીની ક્ષમા માંગી. ધર્મના મર્મને પામેલી મયણાએ ત્યારે પણ એ જ કહ્યું કે હે પિતાજી; જગતમાં કોણ કોને સુખી કે દુઃખી કરી શકે છે? સૌ પોત–પોતાના કર્મોનું ફળ જ ભોગવે છે.

મયણાની ધર્મશ્રદ્ધા અને વાણીથી રાજા પ્રજાપાલે પણ જૈનધર્મ અંગીકાર કર્યો, પછી રાજા જમાઈશ્રીપાલ અને મયણા ત્રણે હાથી પર આરૂઢ થઈ સ્વગૃહે આવ્યા. જિનશાસનની પ્રભાવના થઈ.

પણ સારી **શાસન પ્રભાવના થાય ક્યારે ?**

–વ્યવસ્થાપક સારા હોય તો–

જૈન શાસનમાં વ્યવસ્થાપક કે શાસન ના ધોરી કોને કહ્યાં ?

– આચાર્યોને–

**પંચ આચાર જે સુધા પાળે મારગ ભાખે સાચો**
**તે આચાર જ નમિયે નેહશું પ્રેમ કરીને જાચોરે**

ભવિકા—

આચાર્યની ઓળખ આપતા શ્રીમાન રત્નશેખર સૂરિજી પણ કહી ગયા કે "જે પાંચ આચારો વડે પવિત્ર છે, નિર્મળ સિદ્ધાંતની દેશના આપવામાં ઉદ્યમી છે. પર ઉપકારમાં અદ્વિતીયપણે તત્પર છે" એવા **આચાર્ય**નું ધ્યાન ધરવું જોઈએ.

આચાર્યની વિશેષ ઓળખ આપતા કહે છે કે જેઓ પંચાચાર પાળે છે અને પળાવે છે, લોકો પર ધર્મ દેશના કે સૂત્રની ગુંથણી થકી અનુગ્રહ કરનારા છે, પ્રમાદ–વિકથાથી રહિત હોય, કષાયના ત્યાગી હોય, ધર્મોપદેશમાં સમર્થ હોય. સારણા–વારણા–ચોયણા–પડિચોયણા વડે નિરંતર ગચ્છની સંભાળ લેતા હોય તેવા આચાર્ય.

બોલો હવે તેને નમસ્કાર કરવાનો કે નહીં ?

આચાર્યોને તીર્થંકરના પ્રતિનિધિ કહ્યા છે. પ્રથમ પહોરે તીર્થંકર દેશના આપે. પછી બીજા પહોરે ગણધર દેશના આપે. ત્યાં તત્વ તો સમાન જ હોય. પણ પરમાત્મા પોતાની હાજરીમાં જ પ્રતિનિધિ સ્થાપે છે. ગણધરો દ્વાદશાંગી રચે કે તુરંત વાસ–ક્ષેપ કરી અનુમતિની સહી આપે છે. (ગણધરો) આચાર્યો પણ અરિહંત પ્રત્યે–તેના શાસન પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાવાળા જ હોય.

તમે જરા સિદ્ધચક્રના યંત્રને યાદ કરો. યંત્રમાં આચાર્યના સ્થાન પૂર્વે કયું પદ છે ?

– દર્શનપદ –

આ એક સુંદર સંબંધનું જોડાણ દર્શાવે છે. દર્શન એટલે શ્રદ્ધા.

"અરિહંતના માર્ગની પૂર્ણ શ્રદ્ધા હોવી." તે આચાર્ય પદવીની પૂર્વ શરત જણાવી દીધી. તીર્થંકર પરત્વે શુદ્ધ શ્રદ્ધા પૂર્વક–વફાદારીપૂર્વક જ વાણીની પ્રરૂપણા કરે.

**પ્રશ્નઃ**– આચાર્યો તીર્થંકરની જ વાણી પ્રતિનિધિ રૂપે રજૂ કરે તેનું કોઈ પ્રમાણ છે ?

–હા– જુઓ ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનની ગાથા.

चत्तारी परमंगाणी दुल्हाणीय जंतुणो
माणुसतं सुइ सद्धा संजमंमीय वीरयम्

વાત કેટલી સાદી છે. પ્રાણીને ચાર વસ્તુ દુલર્ભ કહી. (૧) મનુષ્યત્વ (૨) શ્રુતિ રાગ (૩) શ્રદ્ધા ઉત્પન્ન થવી (૪) સંયમ પૂર્વક વિરમણ.

'આવી ચાર સાદી વાત પણ પોતાના નામે ન રજૂ કરતાં આચાર્ય (સુધર્મા સ્વામીજી) શું કહે છે ?

હે જંબૂ! ભગવંતે આ પ્રમાણે કહ્યું છે.

ગણધર છે. દ્વાદશાંગીના રચયિતા છે. તો પણ નામ કોનું મૂક્યું ? ભગવાનનું.

આજ પ્રમાણપત્ર છે અમારી વાતનું કે આચાર્યો તીર્થંકરોના પ્રતિનિધિ છે.

જેમ રૂપિયાની નોટોમાં કાગળ બનાવનાર એક છે. શાહી બનાવનાર બીજા છે. છાપનાર ત્રીજા છે. છતાં મૂલ્ય કોનું ? ગવર્નર, રીઝર્વ બેંકનું.

જો સહી જ ન હોય તો નોટ ચાલે ખરી ?

આવા જ એક આચાર્ય શ્રીમાન રત્ન શેખર સૂરિજી મહારાજા શ્રીપાલ ચરિત્રમાં જણાવે છે કે મયણા સુંદરીના વચનથી જૈન ધર્મી બનેલા રાજા પ્રજાપાલ જ્યારે પોતાના રાજ્યમાં શ્રીપાલાદિ સાથે ગયા, રચવાડી એ નીકળેલા છે ત્યારે શ્રીપાલને જોઈને ગ્રામજનોને પ્રશ્ન થયો કે અહો આવો દિવ્ય–આકૃતિ પુરુષ કોણ છે ?

તુરંત કોઈ નાગરિકે જવાબ આપ્યો કે આ તો રાજાનો જમાઈ છે.

उत्तमाः स्वगुणैः ख्याताः मध्यमाश्च पितुर्गुणैः
अधमा मातुलैः ख्याताः श्वसुरेणाधमाधमाः

" પોતાના ગુણથી પ્રખ્યાત થવું તે ઉત્તમ છે, પિતાના ગુણથી ઓળખાવું તે મધ્યમ છે, મામાના નામે ઓળખાવું તે અધમ છે પણ સસરાના નામે ઓળખાતો અધમાધમ ગણાય છે. "

એમ વિચારી દેશાંતર જવાનું શ્રીપાલ નક્કી કરે છે. માતાને સમજાવે છે કે હું એકલો જ દેશાંતર જઈશ. જેથી મુક્તપણે ફરી શકું, મયણાને પણ કહે છે કે તું હંમેશા સાસુની (કમલપ્રભાની) સેવા કરજે.

મયણાએ શ્રીપાલની આજ્ઞા પ્રમાણ કરી. વિનંતી કરે છે કે હે સ્વામિનાથ ! નિત્ય એકાગ્ર મનથી નવપદનું સ્મરણ કરજો. હું પણ તમારા કલ્યાણ માટે નવપદ ધ્યાન ધરીશ. તમે માતાજીને યાદ કરજો. અને ક્યારેક આ દાસી (મયણા)ને પણ યાદ કરજો.

નિર્ભય પણે ફરતો તે શ્રીપાલ એકવખત પર્વતની નજીક વૃક્ષોની શ્રેણી જોઈ રહ્યો હતો ત્યાં એક સુંદર પુરુષને મંત્ર જાપ કરતો જોયો.

તે પુરુષને વિદ્યા સિદ્ધ થતી ન હતી ત્યારે કુમારની સહાયથી

એક જ રાત્રીમાં વિદ્યા સિદ્ધ થઈ ગઈ. તે પુરુષે પણ બદલામાં શ્રીપાલને શસ્ત્ર નિવારણી અને જલતરણી નામની બે ઔષધીઓ આપી. કુમારે માદડીયું બાંધી તે ઔષધી રાખી લીધી.

પર્વત કિનારે બીજાને સુવર્ણ સિદ્ધિમાં મદદ કરી. તે સાધકે કુમારને આગ્રહ કરીને સોનું ભેટ આપ્યું. પછી શ્રીપાલકુમાર કાળક્રમે ભરુચ બંદરે આવ્યો.

આ તરફ કૌશામ્બીનો ધવલ નામે એક વણિક ભરુચ બંદરે આવેલો હતો. તે પોતાના ૫૦૦ વહાણ અને ૧૦૦૦૦ સુભટો સાથે વહાણ ઉપાડવા તૈયારી કરે છે, ત્યારે વહાણ સમુદ્ર દેવતા એ સ્થંભિત કરી દીધાં.

નિમિત્તિયાને પૂછતાં તેણે જણાવ્યું કે કોઇ બત્રીશ લક્ષણા પુરુષનો ભોગ આપો તો આ વહાણ ચાલશે.

ધવલ શેઠે રાજાને ભેટણું ધરી વિનંતી કરી. રાજા કહે કોઈ વિદેશી અને અનાથ એવો કોઈ પુરુષને સ્વેચ્છાએ ગ્રહણ કરો. ત્યારે ધવલના સુભટોએ શ્રીપાલને જોયો. બલી માટે માંગણી કરી ત્યારે શ્રીપાલકુમારે સિંહનાદ કરી સુભટોને ભગાડી મૂકયા. રાજાના સૈનિકોને પણ હરાવી દીધા કેમ કે શસ્ત્ર નિવારણી ઔષધી પ્રભાવે કુમારને કોઈ શસ્ત્ર અડતું પણ ન હતું.

ધવલ શેઠે પણ તેનો પ્રભાવ જોઈને હાથ જોડીને કહ્યું કે મને આ મુશ્કેલીમાંથી છોડાવો.

કુમારે હૃદયમાં નવપદનું ધ્યાન ધરી જોરથી નાદ કર્યો કે વહાણો ચાલવા માંડયા.

આપણે પણ આખા ચરિત્રને-કથાને સાંભળીએ. પણ ધ્યાન કોનું ધરવાનું ?

નવપદજીનું

આજે કેટલામો દિવસ છે ઓળીનો ?

ત્રીજો દિવસ

એટલે કે આચાર્ય પદનું આરાધન

**પ્રશ્નઃ**- આચાર્યને ત્રીજે પદે જ કેમ મૂકયાં ?

-૦- પ્રથમ બે દિવસ દેવતત્વની આરાધના કરી. હવે અરિહંતના પ્રતિનિધિ કે સીધા વારસદારની જ આરાધના કરવાની છે. માટે ગુરૂ તત્ત્વમાં આચાર્યો પ્રથમ ગ્રહણ કર્યા.

જિનેશ્વર પરમ.ત્માની ફેકટરીમાં જે માલ તૈયાર થયો તેના સૌથી પહેલાં ગ્રાહક કોણ છે ?-આચાર્ય એટલે કે ગણધરો.

તીર્થંકર પરમાત્માની અમૂલ્ય દેશનાઓની સંપૂર્ણ નોંધ દ્વાદશાંગી રૂપે તૈયાર કરી કોણે ?—આચાર્યોએ-

આચાર્ય ભગવંતોનો કેટલો ઉપકાર છે કે તેણે સૂત્રોની રચના કરી. તો જ આજે જગત પાસે જ્ઞાનનો પ્રકાશ છે. નહીં તો તીર્થંકરના ગયા પછી અજ્ઞાન રૂપ અંધકાર જ ફેલાયો હોત.

**અત્થમિયે જિન સૂરજ કેવળ ચંદે જે જગદીવો**
**ભુવન પદારથ પ્રકટનપટુ તે આચારજ ચિરંજીવો**
**રે ભવિકા—**

આચાર્યોને તે તીર્થંકર રૂપી સૂર્ય અને કેવળજ્ઞાની રૂપી ચંદ્રના અસ્ત થયે દીવા સમાન ગણ્યા છે.

કોઈ પણ તીર્થંકર ૮૪ લાખ પૂર્વથી વધુ આયુષ્યવાળા ન હોય જ્યારે આચાર્યોનો પ્રભાવ અંસંખ્યાત લાખ પૂર્વ સુધી રહ્યો છે. શ્રી પુંડરિક સ્વામી એ સૂત્ર રચના કરી તે ૫૦ લાખ (કોડાકોડ ?) સાગરોપમ સુધી ચાલુ રહેલીઃ

અરે ! ભગવાન મહાવીરનો વિચાર કરો. તેની મહેનત કેવળ ત્રીસ વર્ષની. પણ તેના શાસનમાં રચાયેલ દ્વાદશાંગીથી જ્ઞાનનો પ્રકાશ કયાં સુધી રહેશે ?

૨૧ હજાર વર્ષ સુધી

આ પ્રભાવ કોનો ?

આચાર્ય ભગવંતો નો જ

માટે ત્રીજા પદે આચાર્યોને નમસ્કાર કરવાનું જણાવ્યું છે.

તીર્થંકરની ગેરહાજરીમાં શાસનના માલિક આચાર્યો છે. તેમનો ઝળહળતો શાસન રાગ-શાસન પ્રત્યેની પૂર્ણ શ્રદ્ધાને લીધે જ સિદ્ધચક્ર યંત્રમાં દર્શન પછી આચાર્યને ગોઠવેલા છે.

## શાસન રાગ કોને કહેવાય?

ભાવસાર કોમનો વિક્રમસિંહ નદીએથી કપડાં રંગીને ઘેર પાછો આવ્યો. આખા દાડાની મહેનતથી ભુખ ભડાકા દીયે. રાંધણીયે આંટો મારી આવ્યો પણ હજી રોટલાને વાર હતી. ભુખ જીરવાણી નહીં એટલે ભાભીને ઉઘડી લીધી.

"બપોરા થયા તોય રાંધ્યું નથી."

ભાભી પણ તાડુકી ઊઠી. કમાણી તો તમારા ભાઈની ખાઓ છો ને ફોગટનો રોફ શું મારો છો."

"બહાદુર હો તો જાઓ સિદ્ધાચલની યાત્રા ચાલુ કરાવો. સિંહ મારીને આવો તો સાચા માનું."

વિક્રમસિંહ ઊઠયો. કડીયાળી ડાંગ લીધી. ચડયો શેત્રુંજાની ટુંકે કહેતો ગયો કે જો ઉપર ઘંટ વાગે તો માનજો કે સિંહ મર્યો અને ન વાગે તો જાણજો કે હું મર્યો.

ઉપર પહોંચ્યો. સુતેલા સિંહને જગાડયો સિંહની ત્રાડના પડઘા આખા ડુંગરમાં ગાજી ઉઠયા. પછી તો વિક્રમસિંહની ડાંગ અને સિંહનો પંજો–મોટું ધિંગાણું ખેલાઈ ગયું અંતે સિંહની ખોપરી ફાડી નાંખી.

ઘવાયેલો વિક્રમ સિંહ લોહી નીતરતી કાયા લઈને ઢસડાતો ઉપર ગયો. ઘંટ વગાડયો. હજારો યાત્રાળુના વિસામા સમો શત્રુંજયનો યાત્રા માર્ગ ખુલ્લો થયો.

૦ આપણા આચાર્યોએ પણ આ જ શત્રુંજયની બંધ પડેલી યાત્રા ચાલુ કરાવેલી છે. પણ તે બને કયારે?

શાસનનો રાગ હોય તો–

હું શાસનનો અને શાસન માહરું તે વાત વસી હોય તો–

આપણે તો ખુદ તીર્થંકર પરમાત્મા જ अणुजाणामि કહીને આચાર્યો (ગણધરોને) શાસન ભળાવી ગયા છે. એટલા માટે જ આચાર્યની ઓળખ આપતા રત્ન શેખર સૂરિજી એ કહ્યું કે

જે પાંચ આચારથી પવિત્ર છે,

વિશુદ્ધ સિદ્ધાંતની દેશના દેવામાં ઉદ્યમી છે.

પર ઉપકારમાં રત છે,

સૂત્રમાં પણ તેની વ્યાખ્યા કરતાં લખે કે–

पंचिंदिअ संवरणो, तह नवविह बंभचेर गुत्तिधरो
चउविह कसाय मुक्को, इअ अट्ठारस गुणेहिं संजुत्तो
पंचमहव्वयजुत्तो, पंच विहायार पालण समत्थो
पंचसमिओ तिगुत्तो, छत्तीसगुणो गुरु मज्झ

છત્રીસ ગુણોમાં આચાર્યની ઓળખ આપતાં લખી દીધું કે—

પાંચ ઈંદ્રિયને સંવરનારા, નવ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરતાં ચાર પ્રકારના કષાયથી મુક્ત, પંચવિધ આચારના પાલનમાં સમર્થ. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ યુક્ત એવા છત્રીસ ગુણના ધારક મારા ગુરુ છે.

બોલો હવે આવા આચાર્યોને નમસ્કાર કરવાનો કે નહીં ? કરવાનો.

બોલો–नमो आयरियाणं

માત્ર પાંચ પ્રકારના આચારનો જ વિચાર કરો તો જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–વીર્ય એવા પાંચ આચાર થયા.

આ પાંચ આચાર પાળે અને પળાવે.

વળી આ પાંચેમાં તેની પવિત્રતા પણ વિદ્યમાન હોય. એટલે કે પાંચે આચારને જીવનમાં ઉતાર્યા હોય.

તોસલી પુત્ર આચાર્ય પાસે આર્યરક્ષિત મુનિ રહેલા છે. તેને વધુ ભણવાની ઈચ્છા થઈ. આચાર્ય મહારાજે કહ્યું કે વધુ ભણવું હોય તો તું વજ્રસ્વામીજી પાસે જા. કારણ કે તેમને વિશેષ જ્ઞાન છે. તેઓ વાચના આપી તને ભણાવશે. આ થયો જ્ઞાનપ્રેમ કે જ્ઞાનાચાર.

આર્ય રક્ષિત મુનિ જતા હોય છે ત્યારે માર્ગમાં ભદ્રગુપ્ત સુરિનો અંતિમ સમય જાણી નિર્યામણા કરાવવા રોકાયા. ભદ્રગુપ્તિસૂરિએ કહ્યું કે તમે વજ્રસ્વામીજી પાસે ભણવા ભલે જાઓ. પણ તેની સાથે ન રહેતા. તેની સાથે રહેવાથી મૃત્યુનો સંજોગ ઉભો થશે.

આર્યરક્ષિત મુનિએ વજ્રસ્વામીજી ને વાત કરી. વજ્રસ્વામીજીએ પણ જ્ઞાનના ઉપયોગથી તે વાત સત્ય જાણી સ્વીકાર કર્યો અને આર્યરક્ષિત મુનિને નવ પૂર્વ સુધીનું જ્ઞાન આપ્યું.

કારણ અહીં જ્ઞાનાચારની મહત્તા પવિત્રતા તેમણે સમજી છે–વર્તનમાં ઉતારી છે. અન્યથા મુનિને "તમે અવિનયી છો" કે એવું કંઈ કહી ભણાવ્યા ન હોત.

માટે જ આચાર્યને–

० पंचायार पवित्ते

० पंच विहायार पालण समत्थो

એવા શબ્દોથી ઓળખાવ્યા છે.

આવા આચાર્ય પદની આજે આરાધનાનો પવિત્ર દિન છે. પવિત્રતમ નવપદજીની આરાધનાનો ત્રીજો દિવસ કે જે આરાધનાના પ્રભાવે શ્રીપાલે ધવલ શેઠના વહાણો વહેતા કર્યા.

ખુશ થયેલો ધવલ પૂછે કે મારી સાથે ચાલ અને તું કહે તે પગાર આપું.

શ્રીપાલે જવાબ આપ્યો કે આ બધાં સુભટોને પગાર આપો છો તે મને એકલાને આપવાની તૈયારી હોય તો આવું.

ધવલશેઠને થયુ ૧ કરોડ દિનાર આને એકલાને પગાર કઈ રીતે અપાય? તેને વિચાર મગ્ન જોઈ શ્રીપાલે કહી દીધું કે મારે તમારા પગારની કોઈ જરૂર નથી ૧૦૦ દિનાર પ્રતિ માસે પોતે ભાડું આપવાની શરતે ધવલશેઠ સાથે વહાણમાં ચાલ્યો.

વહાણો બબ્બરકુલ પહોંચ્યાં, ત્યાં રાજાના બંદર અધિકારી કર લેવા આવ્યા. ધવલ શ્રેષ્ઠી કર નથી આપતો. તે જાણી મહાકાલરાજા બર્બરાધિપતિ જાતે મહાસૈન્ય સાથે આવીને ધવલને બાંધી લીધો.

શ્રીપાલે તે જોઈને ધવલ શ્રેષ્ઠીને કહ્યું કે મને જો અડધી મિલ્કત આપવા તૈયાર હો તો તમને છોડાવી દઉં. પછી મહાકાલ રાજા સાથે મહાયુદ્ધ ખેલાયું. શ્રીપાલે એકલે હાથે રાજાને પરાજિત કર્યા. રાજાને બાંધીને ધવલ શેઠને છોડાવ્યો. પછી રાજાને પણ મુક્ત કર્યા.

રાજા શ્રીપાલને બહુમાન પૂર્વક પોતાના નગરમાં લઈ ગયા. પોતાની **મદન સેના** નામની કુંવરી માટે લગ્નનું માંગુ કર્યું.

શ્રીપાલ લગ્નની વાત સ્વીકારે કે નહીં તે **અગ્રે વર્તમાન.**

આજે નવપદજીમાં ત્રીજા આચાર્ય પદની આરાધના કરવાની છે. તે આચાર્યની મહત્તાને હ્રદયમાં ધારણ કરજો–

પર્ષદામાં કેવલી કરતાં પણ આચાર્ય (ગણધર)નું સ્થાન પહેલાં મુકયું. ગણધર આગળ બેસે–કેવલી તેમની પાછળ બેસે.

વિચારો જરા–ચાર ઘાતી કર્મનો ક્ષય કરી ત્રણ લોકના જ્ઞાનને ધારણ કરતા સર્વજ્ઞને પાછળ બેસાડયા અને ચાર જ્ઞાનધારી ગણધર (આચાર્ય)ને પહેલાં મુકયા.

કારણ પરમાત્માનું શાસન આચાર્યને સોંપાયુ છે. માટે જ તેને તૃતીયપદે નમસ્કાર કર્યો–**નમો આયરિયાણં**–

હવે ચતુર્થપદે ઉપાધ્યાયનું સ્થાન અને મહત્તા કઈ રીતે દર્શાવે તે **અગ્રે વર્તમાન.**

□

# (૪) ઉપાધ્યાય પદ

गणतित्तीसु निउत्ते सुतत्थज्झावणंमि उज्जुत्ते
सज्झाए लीणमणे सम्मं झाएह उज्झाए

શ્રીમાન્ રત્ન શેખર સૂરિજી મહારાજા ભવિ જીવોના ઉપકારને માટે શ્રીપાલ ચરિત્રની રચના કરે. તેમાં સામાન્ય કથા રસિક બાલ જીવોને આનંદ જરૂર આવે પણ આપણે ચરિત્રમાં સમજવા જેવું શું છે ?

નવપદ આરાધનની મહત્તા.

નવપદ કેવી અમૂલ્ય અને કલ્યાણકારી ચીજ છે તે.

નવપદની બહાર આરાધનાનો કોઈ વિષય જતો જ નથી. વીસ સ્થાનક પણ આરાધ્ય ખરું. છતાં તે નવપદનો જ વિસ્તાર ગણાવેલો છે. માટે અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુ–દર્શન–જ્ઞાન–ચરિત્ર–તપ એ નવપદ જ આરાધ્ય છે.

આ નવપદ આરાધના પ્રભાવે સુખને પામેલા શ્રીપાલ રાજાને મહાકાલ રાજા પોતાની કુંવરી મદનસેના સાથે પાણિગ્રહણ માટે વિનંતી કરે છે. ત્યારે શ્રીપાલ પૂછે છે કે તમે તો મારા કુળથી અજ્ઞાત છો, વળી હું વિદેશી છું. છતાં મને કન્યા કેમ આપો છો ?

રાજા જણાવે છે કે તમારા આચાર વડે જ તમારા કુળની ઉચ્ચતા પ્રતીત થાય છે.

તમારા જેમ વાત નથી હો–

**કુળ ગયુ કુવામાં ને નાત ગઈ મરી**
**જેના હાથમાં કોથળી તેની વાત ખરી**

આચાર પરથી કુળની ઉત્તમતાને ઓળખીને રાજા પ્રાર્થના કરી રહ્યા છે.

એક વખત એક વૃદ્ધ–અંધ ભિખારી રાજમાર્ગ પર ઉભો રહી ગયો. રાજાની સવારી આવી રહી હતી છતાં ખસ્યો નહીં. સૈનિકોએ આવી ધક્કો માર્યો–અપશબ્દો કહ્યા. "આવા ને આવા આંધળા ક્યાંથી ચાલ્યા આવે છે ?" બેવકુફ ! ભાન નથી રાજાની સવારી આવે છે.

પેલો ભિખારી ગબડી પડ્યો અને એટલું વાક્ય બોલ્યો,

"બસ ! આ જ કારણ."

ફરી પાછો રસ્તા ઉપર ઉભો રહી ગયો. ત્યાં રાજાના મંત્રી આવ્યા. તેણે તે વૃદ્ધ-અંધ ભિખારી ને કહ્યું. અરે ! ખસી જાઓ ભાઈ.... ખસી જાઓ. રાજાની સવારી આવે છે.

પેલો ભિખારી તો ત્યાંજ ઉભો રહ્યો અને ફરી એ જ વાક્ય બોલ્યો–

બસ ! આજ કારણ.

પછી ખુદ રાજા આવ્યા. સવારી પરથી ઉતરી પેલા ભિખારી ને હાથ જોડી. ટેકો આપી રસ્તાની એક તરફ દોરી ગયા.

વૃદ્ધ-અંધ ભિખારી બોલ્યો. "બસ ! આ જ કારણ"

નક્કી રાજા લાગે છે.

લોકોને તેના આ વાક્યથી આશ્ચર્ય થયા કર્યું. એટલે છેવટે પૂછ્યું કે વારંવાર આ શું બોલો છો ?

વૃદ્ધ ભિખારી ટુંકો પણ અનુભવી જવાબ આપ્યો. "તેઓ જે છે તે પોતાના આચરણ ને લીધે ઓળખાય છે." બસ ! આ જ કારણ

અહીં શ્રીપાલના આચરણથી જ મહાકાલ રાજાએ તેને યોગ્ય જાણી પોતાની કન્યા પરણાવી. ૬૪ કુપ સ્થંભવાળું વહાણ કન્યાદાન માં આપ્યું. નવસંખ્યા વાળું નાટક આપ્યું.

ધવલશેઠને આ બધું જોઈને ખૂબજ ઇર્ષ્યા થઇ. આ મારો સેવક સમાન અને આટલી ઋદ્ધિ-સિદ્ધિનો સ્વામી થઈને બેઠો.

ત્યાંથી ધવલશેઠ સાથે શ્રીપાલ રત્નદ્વીપે પહોંચ્યાં. માલના વિક્રય માટે શ્રેષ્ઠીએ પૂછ્યું, ત્યારે કુમારે કહ્યું કે તમે જે કંઇ વેપાર કરશો તે મારે મંજુર છે. એમ કહી તંબુમાં નાટક જોવા બેઠો.

એક ઘોડેશ્વાર ત્યાં આવ્યો. કુમાર ને નમસ્કાર કરી બેઠો. નાટક પૂર્ણ થતાં કુમારે પૂછ્યું કે તમે શું આશ્ચર્ય જોયું ?

ઘોડેસ્વારે જણાવ્યું. એક રત્ન સંચયા નામે નગરી છે. ત્યાં કનકકેતુ વિદ્યાધર રાજ્ય કરે. તેને કનકમાલા નામે રાણી છો. મદન મંજુષા કુંવરી છે.

રત્નમય એવો ઋષભ પ્રાસાદ ત્યાં છે. તેમાં સુવર્ણની રત્નમયી

પ્રતિમાજી છે. રાજકુંવરી મદનમંજુષા ત્યાં અતિ ભક્તિ ભાવથી. પ્રભુની ત્રિકાલ પૂજા કરે—દેવ વંદન કરે.

રાજા તેની ભક્તિ જોઈને વિચાર કરે છે.દેવ–ગુરુ–ધર્મમાં અંતરંગ પ્રીતિવાળી મારી આ કન્યાને (પુત્રીને) યોગ્ય એવો ધર્માનુરાગી (પતિ) સ્વામી મળશે કે કેમ?

**દેવ–ગુરુ–ધર્મ એટલે શું?**

० દેવમાં અરિહંત અને સિદ્ધને લીધા

० ગુરુ કોણ? આચાર્ય–ઉપાધ્યાય અને સાધુ.

० ધર્મમાં શું લીધું? દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપ.

આ નવપદ આરાધનાનો આજે પાંચમો દિવસ. ગુરુતત્વમાં ઉપાધ્યાય પદની આરાધનાની વાત આજે જોવાની છે.

ઉપાધ્યાય પદની ઓળખ આપતા પદ્મ વિજયજી મહારાજા જણાવે છે.

**અંગ ઉપાંગ નંદી અનુયોગ, છ છેદને મૂલ ચારજી**
**દશ પયન્ના એમ પણયાલીસ પાઠક તેહના ધાર**

—ભવિયણ ભજીયેજી—

રત્નશેખર સૂરિજી પણ ઉપાધ્યાયના અર્થને સ્પષ્ટ કરતાં કહી ગયા કે—

જેઓ ગચ્છને સારણાદિ આપવા માટેના અધિકારી છે, સૂત્ર–અર્થના અધ્યયને ઉદ્યમવંત છે અને સ્વાધ્યાયમાં લીન જેનું મન છે. તેવા ઉપાધ્યાયનું સમ્યક્ પ્રકારે ધ્યાન ધરવું જોઈએ.

**ઉપાધ્યાય એટલે શું? તે સમજ્યા પણ તેને નમસ્કાર શા માટે કરવો?**

ઉપાધ્યાય ભગવંત જૈન શાસનમાં અધ્યાપકના સ્થાને છે. પથ્થર જેવા શિષ્યને પણ શિલ્પીની જેમ મૂર્તિરૂપે ઘડનાર છે. મોહરૂપી સર્પથી ડંખાઈને નષ્ટ પ્રાય જેના પ્રાણ થયા છે તેવા જીવો ને ચેતના આપે છે. અજ્ઞાન રૂપ વ્યાધિથી પીડાતા જીવોને શ્રુતરૂપી ઔષધ આપે

છે, જ્ઞાન અંકુશથી કષાય હાથીને મહાત કરે છે, અજ્ઞાનાંધ લોકોના જ્ઞાનચક્ષુ ઉઘાડનારા છે માટે ઉપાધ્યાયને નમસ્કાર કરવાનું કહ્યું.

મહાભારતના યુદ્ધ પછી પાંડવો પ્રાયશ્ચિત માટે તીર્થાટન કરવા નીકળે છે. તેવો એક જૈનેતર પ્રસંગ છે.

કૃષ્ણ મહારાજા પાસે આજ્ઞા માંગી. કૃષ્ણ કહે હું તો સાથે આવી શકુ તેમ નથી પણ મારી આ તુંબડીને સાથે લઈ જાઓ, તેને બધાં તીર્થમાં સ્નાન કરાવજો.

પાંડવોએ અડસઠે તીર્થમાં તુંબડીને બરાબર સ્નાન કરાવ્યું. પછી દ્વારિકા આવી, રાજ દરબારમાં કૃષ્ણ મહારાજાને તુંબડી પાછી આપી.

કૃષ્ણે કહ્યું આનું ચૂર્ણ કરી નાખો. પછી બધાંને ચૂર્ણની એક–એક ચપટી ખાવા માટે પ્રસાદ તરીકે આપી. મોંમા મુકતા જ બધાં થુ–થુ કરવા લાગ્યા.

કૃષ્ણ મહારાજા કહે આ તો મેં પાંડવોને સમજાવવા યુક્તિ કરી હતી. જેમ તુંબડુ ગમે તેટલા તીર્થે સ્નાન કરવા છતાં તેની કડવાશ છોડતું નથી તેમ ગમે તેટલી યાત્રા કરો પણ હૃદયની કડવાશ–કલુષિત ભાવો ઘટે નહીં તો શું ફાયદો ?

ઉપાધ્યાય ભગવંત પણ આવી જ રીતે અજ્ઞાનથી અંધ બનેલા લોકોનો જ્ઞાન રૂપી ચક્ષુ વડે અંધાપો નિવારે છે.

વળી ઉપાધ્યાય શબ્દનો અર્થ પણ સમજવા જેવો છે.

० उपाधौ आय જેના સમીપમાં રહેવા માત્રથી શ્રુતજ્ઞાનનો લાભ થાય છે.

ઉપાધ્યાય આખો દિવસ સૂત્ર અર્થની ચિંતામાં–અભ્યાસમાં લીન હોય. છે. જેમ માછલાને પાણી વિનાનો સમય તરફડિયા મારવા જેવો લાગે તેમ ઉપાધ્યાયને પણ સ્વાધ્યાય વિનાનો કાળ તેવો જ લાગે. માટે જ યશોવિજયજી મહારાજે લખ્યું છે.

**તપ સજ્ઝાયે રત સદા દ્વાદશ અંગના ધ્યાતા રે.**
**ઉપાધ્યાય તે આતમા જગબન્ધવ જગભ્રાતા રે.**

આવા ઉપાધ્યાય પાસે રહેતા શ્રુત જ્ઞાનનો લાભ થાય કે નહીં ?

અરે ! સ્થુલભદ્રની બહેન યક્ષા એક હજાર શ્લોક બીજાને બોલતા સાંભળે તો પણ માત્ર એક વખતમાં યાદ રાખી લેતા હતા. આપણે યક્ષાના જેવી બુદ્ધિ ભલે ન હોય પણ આખો દિવસ વાચના–પૃચ્છનાદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં લીન ઉપાધ્યાય પાસે રહીએ તો કંઈક તો યાદ રહેવાનું જ છે ને?

આ ઉપરાંત સૂત્ર–અર્થના જાણકાર ઉપાધ્યાય ભગવંત માટે બીજું પણ સુંદર લક્ષણ બાંધ્યું કે—

**મુરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પાહાણને પલ્લવ આણે.**
**તે ઉવજ્ઝાય સકલ જન પૂજિત સૂત્ર અર્થ સવિ જાણે.**

એક રબારીને સૌંદર્યવાન પુત્રી હતી. એક વખત બીજા ઘણાં રબારી સાથે ગાડાં લઈ ઘી વેચવા જતો ત્યારે તે પુત્રીને પણ સાથે લીધી. તે પુત્રી ગાડું ચલાવી રહી હતી. તેને જોઈ મોહ પામેલા બીજા રબારી આડા માર્ગે ગાડાં ચલાવીને પણ તે કન્યાનું મુખ નિરખવા પ્રયત્ન કરવા લાગ્યા. પરિણામે તેઓના ગાડાં ભાંગવા માંડયા,

આ બધું જોઈ રબારીને સંસાર પર ધિક્કાર છુટ્યો. પાછલા ભવે ચારિત્ર પાળેલું છે. અશુચિ ભાવના યાદ આવી. તે ભાવતા વૈરાગ્ય ઉત્પન્ન થયો. પુત્રીને પરણાવી દઈ દીક્ષા લીધી. આવશ્યકાદિ યોગ વહન કર્યો,

ઉત્તરાધ્યયનના ત્રણ અધ્યયન પુરા કર્યા બાદ પૂર્વકૃત્ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થયો. ઘણો પ્રયત્ન કરવા છતાં ચોથા અધ્યયનનો એક અક્ષર ન ચડે.

ઉપાધ્યાય ભગવંતે તો આત્માની યોગ્યાયોગ્યતા વિચારી, રાગદ્વેષનો નિગ્રહ કરનારું એક પદ આપ્યું. “मा रुष मा तुष.”

મુનિએ વિનયપૂર્વક તે સ્વીકારી આંબેલના તપ સાથે મોટે મોટેથી ગોખવાનું શરૂ કર્યું. પણ તે માસતુષ–માસતુષ કર્યા કરે છે. બાર વર્ષ સુધી ઉપાધ્યાય ગુરુ વચને માસતુષ–માસતુષ કર્યું પણ એક પદ ન આવડયું. છતાં પણ તેને છેવટે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ઘણાં જીવોને બોધ પમાડયો.

પણ આવું સુંદર પરિણામ આવશે, તે નક્કી કોણે કર્યું?

ગીતાર્થ ગુરુ ભગવંતે–ઉપાધ્યાયે. માટે ઉપાધ્યાયનું લક્ષણ બાંધ્યુ.–

"મુરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ–પાહાડને પલ્લવ આણે."

ઉપાધ્યાય માત્ર શિક્ષક જ નથી. તે સાથે વર્તન પણ શીખવે છે. શાસ્ત્રીય ભાષામાં કહીએ તો ગ્રહણ અને આસેવન બંને પ્રકારની શિક્ષા ઉપાધ્યાય ભગવંતો આપે છે.

જેમ માતા બાળકના શિક્ષણ અને ઉછેર બંનેની કાળજી રાખે તેમ ઉપાધ્યાય સાધુ–સાધ્વીની તમામ પ્રકારે કાળજી રાખે. કેમકે ज्ञान क्रियाभ्याम् मोक्षः કહેલો છે.

સિદ્ધચક્ર યંત્રમાં જોશો તો ઉપાધ્યાયની પૂર્વે જ્ઞાનપદ છે. કારણ કે જ્ઞાન એ અધ્યયન–અધ્યાપનનો પાયો છે. આ કાંઈ ચાલુ જમાનના શિક્ષક નથી કે પૂર્વ તૈયારી વિના ભણાવી ન શકે તેને તો જ્ઞાન જીભને ટેરવે હોય.

ઉપાધ્યાય પછીનું પદ યંત્રમાં જુઓ તો ચારિત્ર છે. જ્ઞાન પ્રાપ્તિનું ફળ શું? વિરતિ. માટે જ્ઞાન–ક્રિયા બંને તેનામાં સમાવ્યા. આવા ઉપાધ્યાય ભગવંતને જેમાં નમસ્કાર કરવાનું–આરાધવાનું કહ્યું છે તે નવપદ આરાધનામાં રત અને સંપૂર્ણ શ્રદ્ધાવાળા શ્રીપાળને ઘોડેસ્વાર આવીને આશ્ચર્ય જણાવી રહ્યો છે.

કનક કેતુ રાજાએ પોતાની પુત્રીને યોગ્ય ભર્તારની વિચારણા કરી તે જ સમયે રાજકુમારી મદન મંજુષા પાછા પગે જિનમંદિરમાંથી બહાર નીકળી અને જિનાલયના દ્વાર બંધ થઈ ગયા.

રાજકુમારી આત્મનિંદા કરતી ખેદ કરે છે અરેરે! મારાથી અશુભ ભાવે કયું પાપ થઈ ગયું હશે? મન્દભાગ્યા એવી મને હવે ક્યારે પ્રભુ દર્શન થશે? અધન્યા એવી મેં શી વિરાધના કરી હશે? હે નાથ! મારા અપરાધની ક્ષમા આપો.

રાજા કહે છે હે બાલિકા! આમાં તારો કશો જ દોષ નથી. મેં જિનગૃહમાં તારા વિવાહની ચિન્તા કરી તેનું જ આ ફળ છે. પરમાત્મા તો કદી રોષ પામતા નથી પણ અધિષ્ઠાયક દેવ અપ્રસન્ન થયા જણાય છે.

રાજા અને કુંવરી ત્યાં જ બેસી રહ્યા છે. પ્રભુના દર્શન માટેની ચિંતા કરતા ત્રણ ઉપવાસ થયા. સમગ્ર નગર શોકમગ્ન થઈ ગયું. ત્રીજી રાત્રીના ચોથા પ્રહરે આકાશવાણી થઈ. રાજા કે કુંવરી કોઈ દોષીત નથી.

જે પુરુષની દૃષ્ટિ પડતાં આ જિનગૃહના દ્વાર ખુલશે તે પુરુષ મદન મંજુષાનો પતિ થશે. હું ચક્રેશ્વરી દેવી એક માસમાં તે પુરુષને નિશ્ચે અહીં લાવીશ.

આજે એક માસ પૂર્ણ થવા આવ્યો છે. હે પુરૂષોત્તમ! તમે ત્યાં પધારો.

શ્રીપાલ ત્યાં પહોંચ્યો. ઉત્તરાસંગ કરી, નિસીહી બોલી, ચૈત્યના પ્રથમ દ્વારે પ્રવેશ કર્યો. તેની દષ્ટિથી દ્વાર ખુલી ગયા. દેવાધિદેવને નમસ્કાર કર્યા. સર્વોત્કૃષ્ટ ફળ વડે પૂજા કરી સ્તુતિ કરી.

सिरिरिसहेसर सामिय! कामिय फलदागकप्पतरुकप्प
कंदप्पदप्प गंजण! भवभंजण देवतुज्झ नमो

વાંછિત ફળને દેવામાં કલ્પતરૂ સમાન, કામદેવના અભિમાનને મર્દન કરનારાં ભવભંજન એવા હે ઋષભદેવ તમને નમસ્કાર થાઓ.

રાજા પણ કુમારે કરેલી આવી આવી પ્રભુની સ્તવના સાંભળી આનંદીત થયો. જિનમંદિર બહાર નીકળીને શ્રીપાલે રાજાને પણ નમન કર્યું ત્યારે રાજાએ તેને આશીર્વાદ આપી તે કોણ છે એ જાણવા શ્રીપાલનો વૃત્તાંત પૂછયો.

શ્રીપાલ હજી મનમાં વિચારે છે કે ઉત્તમ પુરુષો પોતાનું નામ કહેતા નથી તેટલામાં ત્યાં આકાશમાર્ગે ચારણ મુનિ પધાર્યા.

મુનિને વંદન કરીને બેઠા. ચારણ મુનિએ રાજાદિ પાસે ધર્મદેશના શરૂ કરી.

જગતમાં તત્ત્વો ત્રણ છે. દેવ–ગુરુ અને ધર્મ. દેવ તત્વના બે ભેદ, ગુરુ તત્ત્વના ત્રણ ભેદ અને ધર્મના ચાર ભેદ છે.

આપણે આજે આરાધનાનું તત્ત્વ કયું?

ગુરુતત્ત્વ.

ગુરુતત્ત્વમાં કયા ભેદની આરાધના છે?

ઉપાધ્યાય પદની

**દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે પારગ ધારક તાસ**
**સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે નમો ઉવજ્ઝાય ઉલ્લાસ રે**
**–ભવિકા–**

દ્વાદશાંગીનો સ્વાધ્યાય કરનારા એવા ઉપાધ્યાય.

### પણ સ્વાધ્યાય એટલે ?

જેમાં વાંચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથા એ પાંચ પ્રકારોનો સમાવેશ થાય છે તે સ્વાધ્યાય.

० **વાચના**-સૂત્ર અને અર્થનો નિરંતર અભ્યાસ કરે અને કરાવે. જેમ ભદ્રબાહુ સ્વામીજી વાચના આપતા હતા તે રીતે.

० **પૃચ્છના**-સૂત્ર અને અર્થ સંબંધિ કોઈ સંશય થાય ત્યારે તે સંશયોના નિવારણ માટે વિશેષ જ્ઞાતાને પૂછવું.

ચિલાતી પુત્રે ધર્મ શું છે તે જાણવા પ્રશ્ન કર્યો. તો ઉપશમ-વિવેક - સંવર એટલો જ ઉત્તર મળવા છતાં આત્મકલ્યાણ સાધી ગયા.

० **પરાવર્તના**-ભણેલા સૂત્રોને વારંવાર યાદ કરવા દ્વારા આવૃત્તિ કરવી.

અંત સમયે પણ માત્ર નવકારનો સ્વાધ્યાય - પરાવર્તના કરનાર એક વણકર સ્વર્ગે ગયો હતો. એ આ સ્વાધ્યાયનું ફળ છે.

એક વણકર કપડું વણવાનું કામ કરે. પણ કપડું વણતા વણતા એક છેડેથી બીજે છેડે જાય ત્યારે વારંવાર પોતાની બે સ્ત્રીઓ સાથે કંઇને કંઇ કામચેષ્ટા કર્યા કરે.

એક વખત મુનિયુગલ પસાર થયું. તેની દૃષ્ટિ વણકરની આ ચેષ્ટા પર પડી. વણકરે પ્રશ્ન કર્યો તમે આમ શું જોઇ રહ્યા છો ? ક્યારેય તમે આ આનંદ લીધો છે ?

મુનિ ભગવંતે ઉત્તર વાળ્યો કે હે ભાગ્યવાન્ ! તારું આયુષ્ય હવે અલ્પ છે આ કામલીલામાં તને શો ફાયદો થવાનો છે ? તેને બદલે નવકાર મંત્ર ગણતો તને લાભ થશે.

મુનિ પાસે નવકાર મંત્ર શીખી તે વણકર વારંવાર આવૃત્તિ કરવા લાગ્યો તો મરીને સ્વર્ગે ગયો. માટે ત્રીજો ભેદ પરાવર્તના રૂપ સ્વાધ્યાય કરવાનો કહ્યો. જે પરંપરાએ મોક્ષને દેનાર છે.

o **અનુપ્રેક્ષા**–સૂત્ર કે અર્થનો ઉચ્ચાર કર્યા સિવાય કેવળ મનમાં ધ્યાન કરવું તે અનુપ્રેક્ષા–ચિંતન.

o **ધર્મકથા**–નંદીષેણની માફક ધર્મકથા કરીને લોકોને ચારિત્ર માર્ગે–ધર્મ માર્ગે વાળવા તે ધર્મકથારૂપ સ્વાધ્યાય.

આવા વાંચનાદિ સ્વાધ્યાયમાં રત એવા ઉપાધ્યય ભગવંતોને ચોથા ક્રમમાં નમસ્કાર કર્યો.

## નમો ઉવજ્ઝાયાણં

**પ્રશ્ન :**– ઉપાધ્યાયનો ક્રમ ચોથો કેમ મૂકયો ?

o પ્રથમ બે પદ દેવ તત્ત્વના મુકયા. પછી ગુરુ તત્ત્વમાં આચાર્યને લીધા. કેમકે જિનેશ્વર ભગવંતના સીધાં પ્રતિનિધિ તો આચાર્ય ભગવંતો જ છે.

આચાર્ય ન હોવા છતાં આચાર્યના સહાયક અને આચાર્યપદની યોગ્યતા ધરાવતા હોવાથી ચોથો ક્રમ તેમનો રાખ્યો.

**પ્રશ્ન :**– આચાર્ય ભગવંત તીર્થંકરના પ્રતિનિધિ જ ગણો છો તો પછી ગુરુતત્ત્વમાં ત્રણ વિભાગ શા માટે મુકયાં ?

o શાસનની વ્યવસ્થામાં ત્રણ જરૂરિયાતો છે. વ્યવસ્થાપક કે સંચાલકની, અધ્યાપકની અને સહાયકની.

આચાર્ય ભગવંતો સંચાલન કર્તા જેવા છે, ઉપાધ્યાય ભગવંતો સૂત્ર–અર્થનું જ્ઞાન આપનારા શિક્ષક સરીખા છે. અને સાધુ ભગવંતો મોક્ષમાર્ગમાં સહાયક છે.

આ રીતે ત્રણેના સમન્વયથી જ શાસનનું કામ ચાલે છે.

દેવ તત્ત્વ એટલે કે દેવાધિદેવ પરમાત્મા મોક્ષ માર્ગ ચાલુ કરે, તત્ત્વની પ્રરૂપણા કરે. પણ આગળ વધારનાર તો ગુરૂ ભગવંતો જ છે.

ગુરુ જ તમને અરિહંત કે સિદ્ધ સુધી પહોંચાડશે. પણ પહોંચાડવા માટે સાધન શું – ધર્મ –

આ રીતે ચારણ મુનિ દેવ–ગુરુ ધર્મની સમજ આપતા નવપદજીનો અર્થ અને મહત્ત્વ સમજાવીને છેલ્લે જણાવે છે કે—

"આ નવપદ જિનશાસનનો સર્વસાર છે માટે હે ભવ્યજનો આ નવપદની પરમ ભક્તિથી આરાધના કરો."

જે કોઈ જીવો આ ઇષ્ટ ફળદાયી નવપદોને આરાધે છે તે શ્રીપાલ રાજાની જેમ સુખની પરંપરાને પામે છે.

ત્યારે રાજા કનક કેતુએ પૂછયું, "હે ભગવન્! તે શ્રીપાલ કોણ?

મુનિ ભગવંત શો જવાબ આપે તે **અગ્રે વર્તમાન**—

ઉપાધ્યાય પદની આજે આરાધના કરવાની છે. તેની મહત્તા અને અર્થને હૃદયમાં અવધારી–૧૧ અંગ + ૧૨ ઉપાંગ + ચરણ સિત્તરી + કરણ સિત્તરી એમ ઉપાધ્યાયના એ પચીસ ગુણો સ્મરણ કરી આરાધના કરો એ જ અભ્યર્થના.

**સાધુ પદ કઈ રીતે જણાવે તે અગ્રે વર્તમાન.**

□

# (૫) સાધુપદ

सव्वासु कम्मभूमिसुं विहरंते गुणगणेहि संजुत्ते
गुत्ते मुत्ते झायह मुणिराए निट्ठियकसाए

શ્રીમાન્ રત્ન શેખર સૂરિજી મહારાજા ભવિ જીવોના ઉપકારને માટે શ્રીપાલ ચરિત્રની રચના કરે. તેમાં દેવતાઈ ઋદ્ધિ–સમૃદ્ધિ ચમત્કારો, આકસ્મિક મંત્રો, કન્યા પ્રાપ્તિ બધું આવે. પણ તેના પર લક્ષ કોનું રહે?

જે આત્માને પરમપદની પ્રાપ્તિ પર લક્ષ ગયું નથી પણ પૌદ્‌ગલિક વૈભવશીલતા પરત્વે જ જેની દૃષ્ટિ રહેલી છે તેને જ કેવળ કથા કે ચરિત્રોમાં રસ હોય છે.

ખરેખર યાદ રાખવા લાયક વાત એ છે કે નવપદની આરાધનાની ઉત્તમતાને દર્શાવવા માટે આ બધાં વર્ણને છે. હૃદયમાં નવપદની ઉત્તમતા કોતરાઈ ન જાય તો તળાવે જઈને તરસ્યા આવવા જેવો ઘાટ થાય.

નવપદના ઉત્તમ આરાધક એવા શ્રીપાલને જ્યારે કનક કેતુ રાજા પૂછે છે કે તમારો વૃત્તાંત જણાવો. ત્યારે શ્રીપાલ કશો ઉત્તર આપતા નથી. પણ ચારણ મુનિ દેશનાને અન્તે હાથની સંજ્ઞા દર્શાવીને શ્રીપાલની ઓળખ આપે છે. પછી મુનિવર આકાશ માર્ગે ચાલ્યા જાય છે.

રાજા અને ખુશ થયેલા નગરજનો તત્કાલ મદન મંજુષાને શ્રીપાલ સાથે વિવાહ કરી દે છે. વિવિધ પ્રકારના મણિ–સુવર્ણ–રત્નોના આભુષણો આપે છે, ઘોડા, હાથી અને સારો પરિવાર આપે છે. સુંદર આવાસ પણ આપે છે, જ્યાં શ્રીપાલ પોતાની બંને પત્ની સાથે આનંદથી રહે છે. અને નિત્ય જિનગૃહે જઈ પૂજા–પ્રભાવના કરે છે.

તે જ નગરીમાં રહીને શ્રીપાલકુમારે વિધિપૂર્વક ચૈત્ર માસની ઓળીની આરાધના કરી.

આપણે પણ શાશ્વતી ઓળીની આરાધના કરી રહ્યા છીએ. આજે કેટલામો દિવસ થયો?

– પાંચમો દિવસ –

૦ કયા પદની આરાધના કરવાની છે આજે?

-સાધુ પદની-

સાધુની ઓળખ આપતા શ્રીમાન્ રત્ન શેખર સૂરિજી મહારાજા પૂર્વે જણાવી ગયા કે-જેઓ બધી જ કર્મભૂમિમાં વિચરણ કરે છે, ગુણોના સમૂહથી યુક્ત છે, કષાયોનો અંત આણનારા છે. આર્ત્ત-રૌદ્ર રૂપ દુર્ધ્યાનને છોડતા અને ધર્મ-શુક્લ ધ્યાનને આદરતા છે. તેમજ દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ રત્નત્રયીની આરાધના વડે મોક્ષમાર્ગની સાધના કરે છે. તેવા સાધુ ભગવંત એટલે કે મુનિરાજનું ધ્યાન ધરવું.

પદ્મ વિજયજી પણ સાધુપદની ઓળખ આપતી પંક્તિમાં જણાવે છે-

**વેદ ત્રણને હાસ્યાદિક ષટ્ મિથ્યાત્વ ચાર કષાયજી**
**ચૌદ અભ્યંતર નવ નિધિ બાહ્ય ગ્રંથિ તજે મુનિરાય-**

**-ભવિયણ ભજીયેજી-**

સાધુની લાંબી ઓળખમાં કંઈ સમજ ન પડતી હોય તો ટુંકી વાત યાદ રાખો. अगाराओ अणगारिअ पव्वइए ઘર છોડીને ઘર વગરના થયા તે સાધુ.

જો જો પાછા ઘર છોડી બેઘર બન્યા તેવો અર્થ નહીં કાઢતા. ગૃહસંસારનો ત્યાગ કરી ચારિત્ર ધર્મની સાધના કરે છે તે લક્ષણ યાદ રાખજો.

સિદ્ધચક્ર યંત્રને પણ યાદ કરો.

સાધુ પદ પૂર્વે યંત્રમાં કયું પદ છે?

- ચારિત્ર -

આ ચારિત્ર પદ જ સાધુપણાનો સુંદર સંબંધ જોડી આપે છે. સાધુને માટે પૂર્વ શરત કઈ? ચારિત્ર. જ્ઞાન હોય-દર્શન હોય પણ આચરણા-ચારિત્ર ન હોય તો? કોઈ કિંમત ખરી? -ના-

યંત્રમાં પદોના સંબંધ ખૂબજ સમજણ પૂર્વક ગોઠવાયેલા છે. ચારિત્ર હોવું એ જ પ્રધાન ઓળખ દઈ દીધી સાધુ ભગવંતની.

ઈલાચીકુમાર નટડીના મોહમાં પડીને નટ બન્યો છે. શ્રીમંત પિતા-સંસ્કારી માતાને છોડીને નટકળા દેખાડતો ભટકી રહ્યો છે. રાજા પાસે મોટું દાન મેળવીને નટડીને પરણવાને માટે આખી રાત્રી વાસ પર નવનવા ખેલ કરે છે.

રાજાને પણ નટડીનો મોહ થયો. તે વિચાર કરે કે કયારે આ નટ પડે અને હું નટડીને હાથ કરું ? ચાર–ચાર વાર નટે ભવ્ય ખેલ કર્યા. બધાંજ જોનારા ખુશ ખુશ થઈ ગયા પણ રાજા નવા–નવા બહાના કાઢી દાન આપતો નથી.

છેલ્લી વાર વાંસ પર ચડેલા ઇલાચીકુમારે સામે એક સુંદર દૃશ્ય જોયું. દૂર એક હવેલીમાં અતિ સ્વરૂપવાન સ્ત્રી કોઈ મુનિને વહોરાવવા માટે લ્યો લ્યો કરી વિનવી રહી છે. તે સ્ત્રી સામે પોતાની નટડી તો સાવ "ભંગાર" જેવી લાગી રહી છે.

મુનિ પણ કેવા છે ?

**પંચ મહાવ્રત સુધાં પાળે, અંતરંગ મલ ટાળે**
**વ્રત દુષણ ક્ષણ ક્ષણ સંભારે, જ્ઞાન ક્રિયા અજવાળે.**

ઇલાચીકુમાર તો મુનિને ઓળખતા નથી. પણ તેને એક જ દૃશ્ય તરવરી રહ્યું છે કે મુનિ આંખ ઉચી કરી તે સ્ત્રી સામે જોતા નથી કે થાળ ભરી મોદક (લાડુ) વહોરાવવા લ્યો લ્યો કરતી હોવા છતાં તે લાડવાની સ્પૃહા પણ નથી કરતાં.

મુનિને લાખ લાખ ધન્યવાદ આપે છે. પોતાની જાતને ધિક્કારે છે. અને મુનિનું આ એક વખતનું દર્શન ઇલાચીકુમારને કેવળજ્ઞાન અપાવી જાય છે.

ત્યાં મુનિની એક જ ઓળખ હતી તેને માટે કે સંસાર ત્યાગ કરી (સાધુપણું) ચારિત્ર અંગિકાર કર્યું છે તે જ સાધુ.

**પ્રશ્ન:**–સાધુ એટલે શું તે તો સમજ્યા પણ તેને નમસ્કાર શા માટે કરવાનો ? સાધુને વસ્ત્ર–પાત્ર–આહાર–પાણી–શયન–વસતિ–ઉપકરણ બધું અમે આપીએ. છતાં યે તેને નમવાનું ? શું કામ નમવું ?

૦ તમારો પ્રશ્ન તો બહુ સારો છે ઘેર પણ જઈને શ્રીમતીને પૂછવા જેવો ખરો !

"હું તને કપડાં આપું–ખાવા આપું–રહેવા આપું તો યે મારે તને..........શું કામ ?"

ભાગ્યશાળી ! દુનીયાના સંબંધો તો બધાં સ્વાર્થના છે. તમે ઉપયોગી થતા હો ત્યાં સુધી તમારી કિંમત–ખુરશી હોય તો સલામ.

સાધુ ભગવંતો નિઃસ્વાર્થ સેવા કરે છે. મોક્ષમાર્ગે જતાં તમને સહાયક સાધુ છે, ધર્મ માર્ગે ચડાવવામાં પણ સહાયક સાધુ છે. બાકી તમને સન્માર્ગે ચડાવતા કે ધર્મમાર્ગે જોડતાં સાધુને શું મળવાનું ?

કદાચ તમને સમ્યક્ જ્ઞાન કે ક્ષાયિક સમ્યક્ત્વ, પ્રાપ્ત થઈ જાય. અરે ! મોક્ષ પણ મળી જાય તો શું ? તેમાંથી સાધુને કોઈ ભાગ મળવાનો છે. ખરો ?

અરે ! ખુદ તીર્થંકર પરમાત્મા પણ અમુક સાધુથી સમકિત પામ્યા એવો ઉલ્લેખ વાંચ્યા પછી તે જીવ તો અરિહંત થઈ ગયો પણ પેલા સાધુનું શું થયું તે વાત ક્યાંય સાંભળો છો ખરા ?

સાધુ તો ધર્મકાર્યમાં નિઃસ્વાર્થ મદદકર્તા છે. માટે નમસ્કાર કરો છો. દુનિયાદારીના કામમાં તો બધાં મદદ કરે છે. પણ સામાયિક પૌષધ કે દીક્ષાની વાત કરો તો ? કેટલા મદદે આવે છે ?

વાલ્મીકી, ઋષિ બન્યા પૂર્વે એક લુંટારા હતા. લોકો વાલીયા લુટારા તરીકે જ તેને ઓળખે. દરેકને લુંટતા એવા તેણે એક વખત કોઈ ઋષિને માર્ગમાં રોક્યા. ઋષિ પાસે તો શું હોય કે લુંટે. છતાં ઋષિએ તેને વિશ્વાસ અપાવ્યો કે હું અહીં જ ઉભો છું. તું ઘેર જઈને પૂછી આવ કે લુંટમાં ભાગ ખાનારા તારા કુટુમ્બી તારા પાપમાં પણ ભાગીદાર ખરા કે નહીં ?

વાલીયો ઘેર પહોંચ્યો. પૂછ્યું તેણે કુટુમ્બીજનોને," તમે લુંટેલા માલમાં તો ભાગ પડાવો છો, પણ હું જે પાપ બાંધુ છું તેમાં પણ તમે બધાં ભાગીદાર ખરાને ?"

કુટુમ્બમાં કોઈ ભાગીદાર થયું નહીં ત્યારે વાલીયો પણ સ્વાર્થના સગપણ તોડી વાલ્મીકી બન્યો.

આટલી વાત તો બધાં જાણે છે. પણ મારે આગળનો પ્રશ્ન પૂછવો છે.

દુનિયાદારીમાં બધાં ભેગા રહ્યા પણ વાલીઆએ સંસાર છોડયો ત્યારે કોઇ ભેગું આવ્યું ખરૂં ? –ના–

ભેગા તો માત્ર તે ઋષિ જ આવ્યા. કારણ કે સાધુ જ મોક્ષમાર્ગના સહાયક છે. માટે તેને નમસ્કાર કરવાનું કહ્યું ? સાધુને નમસ્કાર કે સાધુ પદની આરાધના સાધુ પણું પ્રાપ્ત કરવા માટે છે.

શ્રીપાલ પણ નવપદની આરાધના કરે છે. તેને કન્યા કે સંપત્તિ મળી તે તો અનંતર ફળ છે. પરંપર ફળ શું ? નવમે ભવે ક્ષાયિક ચારિત્ર–(કાયમી સાધુપણું) ને છેલ્લે મોક્ષ. કારણ કે તેના રોમેરોમમાં નવપદ આરાધન વણાઈ ગયું હતું. દરિયામાં મગરમચ્છની પીઠ પર પડતાં પણ તેણે નમો અરિહંતાણં યાદ આવેલું–

રત્ન સંચયા નગરીએ મદનસેના તથા મદન મંજુષા સાથે શ્રીપાલ સુખેથી રહ્યો છે–ત્યાં દંડનિયોગ પુરુષ [કરવેરા અધિકારી] કોઈ વણિકને પકડીને લાવ્યા. રાજા પાસે ફરિયાદ કરી કે આ વણિક દાણ (કર) ચુકવતો નથી. તમારી આજ્ઞાનો પણ ભંગ કર્યો છે તો શું કરવું ?

રાજાએ આદેશ આપ્યો કે પ્રાણદંડ આપો. (ફાંસીએ ચડાવી દો). શ્રીપાલે તેને પોતાનો ઉપકારી ગણી છોડાવ્યો. કહ્યું કે આ ધવલ શ્રેષ્ઠી મારે પિતા તુલ્ય છે.

પછી શ્રીપાલે પોતે પણ જવા માટે રાજાની અનુજ્ઞા માંગી. રાજાની અનુજ્ઞા મેળવી, બંને પત્ની તથા પ્રચૂર સમૃદ્ધિ લઈ તે પણ વહાણમાં વિદાય થયો.

ધવલ શેઠ, શ્રીપાલની સ્વરૂપવાન બે સ્ત્રી તથા ઋદ્ધિ સમૃદ્ધિ જોઈ વિચારે કે અ રે રે ! આ શ્રીપાલ એકલો ભટકતો મારી પાસે આવ્યો હતો છતાં કેટલી સંપત્તિ અને આવી બે સુંદર સ્ત્રી પ્રાપ્ત કરીને આનંદ માણી રહ્યો છે. જો હું તેની લક્ષ્મી અને સ્રી પ્રાપ્ત કરી લઉં તો જ મારૂં જીવિત ધન્ય છે.

આ રીતે ધનલોભી અને કામાંધ બનેલા તે ધવલની ઊંઘ હરામ થઇ ગઇ છે. તેણે પોતાના મિત્રો પાસે વાત કરી. મિત્રોએ પણ તેને ધિક્કાર્યો. પણ ત્રણ હિત ચિંતક મિત્રો ગયા પછી ચોથા કુટિલ સ્વભાવી મિત્રે તેને વિપરીત સલાહ આપી.

કૌતુક જોવાના બહાને વહાણમાં ઉપર શ્રીપાલને બોલાવ્યો. જેવો શ્રીપાલ મંચ ઉપર ચડયો કે તુરંત ધવલના દુર્બુદ્ધિ મિત્રે દોરડું કાપી નાખ્યું. શ્રીપાલ સીધો જ દરિયામાં પડે છે. પણ નવપદમાં અનન્ય શ્રદ્ધાવાળા તેણે તુરત નવપદનું સ્મરણ કર્યું. તે ધ્યાનના પ્રભાવથી તત્કાળ મગરમચ્છની પીઠ પર પડયો.

અહીં સમજવા જેવી વાત છે. નવપદ ધ્યાન, નવપદજીની ઓળી આપણે ઘણી એ કરી. શ્રીપાલને પહેલીજ ઓળી ફળી ગઈ ને આપણને જીંદગીભર ઓળી કરવા છતાં આ સ્થિતિ કેમ છે?

કારણ કે નવપદ આરાધનાના સંસ્કાર આપણે પરિણમ્યા નથી. સાઠ વર્ષનો ડોસો હોય ચાળીસ વર્ષ પહેલાં મા બાપ મરણ પામ્યા હોય અરે! કદાચ બચપણથી માબાપ જોયા ન હોય છતાં ઠેસ લાગે તો શું બોલશે?

'ઓ બાપ રે!" મરી ગયો રે.

આ શબ્દો કેમ નીકળ્યા? સંસારી પણાનાં સંસ્કારો ગયા નથી.

શ્રીપાલ દરિયામાં પડતા પણ નવપદને યાદ કરે છે. મા–બાપ કે રાણીઓને નહીં.

આ જ છે નવપદ આરાધનાનું ખરું રહસ્ય. કોઈપણ સ્થિતિમાં નવપદજી ભૂલાય નહીં. તે નવેની શ્રદ્ધામાં લેશ માત્ર ઘટાડો થાય નહીં. તમે પણ નવેપદની આરાધના કરો છો ને? નવે પદ પરત્વે શ્રદ્ધા કેળવી છે ખરી?

આજના પાંચમા દિવસે नमो लोए सव्व साहूणं બોલો છો તે सव्व પદનો અર્થ વિચારશો તો શ્રદ્ધાનું માપ નીકળી જશે.

લોકમાં રહેલા सव्व બધાં જ સાધુને નમસ્કાર કરવાનો. તમે सव्व નું મમ કરી દીધું. મારા સાધુને નમસ્કાર મતલબકે મેં માનેલા ગુરુને જ નમસ્કાર. આમાં સાધુ પદ પરત્વેની શ્રદ્ધા ક્યાં રહી! सव्व [लोए] કેમ મૂકયું?

ભરતના–ઐરાવતના કે મહાવિદેહના ગમે તે સાધુને નમસ્કાર [जावंत के वि साहु], જંબૂદ્વિપ–ધાતકી ખંડ કે પુષ્કરવરાર્ધ દ્વિપના સાધુને પણ નમસ્કાર.

બકુશ–કુશીલ–પુલાક–નિર્ગ્રન્થ કે સ્નાતક ગમે તે હોય તો પણ નમસ્કાર. સ્થવીર કલ્પી હોય કે જિનકલ્પી, આજના દીક્ષિત હોય કે પર્યાય સ્થવીર. ગમે તે સાધુ હોય તેને મારા નમસ્કાર થાઓ. કેવલી-મનઃ પયર્વજ્ઞાની–અવધીજ્ઞાની–પૂર્વધર કે માત્ર નવકાર મંત્ર જ આવડતો હોય તેવા સર્વે સાધુને નમસ્કાર થાઓ.

સાધુ ભગવંત મારા પૂજ્ય છે. તેને નમસ્કાર થાઓ તે એક જ વાતનું લક્ષ રહેવું જોઈએ. સર્વ વિરતિને ઈન્દ્રો પણ નમસ્કાર કરે છે.

**કાળ પ્રમાણે સંજમનો ખપ જોઈને ગુણ લીજે**
**વિજય વિમળ પંડિત એમ બોલે તસપાય વંદન કીજે**

કારણ કે ઈલાચીકુમારનું એક જ વખત સાધુ સમક્ષ નમી ગયેલું મસ્તક તેને કેવળજ્ઞાન અપાવી ગયું.

આ રીતે એક માત્ર સાધુ પદ જ નહીં પણ નવે નવ પદોની શ્રદ્ધાવાળો શ્રીપાલ મગર મચ્છની પીઠ પર પડયો. મગરમચ્છે તેને સુખપૂર્વક કોંકણના કિનારે ઉતારી દીધો. નીદ્રામાંથી જાગેલો શ્રીપાલ આસપાસ જુએ ત્યાં સુભટોથી પરીવરેલો જોયો.

વિનયપૂર્વક અંજલી કરી સુભટો બોલ્યા કે હે દેવ ! નિમિત્તયાના વચનથી અમે તમને લેવા આવ્યા છીએ. આ નગરીનો રાજા વસુપાલ છે. રાજા એ આજ્ઞા કરી છે કે આ રીતે વૃક્ષ છાયામાં સૂતેલા પુરુષને બહુમાન પૂર્વક લાવવો. નિમિત્તિયાના કહેવા મુજબ તે અમારી રાજ-કુમારી મદન-મંજરીનો પતિ થશે.

કુમાર પણ ઘોડા પર બેસી ત્યાં ગયો. રાજા વસુપાલે મંત્રી સહિત આવી સ્વાગત કર્યું. શુભ મુહૂર્તે મદન મંજરી કન્યા શ્રીપાલને પરણાવી. શ્રીપાલે પણ બીજી કોઈ પદવી ગ્રહણ ન કરતાં તાંબુલ દાતા (વિશિષ્ટ મહેમાનોને પાન આપવાની) પદવી ગ્રહણ કરી. ત્યાં સુખપૂર્વક રહ્યો.

આ તરફ ધવલ શેઠે ખોટું કલ્પાન્ત શરૂ કર્યું. છાતી કુટવા લાગ્યો. શ્રીપાલની બંને પત્ની મદન સેના અને મદન મંજુષા મૂર્છીત થઈ ગઈ. જ્યારે ભાનમાં આવી ત્યારે ધવલના કપટ વાકયો સાંભળી બંને સુંદરીઓ સમજી ગઇ કે આ કપટીએ જ અમારા સ્વામીને વિપત્તિમાં નાખ્યા છે.

ધવલે જ્યારે તેની તરફ કુદષ્ટિ કરી ત્યારે બંને સુંદરી નવપદજીના ધ્યાનમાં રત બની. તુરંત સમુદ્રમાં તોફાન શરૂ થયું ઘનઘોર વાદળો ઉમટયા. વીજળી ચમકવા લાગી. રૌદ્રરૂપ ધારણ થયું. ડમરૂક ધ્વનિ થયો.ક્ષેત્રપાલ પ્રગટ થયો. અન્ય દેવો પણ પ્રગટ થયા. ચક્રેશ્વરી દેવી પણ પ્રગટ થયા.

દુર્બુદ્ધિ મિત્રના મુખમાં વિષ્ટા મૂકી. અંગે અંગના ટુકડા કરી દીધા. ધવલ ભયથી બંને સુંદરીના શરણે જતાં તે સ્ત્રીઓએ ધવલને છોડાવ્યો,

એક મહિનામાં પતિ મળી જશે તેવી ખાતરી આપી કલ્પવૃક્ષની માળા આપી, શીલરક્ષણની બાંયધરી આપી. દેવી સ્વસ્થાને ગયા.

વહાણ કોંકણ કિનારે પહોંચ્યા. ધવલ પણ ભેંટણું લઈ રાજા પાસે પહોંચ્યો ત્યાં સ્થગીધર–તાંબુલદાયક એવા રાજાના જમાઇ શ્રીપાલને જોયો. ધવલને મનમાં દુષ્ટ વિચાર આવ્યો કે હવે આની બરાબર ફજેતી કરું.

તેણે ડુંબના કુટુમ્બને બોલાવ્યું. ૧ કરોડની મુદ્રા આપી, ડુંબને ખાનગી કાર્ય સોંપ્યું. ડુંબ કુટુંબ તો શ્રીપાલને ફજેત કરવા પહોંચ્યું રાજ મહેલે. વૃદ્ધા ડુંબી કહે અરે અરે આ તો મારો પુત્ર છે. કોઈ કહે મારો ભાઈ છે.–કોઇ કહે મારો ભત્રીજો છે. કોઈ કહે મારો દેવર છે.

એ પ્રમાણે બધા શ્રીપાલને વળગવા લાગ્યા. રાજાને થયું કે અરે મેં મારી કુંવરીને કુવામાં નાખી દીધી. આવા નીચ કુળના પુરૂષ સાથે પરણાવી ક્રોધાયમાન થયેલો રાજા શ્રીપાલને મારી નાખવા સૈનિકોને આદેશ આપે છે.

કુંવરી એ તરત રાજાને અટકાવ્યા.

आचारः कुलमाख्याति, देश माख्याति भाषणम् ।
आकृतिर्गुणमाख्याति, वपुराख्याति भोजनम् ॥

રાજાએ શ્રીપાલને પૂછ્યું." તારું કુળ કયું છે? શ્રીપાલ તેનો શો જવાબ આપે અને નવપદ પસાયે કઇ રીતે આ વિપત્તિમાંથી મુક્ત થાય તે કઈ રીતે જણાવે.

**એ અગ્રે વર્તમાન–**

આજે નવપદજી આરાધનાનો પાંચમો દિવસ–સાધુપદની આરાધના

સાધુને ઓળખવતા પૂજ્ય યશોવિજયજી મહારાજા નવપદજીની ઢાળમાં જણાવે છે—

**અઢાર સહસ સીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર**
**મુનિમહંત જયણાયુત વંદી કીજે જન્મ પવિત્ર રે**
**—ભવિકા—**

આખી પંક્તિમાં " અઢાર સહાસ શીલાંગ " શબ્દ પકડો તો પણ જેને નમસ્કાર કરવા છે તે સાધુ પદની ગહનતા સમજાઈ જશે.

| | |
|---|---|
| ૦ દશવિધિ ચક્રવાલ સમાચારી | ૧૦ |
| ઇચ્છાકાર, મિચ્છાકાર તહતિકાર વગેરે | |
| ૦ પૃથ્વીકાયાદિ પાંચ+બે ઇન્દ્રિયાદિ ૪ + અજીવ= ૧૦ | ૧૦=૧૦૦ |
| ૦ ઈર્યા–ભાષાદિ સમિતિ ૫ | × ૫=૫૦૦ |
| ૦ ક્રોધાદિ કષાય ૪ | × ૪=૨૦૦૦ |
| ૦ જ્ઞાન–દર્શન–ચારિત્ર ત્રિક ૩ | × ૩=૬૦૦૦ |
| ૦ મન–વચન–કાય ગુપ્તિ ૩ | ×૩=૧૮૦૦૦ |

[૧]વચનગુપ્તિ એ ગુપ્ત એવો [૨]સમ્યક્ જ્ઞાન વાળો અને [૩]પ્રશાંત કષાયી–માયાના અભાવવાળો–(સરળ) તેમજ [૪]ભાષા સમિતિ પાલન કરતો એવા [૫]મિચ્છાકાર સમતિપૂર્વક [૬]પંચેન્દ્રિય જીવનું રક્ષણ કરે ( મિચ્છામિ દુક્કડમ્ આપે)

સાવ સરળ ભાષામાં સાધુનું લક્ષણ બાંધતા લખ્યું " જયણાયુત " જયણા ધર્મનું પાલન કરતા હોય તો પણ નમસ્કાર કરવો.'

વર્તમાન કાલે આ લક્ષણ સારી રીતે સમજવા જેવું છે. આજે સાધુ કોણ છે તે વિચારવાને બદલે વક્તા કોણ છે? તે વાતમાં જ તમને રસ છે.

નંદીષેણ વેશ્યાને ત્યાં રહ્યા ત્યારે અભિગ્રહ હતો કે રોજ દશને પ્રતિબોધ કરવા. કેટલું કપરું કામ હતું ? વેશ્યાને ત્યાં આવતા વિલાસી પુરુષોને ધર્મકથા થકી પ્રતિબોધ પમાડવા, ચારિત્ર માર્ગે વાળવા, સાધુ બનાવવા તે.

તો પણ આ કાર્ય નંદીષેણે કર્યું. એક બે દિવસ નહીં પણ પુરા ૧૨ વર્ષ. સાદું ગણિત માંડી જુઓ.

૩૬૦ દિવસનું એક વર્ષ

રોજના દશ દીક્ષા લઈ સાધુ બને

૩૬૦×૧૦=૩૬૦૦×૧૨=૪૩૨૦૦

સમજવા ખાતર વિચારો કે ૪૩૦૦૦ જેટલા દીક્ષા લે. સાધુ બને એટલું જ નહીં કેવળજ્ઞાન પામે.

કેટલી સુંદર વ્યાખ્યાન શક્તિ હશે નંદીષેણની?

પણ નંદીષેણને સાધુ ગણ્યા ખરા?

જ્યારે ધર્મરૂચી અણગાર જેવાની જયણાવૃત્તિ–કરૂણા દૃષ્ટિ પણ કલ્યાણકારી બની ગઈ.

માટે વિવાદમાં ન પડતાં એક જ વાત સ્મરણમાં રાખો

નમો લોએ સવ્વ સાહૂણં

આ લોકના સઘળા સાધુઓને નમસ્કાર.

સાધુ પ્રત્યે કેવળ પૂજ્યભાવ–બહુમાન ભાવ હૃદયમાં વહેતો હોય તે જ કલ્યાણ કરનારો થશે.

હવે દર્શન પદ કઈ રીતે જણાવે તે **અગ્રે વર્તમાન**

□

# (૬) દર્શન પદ

सव्वन्नुपणीयागम पयडियतत्तत्थ सद्दहणरूवं
दंसणरयणपईवं निच्चं धारेह मणभवणे

શ્રીમાન્ રત્નશેખર સૂરિજી મહારાજા શ્રીપાલ ચરિત્રની રચના કરે. પણ તે કથાનું રહસ્ય ક્યાં છે? નવપદ આરાધનામાં.

તમે પાંચ–પચાસ લાખનો વેપાર કરો છતાં એમ બોલો કે સાહેબ! રવિવારે પણ ઘેર બેસી ચોપડા લખવાના હોયને? માટે સમય મળતો નથી, મતલબ કે ધર્મકાર્ય કરવાને તમે ફુરસદ સાથે જોડી દીધું. ઘર–ધંધો–સંબંધ બધું સાચવવાનું. કોઈનું મોત થઈ જાય તો ધંધો છોડીને પણ જવાનું. પરંતુ તમારું મોત થાય ત્યાં સુધી ધંધો છોડવાનો નહીં!

કેમ? ફુરસદ નથી.

જ્યારે શ્રીપાલ કે બીજા મહારાજાઓ એ ધર્મને ફુરસદનો ગણ્યો નહોતો પણ ફરજ તરીકે ગણેલો હતો. શ્રીપાલ ચરિત્ર આપણે સાંભળવાનું છે. તે ધર્મને કર્તવ્ય માનીને આરાધવા માટે છે. જો તેને રસ કથા કે નવલકથા રૂપે જ સાંભળશો તો એક નહીં સો જીંદગી પુરી થઈ જાશે તો પણ તત્ત્વ હાથમાં નહીં આવે.

o તત્વ શું? –ધર્મ–

o ધર્મના કેટલા ભેદ નવપદમાં આરાધના કરવા માટે કહ્યાં?

–ચાર– દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ.

સર્વ પ્રથમ (આજે) દર્શન પદની આરાધના કરવાનું કહ્યું. પણ દર્શન એટલે શું? –શુદ્ધ શ્રદ્ધા–

સમઢીયાળા ગામનો કસળસિંહજી ગોહેલ એટલે ગંગા જળીયા કુળનો ભક્તિથી રંગાયેલો જણ. તે દી' મકર સંક્રાન્તી હતી. સવારે લોકો દાન પુન કરીને ભવનું ભાથું બાંધી રહ્યા 'તા. ઈ' ટાણે કસળસિંહ ગામને પાદરે શિવમંદિરે બેઠો લોળીયાનાથને ભાવે ભીંજાઈ રહ્યો 'તો.

ભીતરના ભેદ ભાંગીને બેઠેલા ઈ રાજપુતને હવે ગામ–ગરાસમાં કોઈ રસ નો ’તો. હથીયાર હેઠાં મેલી માળાના મણકામાં મન પરોવી સરગને મારગ પગલું માંડતો ’તો.

ગામને પાદર પુગ્યો. જોયું તો ગામને પાદર માણસોની ઠઠ જામેલી. ગામને ગોંદરે ગાયોને લીલુ ઘાસ ખવરાવે છે, કણબીયું દાન દઇ રહ્યા છે. દરબાર ડાયરો ભરીને બેઠો છે; હોકો ફરી રહ્યો છે.

કસળસિંહને થયું આ ભીડ શાની? ત્યાં કોઈ ગાય વધું લીલું ખાઈ ગઈ ’તી, આંખ્યુ ઓળે ચડી ગઇ’ તી, મોઢેથી ફીણ ફગ ફગી રીયા ’તા. ત્યાં કાને સાદ પડયો, લ્યો બોલ્યા ભગત હાલ્યા આવે. હવે કંઈ ગાયને થોડી મરવા દેહે.

વેણ કસળ સિંહને કાળજે લાગ્યા ત્યાં બીજો ઘા વછુટયો. લ્યો ભગત! મોડું કાં કરો તમ બેઠા સપરમે દો’ડે ગામને પાદર ગાય મરે? તો તો તમારી ભક્તિ લાજે.

કસળ સિંહને થયું આ જ કસોટી છે. ભોળાનાથનું નામ લઈ, ત્રાંબાના લોટામાંથી જળ છાંટયું. પેલી–બીજી–ત્રીજી અંજલીએ તો ગાય પૂછડું ઉલાળી જાય ભાગી.

ડાયરો ઝંખવાણો પડી ગ્યો, પાઘડી ઉતારી દરબારે માફી માંગી, કસળસિંહ કે ભાયું! ભગવાનને ચરણે શીશ નમાવો હું તો ચિકિનો ચાકર.

ઘેર જઈ માળા લઇ બેસી ગ્યા. ભોળાનાથને પ્રાર્થના કરી હવે મોડું ન કરતો નહીં તો લોક જંપવા નહીં દે, આંખ મીંચીને તેનો આત્મા અલખને આંગણે ચાલ્યો ગયો.

આનું નામ શ્રદ્ધા.

આપણે પણ નવેપદોની શ્રદ્ધા હોવી મહત્ત્વની ગણી. અરિહંત પણું કે સિદ્ધપણાની જો કોઈ જડ હોય તો તે સમ્યક્ત્વ–દર્શન છે. જો દર્શન જ ચાલ્યું જાય તો અરિહંત–અરિહંત નહીં રહે, સિદ્ધ સિદ્ધ નહીં રહે.

બધાં જ અરિહંતોની જો કોઈ ભૂમિકા હોય તો તે સમ્યક્ત્વ છે.

વિચાર કરો કે સમ્યક્ દર્શનનો પાયો સમાન ન હોય તો ઇન્દ્ર મહારાજાની હાલત શું થાય?

સમ્યક્ત્વનો અભાવ થઈ જાય તો દરેક અરિહંત નવુ તુત કાઢે. ઇંદ્રને તો એક જીંદગીમાં અસંખ્યાત તીર્થંકરોની સેવા કરવાની છે. પલ્યોપમના અસંખ્યાત ભાગ કરતાં પણ ૮૪ લાખ પૂર્વ ઓછા થાય. તેથી અસંખ્યાત તીર્થંકર તેની જીંદગીમાં આવી જાય.

ઉત્કૃષ્ટાનો જ વિચાર કરો તો પણ ૧૭૦ મત અજીતનાથ સ્વામીના વખતે થયા હોત વળી ઇન્દ્ર તો એ જ ભરતમાં જશે અને એ જ ઇન્દ્ર મહાવિદેહમાં જશે. બધે જ જુદો ઉપદેશ સાંભળે તો ક્યા તીર્થંકરની વાત માન્ય કરે?

પણ આવું કશું બનતુ નથી. કેમકે (શ્રદ્ધાની) સમ્યક્ દર્શનની ભૂમિકા બધાંની સંપૂર્ણ સમાન છે.

**પ્રશ્ન :–** જો આટલું બધું દર્શનનું મહત્વ ગણો છો તો પછી नमो दंसणस्स જ પ્રથમ મુકવું હતું ને?

માબાપ હોય તો સંતાન થાય તેમ દેવ કે ગુરુ હોય તેની શ્રદ્ધા થાય પણ દેવ કે ગુરુ જાણ્યા જ નથી તે શ્રદ્ધા કોની કરશે?

માટે नमो दंसणस्स એ પાંચ પદ પછી આવે છે. તે યોગ્ય જ છે. છતાં નવમાં શ્રદ્ધા એ પાયો છે. તે વાતમાં કોઇ મતભેદ નથી, નિર્વિવાદ સત્ય છે.

દર્શન એટલે શું?

**શુદ્ધ દેવ ગુરુ ધર્મ પરીક્ષા–સદ્દહણા પરિણામ**
**જેહ પામીજે તેહ નમીજે સમ્યગ્ દર્શન નામ રે.**
**ભવિકા........**

આવા દર્શનાદિથી યુક્ત શ્રીપાલને વસુપાલ રાજા પૂછે છે કે તારું કુળ કયું?

શ્રીપાલે કહ્યું કે વહાણમાં રહેલી સ્ત્રીઓને બોલાવીને પૂછો. બહુમાન પૂર્વક પાલખીમાં બેસાડી બંને સ્ત્રીઓને લાવીને રાજાએ પૂછ્યું કે આ યુવાન કોણ છે.?

પોતાના પતિ શ્રીપાલને જોઈને તે બંને સ્ત્રી–મદનસેના અને મદનમંજુષાએ પુરો વૃતાન્ત જણાવ્યો. ત્યારે ખુશ થયેલા રાજાએ તેને ક્ષમા કરી ડુંબના ટોળાને માર મરાવી સાચી વાત કબુલ કરાવી.

ધવલ શેઠે આ કરાવ્યું છે તે વાત જાણીને અતિ ક્રોધે ભરાયેલા રાજાએ ધવલને બાંધીને વધ કરવા માટે હુકમ કર્યો. શ્રીપાલે રાજાને વિનંતી કરીને ધવલને છોડાવ્યો કેમકે પ્રાયઃ સજ્જન પુરુષો પોતાની સજ્જનતા છોડતાં નથી.

ધવલના મનમાં રહેલી દુષ્ટતા હજી ગઈ નથી. તે શ્રીપાલને મારી નાખીને બળાત્કારે પણ શ્રીપાલની સ્ત્રીઓ લઈ જવા ઇચ્છે છે.

એક વખત શ્રીપાલ સાતમે મજલે ચંદ્રશાળામાં સુતો હતો ત્યારે તેને મારી નાખવા છરી લઈને ધવલ પાછલી ભીંતેથી ચઢે છે. પણ ભયભીત એવા તેનો પગ ઉન્માર્ગને કારણે લપસતા તે નીચે પડે છે. અને પોતાની છરીથી પોતે જ મૃત્યુ પામે છે. મરીને તે સાતમી નરકે ગયો.

યથા ગતિ તથા મતિ.—જેવી ગતિ થવાની હતી તેવી મતિ જ તેને ઉત્પન્ન થઈ.

શ્રીપાલે ધવલની મિલ્કત તેના ત્રણ હિતચિંતક મિત્રોને વહેંચી દીધી અને પોતે પણ મદનસેના–મદનમંજુષા–મદનમંજરી સાથે આનંદથી કાળ વીતાવે છે.

એક વખત ઉદ્યાનમાં તેણે સાર્થવાહને જોયો. પૂછ્યું કે કોઈ નવીન વાત જોઈ હોય તો કહો. ત્યારે સાર્થવાહ શ્રીપાલને આશ્ચર્ય જણાવે છે.

કુંડલપુર નામે નગર છે. ત્યાં મકરકેતુ નામે રાજા છે. કપુર તિલકા રાણી છે. તેને સ્વરૂપવાન એવી ગુણસુંદરી નામે પુત્રી છે. તે વીણા વાદનમાં પ્રવીણ છે. તેને પ્રતીજ્ઞા કરી છે કે મને વીણા વાદનમાં જીતે તે મારો પતિ થાઓ. ઘણાં રાજકુમારો વીણા વાદનનો અભ્યાસ કરે છે. પણ કોઈ તેને જીતી શક્યું નથી.

કુમારે આ વાત સાંભળી મન–વચન કાયાના યોગે નવપદજીનું ધ્યાન કર્યું. સિદ્ધચક્રમાં તલ્લીન બની ગયા, ત્યારે વિમલેશ્વર યક્ષે પ્રગટ થઈને તેને દિવ્યહાર આપ્યો. પછી શ્રીપાલને કહ્યું કે આ હારના પ્રભાવે પાંચ કર્યો કરી શકાશે.

(૧) રૂપ પરાવર્તન (૨) આકાશમાં ઉડવું (૩) સર્વ કળામાં નિપુણતા (૪) શત્રુઓ પર વિજય (૫) સર્વ પ્રકારે ઝેર ઉતારવું.

**જે એ ઓળી કરે ઉજમાળી,**
**તેહના વિઘ્ન હરે સહુ બાળી–સેવક જન સંભાળી.**

ઉદયરત્ન મહારાજે આ પંક્તિમાં બાંયધારી આપી કે જેઓ શાશ્વતી ઓળીને વિધિપૂર્વક આરાધે છે, તેના સઘળાં વિઘ્નો નાશ થાય છે. મનવાંછિતની પ્રાપ્તિ થાય છે.

શ્રીપાલ પણ હારને પ્રભાવે કુંડલપુર પહોંચી ગયો. કંઇક નવું કરવા કુબડાનું રૂપ ધારણ કર્યું. તેનું વિચિત્ર વામન રૂપ જોઈ લોકોના ટોળે ટોળા એકઠાં થઈ ગયા. લોકે મશ્કરી કરી. ઉપાધ્યાયને રાજી કરવા તેણે મૂલ્યવાન્ ખડ્ગનું ભેટણું ધર્યું. પછી તો **દામ કરે કામ.** ઉપાધ્યાયે વીણા શીખવવા માંડી.

વીણા પરીક્ષાને દિવસે તેની બેહુદી સીકલ જોઇ દરવાને રોકયો તો તેને પણ રત્નજડીત કુંડલ ભેટ આપ્યા. પૈસાની કરામતથી વામન અંદર પ્રવેશ્યો. ત્યાં કુંવરી તેને મૂળરૂપે જુએ અને બાકી બધાં કુબ્જ રૂપે જુએ તેવું રૂપ કર્યું. કુંવરીને થયું આ જ મારો જન્મ સફળ કરશે.

કુંવરીની વીણા હાથમાં લઇ વામન રૂપી શ્રીપાલે તેના દોષો કાઢવા શરૂ કર્યા. પછી સુંદર રાગ ગાઈ બધાંને મૂર્છિત કરી લોકોની ગલઅ અલગ વસ્તુ હરી લીધી. કુંવરી એ પ્રતિજ્ઞા પૂર્ણ થતા વરમાળા આરોપી દીધી.

હવે બોલો, પાંચમી સ્ત્રી મળી, તે પ્રભાવ કોનો?

— નવપદજીનો — શ્રદ્ધાનો.

શ્રદ્ધાને શાસ્ત્રીય ભાષામાં દર્શન કહે છે. કે જે પદની આજે આરાધના કરવાની છે.

**દર્શન એટલે શું?**

રત્નશેખર સૂરિજી જણાવે કે—

સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલા આગમોમાં પ્રગટ કરાયેલા તત્વોના અર્થને વિશે શ્રદ્ધારૂપ સમ્યકત્વ રત્ન મનમંદિરમાં નિત્ય ધારણ કરવું તે દર્શન.

આજ વાત ઉમાસ્વાતીજી મહારાજાએ નાનકડાં સૂત્ર રૂપે મુકી–

तत्वार्थ श्रध्धानां सम्यग्दर्शनम्

પદ્મ વિજયજીએ સુંદર પદ્ય રચના કરી.

**ઉપશમ ક્ષયઉપશમ ને ક્ષાયિક દર્શન ત્રણ પ્રકારેજી**
**શ્રધ્ધા પરિણતિ આતમ કેરી નમીએ વારંવાર**
**– ભવિયણ ભજીયેજી –**

આવું દર્શન ધર્મ વૃક્ષના મૂળ સમાન છે, મોક્ષ રૂપી નગરના દ્વાર સમાન છે, જ્ઞાન અને ચારિત્રનો પણ પાયો છે, સમતાનું ભાજન છે, શ્રાવકના વ્રતના લગભગ ૧૩૦૦ કરોડ ભાંગામાં પણ સમક્તિ વિનાનો એકે ભાંગો નથી. સંઘ પ્રસાદના પગથીયે સમક્તિ વિના પગ પણ ન મુકી શકાય, શાસન આજ લગી ટકી રહ્યું છે, ટકે છે અને ટકશે તે બધાંનો આધાર સમ્યગ્દર્શન પર છે.

પૂ. મહોપાધ્યાય યશોવિજયજીએ ત્યાં સુધી લખી દીધું કે

**જે વીણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્ર તરુ નવિ ફળીયો**
**સુખ નિર્વાણ ન જે વિણ લહીએ, સમકિત દર્શન બળીયો**
**– ભવિકા –**

માટે દર્શનને નમસ્કાર કરવા કહ્યું.

**પ્રશ્ન :–** આટલાં બધાં દર્શનના ગુણગાન કરો છો તો પછી નમસ્કાર મંત્રમાં તેનું સ્થાન કેમ નથી રાખ્યું ? દર્શનાદિ ચાર પદો વાળો નવપદ સહિતનો નવકાર હોવો જોઈએ ને ? તમારે एसो पञ्चने બદલે एसो नव नमुक्कारो જ કહેવું હતુને ?

જુઓ ભાગ્યશાળી ! અહીં અરિહંતાદિ પાંચને નમસ્કાર કર્યો તેનો હેતુ સમજો. નમસ્કાર વડે દર્શનાદિ ગુણોની વૃદ્ધિ થાય તે ધ્યેય રહેલું છે. અરિહંતાદિ પાંચ એ ગુણી છે તેને કરેલો નમસ્કાર દર્શન વગેરે ચાર ગુણો પ્રાપ્ત કરવા માટે છે. સમ્યગ્દર્શનાદિ માટે અરિહંતાદિની આરાધના કરે તે જ સાચી આરાધના લેખાય. બીજા ધ્યેયથી કે ધ્યેય હિન પણે થતી આરાધના સાચી આરાધના ન ગણાય.

एसो पंच नमुक्कारो પછી सव्व पावप्पणासणो લખ્યું તે તો પરંપર ફળ છે. પણ અનંતર ફળ તો સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ જ છે. એટલે કે પાંચને નમસ્કાર કરતાં આ ચાર ગુણોનું ધ્યેય રાખવાનું જ છે.

અરહિંત કલ્યાણકારી નથી પણ તેની આરાધના કે નમસ્કાર કલ્યાણકારી છે. તેથી જ एसो पंच नमुक्कारो શબ્દ મુકયો. નહીં તો एसो पंच परमेट्ठी લખીને કહેત કે આ પાંચ પરમેષ્ઠી સઘળાં પાપનો નાશ કરનાર છે

ખરો નમસ્કાર તે સમ્ગૂદર્શનાદિની પ્રાપ્તિના પરિણામ દ્વારા કરાતો નમસ્કાર

શ્રીમાન્ હરીભદ્ર સૂરિજી જેવા મહાત્માએ પણ શાસ્ત્ર વાર્તા સમુચ્ચયમાં લખી દીધું કે सति चारिमिन्नसा धन्य : सम्यग्‌दर्शन संयुत : ધન્ય છે તે મહાપુરુષોને જેણે ગ્રંથિ ભેદ કરી સમ્યક્‌દર્શન પ્રાપ્ત કર્યું છે.

પ્રભુ ચંપાનગરીમાં પધાર્યા હતા ત્યારે અંબડ પરીવ્રાજક રાજગૃહી તરફ જતો હતો. પ્રભુ એ તેને પ્રતિબોધ કરવા કહ્યું કે ત્યાં સુલસા શ્રાવિકાને મારો ધર્મલાભ કહેજો.

અંબડે વિચાર્યું કે આ સુલસાની શ્રદ્ધા કેવીક છે તેની પરીક્ષા કરી જોઉં. તેણે "વૈક્રિય લબ્ધિ વડે નગરીની પૂર્વ દિશાએ સાક્ષાત્ બ્રહ્મા હોય તેવું સ્વરૂપ ધારણ કર્યું. નગરના ઘણાં લોકો ત્યાં ગયા પણ સુલસા શ્રાવિકા તો સ્વ ધર્મે સ્થિર રહીને ત્યાં ન ગઈ.

બીજે દિવસે દક્ષિણ દિશામાં શંકરનું રૂપ કર્યું. તેના દર્શને પણ સુલસા સિવાય બધાં ગયા. ત્રીજે દિવસે પશ્ચિમ દિશામાં જઈ અંબડે વિષ્ણુનું રૂપ વિકુર્વ્યું. નગરના જનોના ટોળે ટોળા ઉમટયા તો પણ ન ચલીત થઈ એક સુલસા.

ચોથે દિવસે અંબડે પણ પરાકાષ્ઠા સર્જી સમવસરણમાં દેશના દેતા તીર્થંકરનું રૂપ ધર્યું. છતાં સુલસા ન છેતરાઈ. માણસ મોકલ્યો સુલસાને બોલાવવા. તારા પોતાના ભગવાન આજે આવ્યા છે.

સુલસાની શ્રદ્ધા તો પણ ડગી નહીં. કારણ? તીર્થંકર ચોવીસ જ હોય, પચીસમાં હોય નહીં. અને જો પ્રભુ મહાવીર આવે તો મારી રોમરાજી વિકસ્વર થયા વગર રહે નહીં.

બોલો, છે આપણી આટલી શ્રદ્ધા?

તો આપણે પણ તીર્થંકર પરમાત્માના ધર્મલાભના સંદેશા આવે.

પણ સુલસા તો ભાવિ તીર્થંકરનો જીવ છે. તેના સમ્યગૂદર્શન વિશે કહેવાનું જ શું હોય?

આવું દર્શન, જે પદની આજે આરાધના કરવાની છે તેના ત્રણ ભેદ જણાવ્યા.

ઔપશમિક – ક્ષાયોપશમિક – ક્ષાયિક

**પંચવાર ઉપશમીય લહીજે, ક્ષય ઉપશમિય અસંખ**
**એકવાર ક્ષાયિક તે સમકિત, દર્શન નમિયે અસંખ રે**
**– ભવિકા –**

० **ઔપશમિક** સમક્તિ ભવચક્રમાં પાંચ વખત આવે ( ને જાય ) તે મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધી કષાયનો ઉપશમ કરવાથી પ્રાપ્ત થાય છે તેની સ્થિતિ રાખ ઢાળેલા અગ્નિ જેવી ગણાય છે

આ સમક્તિ અન્તર્મુહૂર્ત ટકે છે, ચારે ગતિના જીવોને પ્રાપ્ત થઈ શકે છે અથવા તો ગુણઠાણાની ઉપશમ શ્રેણીએ ચડેલાને ૧૧મા ઉપશાંત મોહ નામના ગુણઠાણે હોય છે.

० **ક્ષાયોપશમિક સમકિત** – ભવચક્રમાં અસંખ્ય વખત આવે અને જાય. મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધી કષાયની ચોકડીમાં જે ઉદયમાં આવે તેનો ( ક્ષય ) નાશ કરે અને ઉદયમાં ન આવી હોય તેનો ઉપશમ કરે તે ક્ષાયોપશમિક સમક્તિ કહેવાય. તેની વધુમાં વધુ સ્થિતિ ૬૬ સાગરોપમની હોય.

० **ક્ષાયિક સમકિત** – જીવનમાં એક જ વખત આવે પછી કદી જાય નહીં.

સમકિત મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભ એ સાતે પ્રકૃતિનો સર્વથા નાશ કરવાથી જે પ્રગટ થાય તે ક્ષાયિક સમક્તિ કહેવાય. તે સાદિ અનંત સ્થિતિવાળું હોય છે. તેની ભાવના ભાવવા માટે પડિલેહણ કરતી વેળા રોજ બોલવાનું હોય છે કે – સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરીહરું.

નવેપદમાં શ્રદ્ધા એટલે કે દર્શનતત્વ એ પાયો છે. કેમ કે ચારિત્રથી પડેલો કદીક પણ મોક્ષે જશે પણ દર્શનભ્રષ્ટ હોય તો કદી મોક્ષે ન જાય.

અભવીનો જીવ હોય તો બ્રહ્મચારી હોઈ શકે કે નહીં? ચોથું વ્રત સારામાં સારું કે નિરતિચાર પાળી શકે કે નહીં?

પરંતુ અભવી કોઈ દિવસ મોક્ષે જવાનો ખરો? – કેમ ન જાય? –

કારણ કે તે મોક્ષ તત્ત્વને માનતો જ નથી. દર્શન જ નથી પછી મોક્ષની વાત ક્યાં આવવાની છે?

પરંતુ શ્રીપાલ મહારાજા તો નવેપદમાં શ્રદ્ધાવાળા છે. ઋદ્ધિ સમૃદ્ધિ કે ચમત્કાર તો દ્રવ્ય ક્રિયા કહી છે. ભાવ ક્રિયા તો નવપદજીની આરાધના જ છે.

તેને પથિક દ્વારા સમાચાર મળે કે અહીંથી ૧૨૦૦ ગાઉ દૂર કંચનપુર નગર છે. ત્યાં વજ્રસેન રાજા છે. કંચનમાળા રાણી છે અને ત્રૈલોક્ય સુંદરી નામે કુંવરી છે. તેણે સ્વયંવર મંડપની રચના કરી છે. મૂળ થાંભલે સોનાની રત્ન જડીત પુતળી ગોઠવી છે.

શ્રીપાલ કુંવર હાર પ્રભાવથી કુબડાનું રૂપ ધારણ કરી કંચનપુર પહોંચ્યા તેને દરવાને રોકયો ત્યારે સોનાનો અમુલ્ય દાગીનો ભેટ આપ્યો. તુરંત અંદર દાખલ થઈ પુતળી પાસે ઉભો રહ્યો. આવેલા બધાં તેની મશ્કરી કરે છે? ત્યાં રાજકુમારી પાલખીમાં આવી અકસ્માત શ્રીપાલ કુમારનું સુંદર રૂપ જોતાં તેણી શ્રીપાલકુંવર પ્રત્યે અનુરાગ વાળી થઈ.

શ્રીપાલ ઘડીક કુબડાનું રૂપ દેખાડે છે તો ઘડીક મૂળરૂપ દેખાડે છે. તે કુંવરીએ બધાં જ રાજાના રૂપ જોયા. પણ શ્રીપાલ સિવાય કોઈ તેને ગમતું નથી. તે સમયે હારના પ્રભાવે વિમલેશ્વર દેવે પુતળીમાં પ્રવેશ કરી કુંવરીને કહ્યું કે જો તું ચતુર છે તો આ કુંવરને પરણ. આવું સાંભળી તુરંત ત્રૈલોક્ય સુંદરીએ કુબ્જાને વરમાળા પહેરાવી.

રોષે ભરાયેલા બીજા રાજાઓ તેને કુબડો જાણી જેમ તેમ બોલવા લાગ્યા. એટલે તે કુબડાએ પણ એવું પરાક્રમ બતાવ્યું કે બધાં રાજા જીવ લઈને નાઠા. પછી શ્રીપાલે મૂળ રૂપ પ્રગટ કરતાં તેની સાથે કુંવરીને પરણાવી. મોટો દાયજો અને નિવાસ આપ્યા.

એક દિવસ રાજસભામાં બેઠેલા શ્રીપાલને ચર પુરુષે કહ્યું દેવદત્ત-નગરે ધરાપાલ રાજા અને ગુણમાળા રાણીને શૃંગાર સુંદરી નામે કન્યા છે. જૈન ધર્મમાં નિશ્ચલ શ્રદ્ધાવાળી તે કુંવરીએ નકકી કર્યું કે જૈન

ધર્મના મર્મને જાણકાર પુરુષ સાથે જ લગ્ન કરવા. તે માટે તે કુંવરીએ સમસ્યા મુકી છે. જે આ સમસ્યા પૂર્ણ કરશે તેની સાથે કુંવરી પરણશે.

હારના પ્રભાવે કુંવર દેવદત્ત નગરમાં પહોંચ્યો. રાજકન્યા પણ તેને જોઈને ચમત્કાર પામી લગ્ન માટે વિચારવા લાગી. કુમારે તેને સમસ્યા પૂછતા તે કુંવરીએ પહેલી સમસ્યા કહી.

– મનવાંછિત ફળ કયારે થાય ?–

**અરિહંતાઈ સુનવહ પય નિય મન ધરે જુ કોઈ**
**નિચ્છય તસુ નરહેસરહ મનવંછિત ફળ હોઈ**

શ્રીપાલે પોતે જવાબ ન દેતા નજીકની પૂતળીના માથે હાથ રાખી પૂતળી પાસે સમસ્યા પૂર્તિ કરાવી. – આવી સમસ્યા પૂરણ થયે કુંવરી પરણે છે કે કેમ તે – **અગ્રે વર્તમાન**

ધર્મ તત્વના ચાર ભેદમાં આજે દર્શન પદની વિચારણા કરી. હૃદયમાં શુદ્ધ શ્રદ્ધા પ્રગટ થયા પછીનો તબક્કો છે જ્ઞાન.

જ્ઞાનપદની વિચારણા કઈ રીતે દર્શાવવા તે અધિકાર **અગ્રે વર્તમાન.**

□

# (૭) જ્ઞાનપદ

जीवाजीवाइ पयत्थ सत्थतत्ताव बोह रुवं च
नाणं सव्व गुणाणं मूलं सिक्खेह विणण्णं

શાસ્ત્રકાર મહર્ષિ શ્રીમાન્ રત્ન શેખર સૂરિજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે શ્રીપાલ ચરિત્રની રચના કરતા જણાવે કે જગતમાં રસપ્રધાન અને તત્વ પ્રધાન બંને પ્રકારના શ્રોતા જોવા મળે છે. તેમાં રસપ્રધાન શ્રોતાને હેય ઉપાદેયનું જ્ઞાન હોતું નથી. આપણે રસપ્રધાન શ્રોતાને પણ તત્ત્વનું જ્ઞાન કરાવવા માટે આવા ચરિત્રોનો ઉપયોગ કરવાનો છે.

શ્રીપાલ ચરિત્રમાં શ્રીપાલને છ કન્યા પરણાવી. બીજી પણ બે કન્યા આજે પરણાવી દઈશું પણ કન્યા પરણાવવી તે નવપદજી માહાત્મ્ય સમજાવવાનો ધ્યેય નથી. શ્રીપાલ ચરિત્રના કથાનુયોગ થકી નવપદ આરાધનાનું તત્વ કે અરિહંતાદિ પદોની શ્રદ્ધાને ઠસાવવી તે મુખ્ય ધ્યેય છે?

દેવદત નગરમાં શૃંગાર સુંદરી પણ વરની પસંદગી માટે એવી સમસ્યા મુકે છે. જેના વડે તે જિનધર્મ પરત્વે કેટલો શ્રદ્ધાવાન કે જ્ઞાન રુચિવાન છે તે નક્કી થઈ શકે.

સમસ્યા— (૧)—મન વંછિત ફળ થાય—

શ્રીપાલ પુતળીના માધ્યમથી જવાબ અપાવે છે—અરિહંત, સિદ્ધ આદિ નવપદને જો કોઈ મનુષ્ય પોતાના મનમાં ધારણ કરે તો તે મનુષ્યને મનવાંછિત ફળ પ્રાપ્ત થાય.

(૨) અવર મ ઝંખો આળ

શ્રીપાલ તેનો જવાબ પણ પુતળી મારફત દેવડાવે કે—અરિહંત દેવ, સાધુભગવંત ગુરુ અને વિશાળ દયામય ધર્મ એ ત્રણ તત્વવંત નવકાર મંત્ર સિવાય બીજી આળપંપાળની ઝંખના ન કરો.

(૩) તું તારા આત્માને સફળ કર

પુતળી આ સમસ્યાનો ઉત્તર આપે કે દેવ તેમજ ગુરુનું આરાધન

કરી, સુપાત્રે દાન દઈ, તપ સંયમ તથા પરોપકાર કરી હે જીવ! તું તારા આત્માને સફળ કર.

(૪) નસીબમાં લખ્યું હશે તે.

અરે મન! તું આત્માને પરાણે ખેંચીને ચિંતાની જાળમાં ફસાઈશ નહીં કેમ કે ફળ તો તારા નસીબમાં હશે તે જ પ્રાપ્ત થવાનું છે.

આવા પ્રકારની સમસ્યા પૂર્તિથી ખુશ થયેલી શૃંગાર સુંદરીને રાજાએ ધામ ધૂમથી પરણાવી દીધી.

તે સમયે અંગભટ્ટ નામનો વિદેશી બ્રાહ્મણ શ્રીપાલના ચરિત્રથી આશ્ચર્ય ચકિત થઈ કહેવા લાગ્યો. "મહારાજ મારું પણ વચન શ્રવણ કરો."………

તમે પણ બધાં શ્રીપાલ ચરિત્ર જ સાંભળવા આવ્યા છો ને? હું પણ તમને બ્રાહ્મણની જેમ જ કહું છું કે તમે મારું વચન સાંભળો શ્રીપાલને સાત કન્યા વરી, પણ મૂળ તત્વ શું છે? નવપદની શ્રદ્ધા

તત્ત્વના માર્ગમાં પ્રવેશ કરાવવા માટે ચરિત્રો જરૂરી, ભગવદ્ વાણીમાં પણ કથાનુયોગ સમાવેલો જ છે પણ દ્રવ્યાનુયોગમાં પ્રવેશ જ ન થાય તો?

તે રીતે અહીં નવપદજીનું મહત્ત્વ અવધારાય તો ચરિત્ર શ્રવણ સફળ થાય.

નવપદ એ વ્યાપક છે અને શાશ્વત પણ છે, તેમાં આખા શાસનનો સમાવેશ થઈ જાય છે. નવપદમાં જેનો સમાવેશ થતો નથી તે શાસન બહાર છે, કારણ કે દેવ–ગુરુ કે ધર્મ એક તત્વમાંતો સમાવેશ થવો જોઈએ ને?

વળી કોઈપણ તીર્થંકરના શાસનમાં દેવ–ગુરુ–ધર્મની આરાધના હોવાની જ છે. ૨૨ તીર્થંકરોમાં વડી દીક્ષા–પક્ખી–ચોમાસી ન હોય. પણ નવપદ આરાધના તો હોવાની જ. દેવતાઓ પણ આ શાશ્વતી ઓળીની આરાધના તો કરે છે, આપણે સંવત્સરી ગમે તેટલી મહત્વની છે પણ તે શાશ્વતી નથી, જ્યારે દેવ–ગુરુ–ધર્મની આરાધના રૂપ આ નવપદજીની આરાધના તો સદાકાળને માટે રહેવાની–રહેવાની ને રહેવાની જ.

પાછા બોલતા નહીં કે મહારાજ સાહેબ આવા ગપ્પા ક્યાંથી લાવ્યા?

અષ્ટાહ્નિકામાં સૌ પ્રથમ શ્લોકમાં જ શ્રી વિજય લક્ષ્મીસૂરિજી એ શાશ્વતી અઠ્ઠાઇઓના વર્ણનમાં આસો–ચૈત્રની ઓળીને ગણાવેલી છે. દેવતાઓ પણ નંદીશ્વર દ્વિપે જઇને તેની આરાધના કરે છે.

પણ સાહેબ અમને આવું જ્ઞાન હોય તોને?

**સકળક્રિયાનું મૂળ જે શ્રદ્ધા તેહનું મૂળ જે કહીએ**
**તેહ જ્ઞાન નિત નિત વંદીજે તે વિણ કહો કેમ રહીએ**
**– ભવિકા –**

આજે જ્ઞાનપદની આરાધના કરવાની. તે માટે યશોવિજયજી મહારાજે લખ્યું કે સઘળી ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે પણ શ્રદ્ધા માટે નો પાયો શું જ્ઞાન

માટે नमो नाणस्स કહ્યું.

તમે તો કહી દો કે, સાહેબ જ્ઞાન જ ન હોયતો શું કરવું?

તેનો શાસ્ત્રકારે સુંદર જવાબ આપ્યો છે. એકેન્દ્રિય જીવો ખોટું બોલે છે? ના. ચોરી કરે છે? ના. અરે! સૂક્ષ્મનિગોદના જીવોનો જ વિચાર કરોને? કોઇ હિંસા, કોઈ ચોરી, કોઈ જૂઠ, કોઈ પરિગ્રહ કંઇ કરે છે? તો પછી સૂક્ષ્મ નિગોદીયા સીધાંજ મોક્ષે જવા જોઈએ કે નહીં?

ના જાય. કારણકે ન કરવાની બુદ્ધિ સમજણ કે જ્ઞાનથી તેઓ વ્રતપાલન નથી કરી રહ્યો. તે તમે પણ સમજણના ઘરમાં બેસીને જ્ઞાન પ્રાપ્ત કરી ત્યાગ કરો તો નિર્જરા થાય.

કાયદામાં પણ અજ્ઞાન ને ગુનો જ ગણો છો ને? કરવેરા ન ભરો પછી કહી દો કે "હું તો જાણતો જ નથી" તો સરકાર ચલાવે ખરી?

જો છાસવારે બદલાતી સરકાર પણ કાયદાનું અજ્ઞાન ન ચલાવે તો શાશ્વતી એવી કર્મરાજાની સરકારમાં અજ્ઞાન ચાલે ખરું?

કલ્પસૂત્રમાં એક દાખલો આવે છે. કોંકણ દેશના કોઈ ખેડુતે દીક્ષા લીધી. મોટી ઉંમરે દીક્ષા લીધેલી. ઘેર પુત્રાદિ પરિવારને છોડીને આવેલા છે. હવે એક વખત બહારથી આવીને કાઉસ્સગ્ગ કરે છે.

બહાર જઈને આવે ત્યારે હાલતા ચાલતા કોઈ જીવની વિરાધના થઈ હોય, પગ નીચે આવી ગયા હોય તો તેની વિચારણા કરી કરીને મિચ્છામિ દુક્કડમ્ આપવાનું હોય છે.

ખેડુત મહારાજને તો કાઉસ્સગ્ગમાં બહુ સમય લાગ્યો. ગુરુ ભગવંતે પૂછ્યું કે કેમ ભાગ્યશાળી! આટલી વાર કેમ લાગી ?

સરળ એવા ખેડુત મહારાજે કહ્યું કે હું તો ઈર્યા સમિતિ ચિંતવતો હતો.

ગુરુ ભગવંતે કહ્યું શું ચિંતવ્યું તમે ?

ખેડુત મહારાજ સરળ ભાવે બોલ્યા, હે ભગવંત ! મારા પુત્રો આળસુ છે તેઓને ગરમીમાં ખેતર ખેડી લેવાની ખબર પડતી નથી. હવે ચોમાસું બેસશે, વરસાદ આવશે પણ બિચારાઓ એ ખેતર ખેડીને વાવણીતો કરી નહીં હોય, પછી ઉગશે શું અને તેઓ ખાશે શું ?

પંચેન્દ્રિય એવા મારા તે પુત્રો કેવા દુઃખી થશે તેમ હું ચિંતવતો હતો.

આ કેવી અજ્ઞાન ચિંતવના છે.

કોઈ ગામમાં એક સારો જાણકાર મનાતો શ્રાવક રોજ ઉપાશ્રયે આવે. વ્યાખ્યાનમાં પણ તે મહાજ્ઞાની છે એવો દેખાવ કરે. એક વખત જીવના એકેન્દ્રિય-બેઈન્દ્રિય વગેરે ભેદની વાત નીકળી મહારાજે પૂછ્યું બોલો સા ! એકેન્દ્રિય વગેરે જીવ કોને કહેવાય.

પેલા સુશ્રાવકે તો પાઘડી સરખી કરી તરત જવાબ દઈ દીધો.

આ ઝાડપાન એકેન્દ્રિ, કીડી મકોડા બેઇન્દ્રિ માંકડ-મચ્છર તેઇન્દ્રિ થે (તમે) ચઉરિન્દ્રિ અને મે (હું) પંચેન્દ્રિ.

મહારાજ સાહેબે પૂછ્યું કે થારે (તારે) મારે કાંઈ ફેર ?

શ્રાવકજીએ તરત જવાબ દઈ દીધો, તારું માથું બોબડું મારે માથે પાઘ. (મતલબ કે) તું બોબડા માથા વાળો છે માટે તું ચઉરિન્દ્રિય થયો. મેં તો પાઘડી પહેરી છે માટે પાઘડી વાળો હું પંચેન્દ્રિય થયો.

આવા જ્ઞાનીને અમારે શું કહેવું. આપણે જે જ્ઞાનની વાત કરવાની છે તે મતિ-શ્રુત-અવધિ-મન: પર્યવ અને કેવળજ્ઞાનની વાત કરવાની છે.

**અઠ્ઠાવીસ ચૌદ ને ષટ્ દુગ ઇગ, મત્યાદિકના જાણોજી**
**એમ એકાવન ભેદે પ્રણમો સાતમે પદ વરનાણ**
**ભવિયણ ભજીયેજી**

મતિજ્ઞાનના ૨૮ ભેદ, શ્રુતજ્ઞાનના-૧૪, અવધિ જ્ઞાનના-૬, મન: પર્યવ જ્ઞાનના-૨ અને કેવલજ્ઞાન નો ૧ ભેદ એમ એકાવન ભેદે જ્ઞાનની સમજ મેળવવાની છે.

એજ વાત બીજી રીતે વિચારો તો જીવ-અજીવ આદિ નવ તત્ત્વોનું જ્ઞાન મેળવવાનું છે.

શ્રી દશ વૈકાલિકમાં કહ્યું पढमं नाणं तओ दया **પ્રથમ જ્ઞાનને પછી અહિંસા.**

જે જીવને નથી જાણતો-અજીવને નથી જાણતો, પુન્યને નથી જાણતો-પાપને નથી જાણતો, આશ્રવને નથી જાણતો-સંવરને નથી જાણતો, બંધ નથી જાણતો કે નિર્જરા નથી જાણતો તે મોક્ષને શું પામવાનો ?

પૃથ્વીકાયનું જ્ઞાન હોય તો માટી કે મીઠાંની વિરાધનાથી અટકશે, અપ્કાયનું જ્ઞાન હશે તો પાણીનો ઉપયોગ ઘટાડશે. તેઉકાયનું જ્ઞાન હશે તો લાઈટો ઓછી બાળશે.

આપણે જીવમાત્રની કરુણાની વાત કરીએ છીએ પણ જીવનું જ્ઞાન જ ન હોય તો દયા કોની પાળશે ?

**પ્રશ્ન :-** જ્ઞાનનું આટલું બધું મહત્ત્વ ગાઓ છો તો પહેલા જ્ઞાન જ મુકવું હતું ને દર્શન કેમ પહેલાં મુક્યું ? કેમ કે પદાર્થ જ્ઞાન હશે તો શ્રદ્ધા આવશે ને ?

વાત તો સાચી છે. પણ શ્રદ્ધા વગરની બુદ્ધિ એ ચોરની ચતુરાઈ જેવી છે, ચોરને કોઈ ન્યાયાલયમાં ન્યાય કરવા ન બેસાડે, તે બુદ્ધિવાળો તો હોય જ.

વ્યવહારમાં પણ જરા ભાર દઈને બોલો કે ભાઈ "બહુ" હોશિયાર છે તો અર્થ શું થાય કે ભરોસો કરતા નહીં.

આપણે પણ જ્ઞાનની વાત કરી તે કંઇ અપેક્ષાએ ? મોક્ષની બુદ્ધિએ.

જે જ્ઞાનમાં આત્માનું ધ્યેય ન હોય, આશ્રવને છાંડવાની બુદ્ધિ કે સંવરને આદરવાની બુદ્ધિ ન હોય, જ્યાં આત્મ કલ્યાણની ભાવના ન હોય તેવા જ્ઞાનને ચોર-કે ગુંડાની ચતુરાઈ જેવું ગણ્યું. જેમ કોઈ ભારાડી (જોરાવર) માણસ ચતુર હોય તો જગતમાં વધારે ઉથલપાથલ કરે છે તેમ સમ્યગ્દર્શન વિનાના જ્ઞાનવાળો જીવોને જગતમાં વધારે ડુબાડે છે.

અરે! આગળ વધીને ત્યાં સુધી કહ્યું છે કે શ્રદ્ધા અને જ્ઞાન વિનાનો જગતમાં જેટલો ઉત્પાત કરશે તેના કરતાં જ્ઞાનવાળો પણ શ્રદ્ધા વગરનો વધારે ઉન્માર્ગે લઈ જશે.

અમારે તો આશ્રવ છાંડી-સંવર આદરી મોક્ષની પ્રીતિથી બોલે તેના વાકયને જ માનવાનું છે. બાકી કષાય વધારનાર કે સંસારમાં પાડનાર જ્ઞાનને અમે માનતા જ નથી પછી આરાધના તો હોય જ શેની?

માટે દર્શન પદ પ્રથમ રાખ્યું.

વ્યાકરણમાં પણ શ્રદ્ધા અને મેધા એટલે કે દર્શન અને જ્ઞાનના સમાસમાં પણ શ્રદ્ધા, ને જ પ્રથમ મુકવાનું કહ્યું છે.

આવો શ્રદ્ધાવાન શ્રીપાલ અંગ ભટ્ટ બ્રાહ્મણની વાત સાંભળી રહ્યો છે.

કોલ્લાગપુર શહેરમાં પુરંદર નામે રાજા છે. તેમને વિજયા નામે પટરાણી છે. તેને જયસુંદરી નામે પુત્રી છે. તેણે વિદ્યાભ્યાસ કરતી વખતે પ્રતિજ્ઞા કરી છે કે રાધાવેધ કરી શકે તે પુરુષ સાથે મારે લગ્ન કરવા.

રાધાવેધનું સ્વરૂપ શું?

એક થાંભલા પર આઠ ચક્ર ગોઠવવા. જેમાં એક જમણી તરફ ફરે અને બીજું ડાબી તરફ ફરે. એ રીતે ચાર ચક્ર સવળા અને ચાર ચક્ર અવળા ફરતા હોય. આઠે ચક્રની ઉપર રાધા નામની લાકડાની પુતળી હોય.

કોઈ પુરુષ ત્રાજવાના બંને પલ્લામાં પગ રાખીને ઉભા ઉભા નીચે રહેલા તેલના કડાયામાં ઉપર ફરતા ચક્રને અને પુતળીને જુએ, નીચી નજર રાખી ઉપરની બાજુની રાધાપુતળીની આંખને વીંધી

નાખે તેને રાધાવેધ કહેવાય. આ કળા ધનુર્વેદનો નિષ્ણાત કળાકાર જ સાધી શકે.

ત્યાં જયસુંદરીને માટે રાધાવેધની રચના કરાવેલી છે. હું માનું છું કે આપના જેવા કળાકાર જ આ રાધાવેધ કરી શકશે.

શ્રીપાલે તે બ્રાહ્મણને કુંડલ આપીને વિદાય કર્યો. પ્રાત: કાલે હારના પ્રભાવે શ્રીપાલકુમાર કોલ્લાગપુર પહોંચ્યા. સર્વની સામે રાધાવેધ સાધી બતાવ્યો. જયસુંદરીની પ્રતિજ્ઞા પણ પૂર્ણ થઇ. રાજાએ મહોત્સવ પૂર્વક વિવાહ કરી તે દંપતીને રહેવા આવાસ આપ્યો. બંને ઉત્સાહ-પૂર્વક દિવસ વિતાવી રહ્યા છે.

ઠાણાપુરથી મામાએ શ્રીપાલ કુંવરને તેડું મોકલ્યું. વસુપાલ રાજાનો સંદેશો સાંભળી શ્રીપાલે પણ પોતાની બધી સ્ત્રીઓને બોલાવી. બધી સ્ત્રીઓ પોતપોતાની દોલત અને સેના સહિત આવી પહોંચી. શ્રીપાલ કુંવર ચતુરંગી સેના સાથે ઠાણાપુર પહોંચ્યો.

મામા એ પણ પુણ્યવંત પરાક્રમી જાણી રાજગાદીનો વારસ બનાવ્યો. વિધિપૂર્વક રાજ્યાભિષેક થયો.

આટલી ઋદ્ધિ-સમૃદ્ધિ મળી તેમાં પ્રભાવ કોનો? નવપદ ભક્તિ-શ્રદ્ધા-આરાધનાનો.

આજે આરાધનાનો સાતમો દિવસ. યંત્રમાં નજર કરો. ચાર દિશામાં રહેલા તથા કેન્દ્રસ્થ પંચ પરમેષ્ઠીની આરાધના કરી. પણ દિશાની વચ્ચે રહેલા વિદિશાના પદોનું શું?

આ એક સુંદર તાર્કિક ગોઠવણી છે. જો દિશાના પરમેષ્ઠીની આરાધના કરો તો વિદિશામાં રહેલા ગુણો પ્રગટ થાય.

શાસ્ત્રમાં કે વ્યવહારમાં પહેલો પાયો શ્રદ્ધા છે. માટે ઈશાન ખૂણામાં સર્વ પ્રથમ દર્શન પદ મુક્યું. પણ દર્શન સાથે બીજું શું જોઈશે?—જ્ઞાન—

**ભક્ષાભક્ષ ન જે વિણ લહીયે, પેય અપેય વિચાર,**
**કૃત્ય અકૃત્ય ન જે વિણ લહીયે, જ્ઞાન તે સકલ આધાર**
**ભવિકા...**

જૈન દર્શન પરત્વે શ્રદ્ધા સો ટકાની પણ ભક્ષ્ય-અભક્ષ્યનું કે કૃત્ય

અકૃત્યનું જ્ઞાન જ ન હોય તો? શું છોડવું અને શું આદરવું તે કેમ નક્કી કરશો?

જ્ઞાન–જ્ઞાન કર્યા કરો છો તે જ્ઞાન કયું તે પણ સમજવા જેવું છે.

જ્ઞાન એટલે ઇતિહાસ–ભૂગોળ–ગણિત–વિજ્ઞાનનું જ્ઞાન નહીં. નવપદ અપેક્ષાએ બહારની દુનિયાદારીનું જ્ઞાન કેવળ અજ્ઞાન જ છે. જે ધર્મના સ્વરૂપને જાણીને હેય–ઉપાદેયનો વિવેક પ્રગટે તેનું નામ જ્ઞાન. જીવ–અજીવ–પુન્ય–પાપ,–આશ્રવ–સંવર, બંધ–નિર્જરા મોક્ષ એ તત્ત્વોનું જ્ઞાન તેને જ્ઞાન કહ્યું.

શાસ્ત્રકાર જણાવે છે કે નવપૂર્વ સુધીનું જ્ઞાન હોય પણ સમ્યક્-દર્શન જ ન હોય અથવા તો અભવિનો જીવ હોય તો તેનું સઘળું જ્ઞાન અંતે અજ્ઞાન જ છે અને માત્ર આઠ પ્રવચન માતાનું જ્ઞાન પણ સમ્યક્ પ્રકારે હોય તો તે જ્ઞાની કહ્યો છે. ઘણાં શાસ્ત્રો ભણે છતાં સ્વ–પરનો વિવેક ન પ્રગટે અને પરભાવ દશામાં જ રહે તો તે જ્ઞાની પણ અજ્ઞાની છે.

**પ્રશ્ન :**– તમે જ્ઞાન જ્ઞાન કરો છો પણ જ્ઞાનની જરૂર શું?

| | |
|---|---|
| એકેન્દ્રિય નરકે જાય? | ન જાય. |
| બેઇન્દ્રિય નરકે જાય? | ન જાય. |
| તેઇન્દ્રિય નરકે જાય? | ન જાય. |

અરે મૂઢ હોય તો પણ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગે જ નરકે જાય.

જ્યારે જ્ઞાની, સાતમી નરકે પણ જાય. અરે! ૩૩ સાગરોપમ સુધી નરકમાં સળે. બોલો હવે જ્ઞાનની જરૂર ખરી?

તમારી વાત સાચી છે. પણ સાથેસાથે એ યાદ રાખો કે એકેન્દ્રિયાદિ સ્વર્ગે પણ જતા નથી.

જ્ઞાન અનર્થનું કારણ છે તેમ મોક્ષનું પણ કારણ છે. મોક્ષનું કરણ (સાધન) પણ છે. સમ્યક્ જ્ઞાન–કેવળજ્ઞાન પછી જ મોક્ષ મળે.

આવા જ્ઞાન પદનો આરાધક શ્રીપાલ પોતાના માતુશ્રીને નમન કરવા ઉજ્જૈની ભણી જઈ રહ્યો છે. રસ્તામાં સોપારક નગર આવ્યું.

ત્યા મહસેન રાજા છે. તારા નામની રાણી છે. તિલક સુંદરી નામે તેને કન્યા છે. તેને ઝેરી સાપ કરડયો છે. ઝેર ઉતારવાના ઘણાં ઘણાં

ઉપાયો કર્યા છતાં કુંવરીનું ઝેર ઉતરતું નથી. તે જ કારણે આ નગર પણ સુમસામ છે.

શ્રીપાલ રાજાએ જોયું તો મૂર્છિત કુંવરી શ્મશાને લઈ જતી જાણી. શ્રીપાલે તુરંત ઘોડા પર ત્યાં જઈ પવિત્ર જલ મંગાવી; હારને ધોઈને તે નમણ (ન્હવણજલ) કુંવરી પર છાંટતા કન્યા ઉભી થઈ. મહસેન રાજાએ પણ શ્રીપાલના ઉપકારનો બદલો વાળવા કન્યા સાથે હસ્તમેળાપ કરાવ્યો.

આ રીતે મયણાસુંદરી પછી મદનસેના–મદનમંજુષા–મદન મંજરી–ગુણમંજરી– ત્રૈલોક્ય–સુંદરી–શૃંગાર સુંદરી–જયસુંદરી–તિલક સુંદરી એમ બીજી આઠ કન્યા સાથે શ્રીપાલના લગ્ન થયા.

પછી મયણા તથા માતાના મિલનને માટે ઉત્સુક શ્રીપાલ રાજા ઉજ્જૈની પહોંચી ત્યાં ઘેરો ઘાલી હારના પ્રભાવે મહેલના દરવાજે પહોંચે, પછી શું થાય તે **અગ્રે વર્તમાન.**

જ્ઞાનપદની આજે આરાધના કરવાની છે. તે જ્ઞાનપદને બરાબર સમજી લો. પૂ. હરિભદ્ર સૂરિજી મહારાજા તેના ત્રણ ભેદ જણાવે છે—

**(૧) વિષય પ્રતિભાસ જ્ઞાન :–** વિષય પ્રતિભાસ જ્ઞાનમાં મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગ જ્ઞાનનો સમાવેશ થાય છે.

વિષય પ્રતિભાસ એટલે કોઈપણ વસ્તુનું માત્ર શાબ્દિક જ્ઞાન જેમાં હેય કે ઉપાદેયનો કોઇ નિશ્ચય હોતો નથી.

સંસાર હેય છે. મોક્ષ ઉપાદેય છે. કુદેવ હેય છે. સુદેવ ઉપાદેય છે, કુગુરુ હેય છે. સુગુરુ ઉપાદેય છે, કુધર્મ હેય છે. સુધર્મ ઉપાદેય છે. બરાબર જાણો છોને ?

હેય એટલે છોડવા લાયક. સંસાર હેય છે કે નહીં ? છોડવા લાયક ખરો કે નહીં ? બરાબર જાણો છોને ?

એક શેઠને ત્યાં ચોર આવ્યા, શેઠાણી કહે જુઓ જુઓ ચોર આવ્યા. શેઠ કહે જાણું છું.

શેઠાણી બોલી ઓરડામાં ઘુસ્યો. શેઠ કહે જાણું છું.

શેઠાણી કહે, પણ હવે તો ચોરી કરે છે. શેઠ બોલ્યા જા....ણું... છું. બાપા.

શેઠાણી કહે અરે હવે તો માલ પણ બાંધ્યો. શેઠ કહે જા....ણું...છું.

શેઠાણી બોલી, જુઓ-જુઓ-જુઓ આ તો ચાલવા માંડયા. જાણું છું...જાણું છું....જાણું છું.

શેઠાણી ખીજાયા-ધૂળ પડી તમારા જાણવામાં-એ તે ગયા.

તમે પણ સંસાર છોડવા જેવો છે. જાણો છોને? ધૂળ પડી તમારી......મારે કહેવાય?

**(૨) આત્મ પરિણત જ્ઞાન :-** આત્મામાં જ જ્ઞાન પરિણમે તે. જ્ઞાન-દર્શન-ચારિત્ર આરાધનામાં જ પોતાનું હિત સમજે, હેય-ઉપાદેયનો વિવેક પણ હોય, આદરવા લાયક ન આદરી શક્યાનો દિલમાં ડંખ રહે, પરિહરવા લાયક ન છોડી શકે તો તથા પ્રકારે પાપોદય માને. આ જ્ઞાન વૈરાગ્યનું કારણ બને.

**(૩) સ્વ સંવેદન જ્ઞાન :-** જેવું જ્ઞાન તેવું જ આચારણ કરે, રત્ન ત્રય આરાધને નિરતિચાર પ્રવૃત્તિ હોય, મોક્ષ માર્ગમાં અપ્રમત્ત પણે પુરુષાર્થ કરે અને સંસારને અસાર માની ત્યાગ કરે. **તમે પણ આવું જ્ઞાન પ્રાપ્તી કરી "ચારિત્ર" પામી મોક્ષ માર્ગ આરાધો તેજ-અભ્યર્થના**

હવે **ચારિત્રપદ** કઈ રીતે જણાવે તે **અગ્રે વર્તમાન.**

□

# (૮) ચારિત્ર પદ

असुह किरीयाग चाओ सुहासु किरियासु जो य अपमाओ
त्तं चारित्तं उत्तम गुणु जुत्तं पालए निरुत्तं

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખર સૂરિજી જણાવી ગયા તેમ શ્રોતાઓ કથા રસિક અને તત્ત્વરસિક એમ બે જાતના હોય છે. શ્રીપાલ ચરિત્રની રચના દ્વારા કથાનુયોગની નિરૂપયોગિતા તો સાબીત નથી જ થતી પણ ચરિત્ર સાથે નવપદના માહાત્મયને જણાવી કથા રસિકોને તત્વરસિક પણ બનાવવા માટેનો પુરુષાર્થ કર્યો છે.

શ્રીપાલને મળેલી ઋદ્ધિસમૃદ્ધિ, દેવતાઈ ચમત્કારોની વાત આવે જરૂર પણ તે ફળ તરીકે છે. કારણ તરીકે નહીં. કારણ શું છે?

—**"નવપદ–આરાધના"**– આત્મા સર્વથા કર્મનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત કરે તે જ આ આરાધનાનું ખરું ફળ છે. ઋદ્ધિ–સમૃદ્ધિ તો બાહ્ય ક્રિયાથી પણ મળી જાય. પરંતુ બાહ્ય ક્રિયા મોક્ષનું કારણ કદી ન બને.

શ્રીપાલને નવ સ્ત્રીઓ થઈ, હવે રાજ્ય મળવાની અને લડાઈ જીતવાની વાત પણ આવશે. પરંતુ અનંતર ફળ તો શ્રીપાલને મોક્ષ પ્રાપ્તિ થશે તે જ યાદ રાખવાનું.

જેમ અભયકુમારની બુદ્ધિ હોજો. વાતમાં તેની બુદ્ધિ–ચાતુર્યના દાખલા અનેક મળે છે. છતાં સૌથી વધુ બુદ્ધિશાળી પણું તેણે ક્યારે દાખવ્યું? —ચારિત્ર લેવામાં—

જો અંતિમ રાજર્ષિ ઉદાયન થયા અને હવે કોઈ રાજા દીક્ષા લેશે નહીં તેમ ભગવાન કહે છે તો મારે કદી રાજ ન લેવું. ચારિત્ર ના માર્ગમાં આડે આવે તે રાજ્યને પણ લાત મારી દો. આ હતી તે અભયકુમારની બુદ્ધિ–શક્તિ.

શાલીભદ્રની રિદ્ધિ હોજો કહ્યું. પણ કઈ રિદ્ધિ? નવાણું પેટી ઉતરતી હતી તે રિદ્ધિ કે બીજી કંઈ?

—ના— જેને મેળવતા દુઃખ નહીં—ભોગવતા દુઃખ નહીં—ત્યાગ કરતાં પણ દુઃખ નહીં, તે રિદ્ધિ.

શ્રેણિક મહારાજાનો સ્પર્શ પણ જેને અકળાવી ગયો. છતાં વૈભારગિરિની ધગધગતી શીલાનું બિછાનું લહેરથી માણ્યું. એકાવતારી થઈ મોક્ષે જશે.

તમારે કઈ રિદ્ધનો સંબંધ છે? મોક્ષનો કે નવાણું પેટીનો?

શ્રીપાલ ચરિત્રમાં શ્રીપાલ ઉજ્જૈની પહોંચે. માતા કમલપ્રભા તેને યાદ કરી રહ્યા છે. ત્યારે મયણા સુંદરી આશ્વાસન આપતા કહે છે. માતાજી આપ નવપદનું સ્મરણ કરો તેના પ્રભાવે તમારા પુત્ર જરૂર મળશે.

ત્યાંજ "બારણા ઉઘાડો" અવાજ થયો. શ્રીપાલે અંદર આવી માતાજીને નમસ્કાર કર્યા. મયણા પણ વિનય—મર્યાદા સાચવી શ્રીપાલને પગે લાગી. હારના પ્રભાવે પોતાની માતા તથા પ્રાણપ્રિયા મયણા સુંદરીને લઈ બહાર તંબુમાં પહોંચ્યા. ત્યાં આઠે સ્ત્રીઓએ માતા કમલપ્રભા અને મયણા સુંદરીને નમસ્કાર કર્યા. શુભાશીષ લીધી.

મયણાને પૂછે છે કે તારા પિતાને કેવા રંગ–ઢંગથી અહીં બોલાવું. શ્રીપાલના વચનને સમજી મયણાસુંદરી પોતાના પિતાને ખભે કુહાડો રાખી બોલાવવા કહે છે.....શ્રીપાલ પ્રજાપાલ રાજાને સંદેશો મોકલે છે. ક્ષણવાર ગુસ્સો પામેલ રાજા મંત્રીના વચનથી ખુલ્લે પગે ચાલી ખભે કુહાડો મુકી શ્રીપાલની છાવણીમાં પહોંચે. શ્રીપાલ પણ સામે જઈ સુંદર વસ્ત્રાલંકારથી તેમનું સ્વાગત કરે છે. રાજા તો આ બધું જોઈ આશ્ચર્ય મુગ્ધ થઈ ગયો; ત્યારે શ્રીપાલ કહે છે કે હે રાજન્ ! આ તો બધાં સદ્ગુરુના વચને પ્રાપ્ત થયેલો નવપદજીનો પ્રભાવ છે.

રાજાએ પણ રાણીવાસમાં સંદેશો મોકલી સૌભાગ્ય સુંદરી-રૂપસુંદરી વગેરે સર્વ પરિવારને બોલાવી લીધો. શ્રીપાલે નાટક મંડળીને નાટક કરવા હુકમ કર્યો. પણ નાટક મંડળીની મુખ્ય નટી કેમે ઉભી થતી નથી. માંડ માંડ સમજાવી ઉભી કરી ત્યારે નિસાસો નાખતો દુહો બોલી—

**કિહાં માલવ કિહાં શંખપુર, કિહાં બબ્બર કિહાંનટ્ટ**
**સુરસુંદરી નચાવીયે, દૈવે દલ વિમરટ્ટ**
**હોજી વચન સુણી તવ તેહ, જનની જનકાદિક સવે**
**હોજી ચિંતે વિસ્મિત ચિત્ત, સુરસુંદરી કિમ સંભવે**

આટલામાં તો સુરસુંદરી પોતાની માતા સૌભાગ્ય સુંદરીને વળગી રોવા લાગી. પછી પોતાનો વૃત્તાંત જણાવતા બોલી કે, હે પિતાજી! તમે તો મને સઘળી સમૃદ્ધિ આપી વિદાય દીધી. માર્ગમાં લુંટારા મળ્યા તમારા જમાઈ તો પોતાના જીવ બચાવવા ભાગી ગયા. લુંટારાઓ મને આભુષણ સહિત લઈ ગયા. નેપાળ દેશના એક સાર્થવાહને ત્યાં મને વેચી દીધી. તે સાર્થવાહે મને બબ્બર કુળ નગરની વેશ્યાને ત્યાં વેચી દીધી. તે વેશ્યાએ મને નાટકની નટી બનાવી. નાટક મંડળી મહાકાળ રાજાએ ખરીદી. શ્રીપાલ રાજા સાથે પોતાની કુંવરીના લગ્નમાં દાયજામાં આપી. આજે સર્વ કુટુમ્બ જોઈ મારું હૃદય ભરાઈ ગયું. મેં સેવેલ મિથ્યાત્વ વૃક્ષે મને કાંટા આપ્યા અને બહેન મયણાએ સેવેલા જિનમત વૃક્ષે તેને સુંદર ફૂલો આપ્યા.

૦ આ બધો પ્રભાવ કોનો ? –નવપદજીનો– નવપદમાં આજે કયું પદ ? ૦– ચારિત્રપદ –૦

**દેશ વિરતિને સર્વવિરતિ, છે ગૃહિયતિને અભિરામ**
**તે ચારિત્ર જગત્ જયવંતુ, કીજે તાસ પ્રણામ રે**
**– ભવિકા –**

સિદ્ધચક્રમાં દર્શન–જ્ઞાનની આરાધના પછી ત્રીજે ક્રમે મુકયું ચારિત્ર પદ.

શ્રદ્ધા પ્રાપ્ત થઈ ગઈ– જ્ઞાન પણ મળી ગયું. પછી શું ? ज्ञानस्य फलं विरतिः જ્ઞાનનું ફળ વિરતિ યાને ચારિત્ર.

તીર્થંકર પરમાત્મા ત્રણ જ્ઞાનના જન્મથી ધણી હોય છતાં ચારિત્ર ગ્રહણ કરે, પાળે–ચારિત્રની પ્રરૂપણા કરે અને બીજાને આપે.

ચક્રવર્તી પણ જો ચારિત્ર ન લે તો નિયમા નરકે જાય પણ ચારિત્ર ગ્રહણ કરે પછી દેવ ભવ કે મોક્ષ નક્કી જ. તેથી છ ખંડની ઋદ્ધિને તૃણ સમાન સમજતો ચક્રવતી પણ આત્મકલ્યાણ કે મોક્ષની ઋદ્ધિ પામવા ચારિત્ર લે.

અરે ? કદાચ ભિખારી પણ ચારિત્ર લે તો ત્રણ લોકમાં પૂજનીય બની જાય. આ સર્વવિરતિ ને દેવ–દેવેન્દ્રો પણ નમસ્કાર કરે.

देवावि तं नमंसंति

પછી આપણે શા માટે નમસ્કાર ન કરીએ ?

**બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમિયે.**
**શુક્લ શુક્લ અભિજાત્ય તે ઉપરે, તે ચારિત્રને નમિયે.**
**રે ભવિકા—**

ચારિત્રના બે ભેદ કહ્યા. (૧) દેશવિરતિ (૨) સર્વવિરતિ.

**વિરતિ એટલે શું ?**

વિરમવું તે. પચ્ચક્ખાણ પૂર્વક પાપનો ત્યાગ કરવો. સંયમ પૂર્વકનું વિરમણ જ મોક્ષ તરફ ગતિ કરાવશે. કારણ જૈનશાસનનો અબાધિત નિયમ છે કે ચારિત્ર વિના મુક્તિ થાય જ નહીં.

**૦ પ્રશ્ન :– દ્રવ્ય ચારિત્ર જ હોય તો શું કામનું ?**

કેવળ વેશ ધારણરૂપ કે દ્રવ્ય ચારિત્ર પણ કલ્યાણકારી જ છે. કારણ કે દ્રવ્ય ચારિત્ર એ ભાવ ચારિત્રનું પ્રબળ સાધન છે. જેમ છોકરો પાટીમાં લીટા તાણતો હોય તો ક્યારેક એકડો પણ શીખશે. એકડો શીખ્યો હશે તો મોટો ગણિતશાસ્ત્રી કે હિસાબનીશ પણ બનશે. જો લીટાને જ મહત્ત્વ આપશો તો ?

બીજી વાત ૬૯ કોડાકોડીની મોહનીય સ્થિતિનો ક્ષય થયા પછી જ દ્રવ્ય ચારિત્ર પ્રાપ્ત થાય. બીજાને માટે આ રજોહરણ (ઓઘા) ને હાથ પણ લગાડવો મુશ્કેલ છે.

જે આત્માને ચારિત્ર કે ચારિત્રવાન્ (સાધુ) પ્રત્યે રાગ નથી. (બહુમાન નથી) તેની જૈન શાસનમાં કોડીની કિંમત નથી.

ભગવંત પણ પ્રથમ ઉપદેશ સર્વવિરતિનો જ આપે. બીજા ક્રમે દેશવિરતિ ઉપદેશે. આ સર્વવિરતિ તે સાધુપણું. તે ન જ લઈ શકે તો સાધુપણું ક્યારે મળશે એવા ભાવ સાથે ગૃહસ્થ ધર્મ પાળે તેનું નામ દેશવિરતિ.

સિદ્ધચક્ર યંત્રમાં પણ જુઓ ચારિત્ર પદ પછી સાધુ પદ મુક્યું છે તે પ્રમાણ પત્ર છે. અમારી વાતનું કે ચારિત્ર પદની આરાધનાનું ફળ શું ?

—સાધુપણાની પ્રાપ્તિ—

અહીં શ્રીપાલ ચરિત્રમાં પણ જણાવે કે નવપદ પસાયે મયણા સુંદરીને પણ અમૃત ફળ પ્રાપ્ત થયું. સુરસુંદરીને દુઃખી જોઇ શ્રીપાલે પોતાના જ લશ્કરમાં હાજર રહેલા અરિદમનને બોલાવી ઉત્તમ પોષાક અને સન્માન સહિત સુરસુંદરી સાથે મેળાપ કરાવી વિશેષ ઋદ્ધિ આપી નોકરીમાંથી મુક્ત કર્યા.

૭૦૦ કોઢિયાને પણ હિતચિંતક જાણી તેમજ મયણાના વચને જીનધર્મ પામીને નિરોગી થયા જાણી લશ્કરમાં નાયક બનાવ્યા.

મતિસાગર મંત્રીના કહેણથી ચતુર્મુખ નામનો દુત ચંપાનગરી મોકલ્યો. દુતે વિવિધિ પ્રકારે મીઠા-ખાટા વચનો કહ્યા. અજિતસેન રાજાએ સ્પષ્ટ યુદ્ધ માટે જણાવી દીધું. શ્રીપાલ પણ ચતુરંગી સેના સહિત ત્યાં પહોંચ્યો.

તલવાર—બાણ—ભાલા—દંડ આદિ અનેક સાધનોથી યુદ્ધ થયું સંગ્રામ ભૂમિ અનેક મસ્તકોથી—કલેવરોથી—શરીરના જુદા જુદા અવયવોથી—સેંકડો હાથી ઘોડાથી વ્યાપ્ત થઈ ગઈ. લોહીના પ્રવાહમાં મડદાં તણાવા લાગ્યા. છેલ્લે સાતસો રાણાઓ એ અજિતસેન રાજાને બાંધીને શ્રીપાલ પાસે હાજર કર્યો.

શ્રીપાલે તેને બંધન મુક્ત કર્યા, ફરી રાજ્ય સંભાળી લેવા વિનંતી કરી, મિષ્ટ વચનો કહ્યા પણ અજિતસેન રાજા વિચાર કરે કે જે મનુષ્ય ગોત્ર દ્રોહ કરે છે, તેની કીર્તિનાશ પામે છે. જે રાજ્ય દ્રોહ કરે ત્યાં ન્યાય માર્ગ નાશ પામે અને બાલ દ્રોહ કરવાથી કુળ નાશ પામે છે. મેં ત્રણે દ્રોહ કર્યા છે. માટે મારે દીક્ષા લેવી એ જ ઉત્તમ છે. એ રીતે ચારિત્રની ઉત્તમોત્તમ ભાવના ભાવતા અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ ગુણઠાણું પ્રાપ્ત કર્યું. સમક્તિ સાથે જાતિ સ્મરણ જ્ઞાન પણ થયું. પૂર્વ ભવો નિહાળી-ભવભ્રમણની વિષમતાને જોઈ તેણે અપ્રત્યાખ્યાની—પ્રત્યાખ્યાનીની ચોકડી દૂર કરી, છઠ્ઠું ગુણસ્થાનક પ્રાપ્ત કર્યું. ગૃહસ્થ વેશ ત્યજી ચારિત્ર પદ પ્રાપ્ત કર્યું.

આ ચારિત્રની ઓળખ આપતા પદ્મ—વિજયજી મહારાજા જણાવે છે

**નિવૃત્તિને પ્રવૃત્તિ ભેદે ચારિત્ર છે વ્યવહારેજી**
**નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો નિશ્ચય શુદ્ધ પ્રકારે**
**ભવિયણ ભજીયેજી**

૦ નિવૃત્તિ–એટલે અશુભ ક્રિયાનો ત્યાગ

૦ પ્રવૃત્તિ–એટલે શુભમાં પ્રવર્તન

ઈન્દ્રિય, કષાયોને આધીન બની જે ક્રિયા કરાય તે અશુભ ક્રિયા કહેવાય. તેનો ત્યાગ કરવો અને દેવ–ગુરુ–ધર્મની આરાધના મય શુભ ક્રિયા ને આદરવી.

આપણે પ્રવૃત્તિ રૂપ ધર્મ તો કરવાનું શીખી ગયા પણ નિવૃત્તિ રૂપ ધર્મ હજી આદરતા નથી. મતલબ કે સામાયિક–પૂજા–પ્રતિક્રમણ તો કરો છો પણ કષાય વિષય આધીન ક્રિયા હજી છુટી નથી.

અજિતસેન રાજાને પહેલા સંસાર ભુંડો લાગ્યો હતો–મિથ્યાત્વ નો ત્યાગ કર્યો હતો પછી ચારિત્ર ગ્રહણ કરેલું. તમને છોડવાની ઈચ્છા થાય તો ચારિત્ર પરિણામ જાગે ને?

હરિભદ્ર સૂરિજી ત્રણ યોગ જણાવે છે

(૧) **ઇચ્છાયોગ**– ધર્મ આરાધના માટેની પ્રબળ ઈચ્છા હોવી તેને ઈચ્છા યોગ કહેવાય.

(૨) **શાસ્ત્રયોગ**– ઈચ્છાની પૂર્તિ માટે શાસ્ત્રાજ્ઞા કે જિનાજ્ઞા મુજબ અનુષ્ઠાન આદરે.

(૩) **સામર્થ્ય યોગ**– અપ્રમત દશામાં ક્ષપક શ્રેણી માંડે તે સામર્થ્ય યોગ કહેવાય.

આપણે ઈચ્છા યોગ ના જ ઠેકાણા ન હોય પછી સામર્થ્ય યોગ ક્યાં આવશે. તમને જ ચારિત્રના ભાવ વિશે પૂછીએ તો શું કહેશો? સાહેબ! શું કરીએ અંતરાય નડે છે.

હવે અમારે પૂછવું શું? કયા અંતરાય નડ્યા તમને? એમ કહોને કે મોહનીય નડે છે. મોક્ષ લક્ષ્મીની વાતો કરવી ને લક્ષ્મીમાંજ મોક્ષ દેખાતો હોય, શીવરમણીની વાતો કરવી છે પણ રમણી જ શીવ લાગતી હોય પછી ઈચ્છા યોગનું ઠેકાણું ક્યાંથી પડે?

પ્રવૃત્તિ અને નિવૃત્તિ ભેદ તો વ્યવહારથી ગણાવ્યો. પણ નિશ્ચયથી ચારિત્ર કોને કહ્યું? **નિજ ગુણ સ્થિરતા.**

સુંદરી ને દીક્ષા લેવી જ છે. ભરત ચક્રી તેને સ્ત્રી રત્ન બનાવવા

ઇચ્છે છે. ભરતે જ્યારે દિગ્વીજયની યાત્રા આરંભી ત્યારે સુંદરીએ વિષયાદિકથી નિવૃત્ત થઈ આયંબિલ રૂપ નિવૃત્તિ ધર્મ આદર્યો.

૬૦૦૦૦ વર્ષ સુધી આયંબિલ કર્યા. હેતુ શો હતો ? ચારિત્ર પ્રાપ્તી.

ભરત છ ખંડની સાધના કરી પાછા આવ્યા ત્યારે સુંદરીને જોઇને લોકોને પૂછે છે

**આ કોણ દિશે દુર્બલ નારી રે...**

ભરતને સુભદ્રા સ્ત્રી પ્રાપ્ત થઈ હોવા છતાં સુંદરીને જ સ્ત્રી રત્ન બનાવવાની તમન્ના હજી ગઈ નથી. ચૌદરત્નો, નવનિધાન, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૯૬ ક્રોડ પાયદળ બધું હોવા છતાં સુંદરી પ્રત્યેનો મોહ ચાલુ છે.

છતાં ૬૦,૦૦૦ વર્ષની મહેનત જોઈ સુંદરીની ચારિત્ર દૃઢતા જોઈ ભરત પણ ઝુકી ગયા. સુંદરીના દેહ લાલિત્ય ને તપના ઓજસ સામે સ્ત્રીરત્ન એવી સુભદ્રા આજે પણ ભંગાર સમી લાગતી હતી. તો પૂર્વનું સૌદર્ય કેવું હશે ?

છતાં બધાંનો ત્યાગ કરી ચારિત્ર માર્ગને પામી–નિજગુણ સ્થિરતાથી મોક્ષે ગઈ

અરે ! ગજસુકુમાલને યાદ કરો. તેને હૃદયે નિજગુણ સ્થિરતા કેવી હશે કે એકજ દિવસ ચારિત્ર, તે જ દિવસે શ્મશાને કાયોત્સર્ગ ધ્યાને લીન બની મોક્ષે ગયા. આ હતું નિશ્ચય ચારિત્ર.

આવા ચારિત્રને શાસ્ત્રકારો પાંચભેદે ઓળખાવે છે.

**(૧) સામાયિક ચારિત્ર :–** રાગ દ્વેષનો ત્યાગ કરી સમભાવમાં લીન બનવું તે સામાયિક ચારિત્ર કહ્યું.

**(૨) છેદોપસ્થાપનીય :–** વર્તમાનકાળને આશ્રીને જ જણાવીએ તો વડી દીક્ષા એ છેદોપસ્થાપનીય ચારિત્ર છે.

**(૩) પરિહાર વિશુદ્ધિ :–** ચારિત્રની શુદ્ધિને માટે ઉગ્ર તપશ્ચર્યા કરવી તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર.

ધુંધળીનાથનું અસલ નામ ધુંધો કોળી જનમ કોળીને પેટ થયેલો. પણ જીવ પરોવાણો દયા દાનમાં. હિંસા કદીયે ન કરે. વરસો વરસ

બજરના પડતલાં વેચીને ગીરનારને મેળે જાય. કમાણીમાં જેટલો વધારો થાય તે નાણું બધું ગરીબ ગુરબાંને દઈ દે.

ધીરે ધીરે વુંધો અને ગીરનાર એકમેકમાં એકાકાર થઈ ગયા. સંસારની ગાંઠ વછુટી ગઈ. થયો ગિરનાર ભેળો. ગીરનારની કોઈ ટુંકમાં જઈ ધુણી ધખાવી. એક દી' ગેબી અવાજ આવ્યો. નવનાથ ભેગો તું દશમોનાથ–ધુંધળીનાથ.

ગુરૂદત્તે સ્મરણ કરી નવનાથ ભેગા કર્યા. આદેશ દીધો આજથી આ દશમો નાથ થયો.

નવેનાથે કહ્યું, ગુરુદેવ, ગમે તેમ તો કોળી છે. દુધ હલકું છે, કોક દી કાળો કામ કરાવશે. વધારે વિશુદ્ધિ કરાવો.

ધુંધળીનાથે ગુરુના વચને ૧૨ વર્ષ આબુમાં તપ કર્યો. બધા નાથ ભેગા થયા ધુધળીનાથને ભેગો લીધો પણ નવેનાથ વિચારે કે આને તપ પચશે નહીં.

તપ તેજની જ્યોતથી પૂજાતા ધુંધળીનાથ અરવલ્લી ડુંગરમાં આવ્યા ચીતોડી રાણાને સંતાન નહીં. ધુંધળીનાથે કહ્યું બે સંતાન થશે પણ એક મને આપવો પડશે.

બાર વરસે ધુંધળીનાથે આવી છોકરાને સાથે લીધો. સિદ્ધનાથ નામ પાડયું. તે દી' ઢાંક ન હતું પ્રેહપાટણ નગરી હતી. ધુંધળીનાથે ફરી બાર વર્ષની સમાધિ લીધી. પછી સિદ્ધનાથને કોઈ ચપટી લોટ ન આપે. પણ સિદ્ધનાથ તો રાજ–બીજ.લાકડા વાઢી બજારે વેંચી રોટલા ખાવા નક્કી કર્યું. સિદ્ધનાથ સિવાય બધાં શિષ્યો ચાલ્યા ગયા. એક ડોસી રોટલા ઘડી દેતી અને ૧૨ વર્ષ ગાડું ચાલ્યું.

ધુંધળીનાથનું ધ્યાન પુરું થયું. સિદ્ધનાથે મોટું પેટ રાખી બાકીના ચેલા ચાલી ગયાની વાત સમજાવી. પણ તેના માથે ઘારુ જોઇ માખી બણબણતી જોઈ, સાચું પૂછતા બધી જ ખબર પડી ગઈ.

ધુંધળીનાથે ગુસ્સે થઈ તપથી આખી પાટણ નગરી ધુળથી ઢાંકી દીધી.

અહીં તપ દ્વારા વિશુદ્ધિ તો કરાવી જ હતી. પણ છતાં તેમાં કષાયની પરિણતી નરકે લઈ જનારી થાય.

આપણે જે પરિહાર વિશુદ્ધિની વાત વિચારીએ છે. તે ચારિત્ર તો સાત્વિક વિશુદ્ધિને જણાવવા માટે છે.

**ચય તે આઠ કરમનો સંચય રિક્ત કરે જે તેહ**
**ચારિત્ર નાણ નિરુત્તે ભાંખ્યું તે વંદુ ગુણગેહ**
**રે ભવિકા—**

આપણે પરિહાર વિશુદ્ધિ ચારિત્રની વાત આ સંદર્ભમાં જ વિચારવાની છે. જે ભૂલ કે વ્રત ભંગાદિ થયા હોય તેની શુદ્ધિ–આલોચના કરીને ભાવિમાં કર્મ નિર્જરાના ધ્યેયથી કે સંચિત કરેલા કર્મોને ખાલી કરવા માટે ચારિત્ર પાલનની દિશામાં આગળ વધવું. જેથી સામાયિક ચારિત્રની યાત્રા યથાખ્યાત ચારિત્ર સુધી પહોંચે.

(૪) **સૂક્ષ્મ સંપરાય :—** આ ચારિત્રમાં માત્ર સૂક્ષ્મ લોભનો ઉદય જ બાકી રહે છે.

ક્રોધ–માન–માયા–લોભ એ ચારને અનંતાનુબંધી–અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની અને સંજ્વલ એ ચાર વડે ગુણતાં જે સોળ ભેદ થાય તેમાં સંજ્વલન લોભ સિવાયના પંદર કષાયનો ક્ષય અથવા ઊપશમ થાય ત્યારે દશમે ગુણઠાણે આ ચારિત્ર ગણાય.

(૫) **યથાખ્યાત ચારિત્ર :–** બારમે ગુણઠાણે સોળે પ્રકારના કષાયનો ક્ષય થયો હોય અથવા અગીયારમે ગુણઠાણે સોળે કષાયોનો ઉપશમ થયો હોય તેને યથાખ્યાત ચારિત્ર કહે છે.

બારમે ગુણઠાણે હોય તો તે છેલ્લે કેવળી થઈ મોક્ષે જાય, અગીયારમે ગુણઠાણે હોય અને આયુનો બંધ પડે તો સર્વાર્થ સિદ્ધ વિમાને પણ જાય.

આવા પાંચ ભેદે ચારિત્રની વાત કરી. પણ તમારે માટે તત્ત્વ શું ? ચારિત્રની આરાધના કરવી તે.

તમે દર્શનને રત્નદીપ સમજી મન ભવનમાં ધારણ કર્યું. નીરંતર પ્રકાશ થયો. વિનયપૂર્વક જ્ઞાનને ગ્રહણ કરીને ધારણ કર્યું. જ્યારે ચારિત્ર એ માત્ર શીખવાની કે ધારી રાખવાની ચીજ નથી. પણ

વર્તનમાં મુકવાની કે પાલન કરવાની ચીજ છે. તે પણ યાવજ્જીવને માટે પાલન કરવાની.

અજીત સેન રાજાએ પણ યાવજ્જીવને માટે ચારિત્ર અંગીકાર કર્યું, કાળક્રમે તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું.

શ્રીપાલે વંદન કરી, સપરિવાર દેશના સાંભળી પોતાના સુખ દુઃખનું કારણ પૂછયું.

અજિતસેન મુનિ શ્રીપાલને પૂર્વ ભવ જણાવી કહે કે પૂર્વે હિરણ્યપુર નગરે તું શ્રીકાન્ત નામે રાજા હતો. વ્યસનાસક્ત હતો. તારે ધર્મ પ્રિય એવી શ્રીમતી નામે રાણી હતી તે તને વ્યસન છોડવા ખૂબખૂબ વિનવણી કરતી હતી છતાં તું માનતો નહીં.

એક વખત ૭૦૦ લુચ્ચા પુરુષ સાથે તું શિકારે ગયેલો ત્યારે માર્ગમાં મુનિને કોઢીયા કહ્યા હતા માટે તને કોઢ થયો.

કોઈ વખત કોઈ મુનીને નદીમાં નાખ્યા હતા. પછીથી દયા આવતા બહાર કાઢયા. માટે આ ભવે સમુદ્રમાં પડવાનો વખત આવ્યો.

શ્રીમતી રાણીએ ખૂબ સમજાવીને ધર્મ માર્ગે વાળ્યો. ગુરુ વચને પાપના પ્રાયશ્ચિત રૂપે નવપદજીની આરાધના કરી. તે સમયે શ્રીમતીની આઠ સખીએ પ્રશંસા કરેલી–૭૦૦ સેવકોએ પણ અનુમોદના કરેલી તે પ્રભાવે તું શ્રીપાલ થયો આ નવે તારી સ્ત્રીઓ થઈ. તું દેવ–મનુષ્યના નવ ભવો કરી મોક્ષ પામીશ.

આજે પણ ચારિત્ર પદની આરાધનાનું મૂળ લક્ષ શું ? મોક્ષ મેળવવો. વળી આજે ચૌદશનો દિવસ તે પણ ચારિત્ર તિથિ કહી છે. કેમ કે ૮–૧૪–૧૫–૩૦ એ ચારિત્ર તિથિઓ છે. ચારિત્ર તિથિએ ચારિત્ર આરાધી પરંપરાએ મોક્ષ મેળવવો કેમકે અનંતા દ્રવ્ય ચારિત્ર જ ભાવ ચારિત્રના કારણ બનનાર છે.

હવે **તપપદ** કઈ રીતે જણાવે તે **અગ્રે વર્તમાન.**

□

# (૯) તપપદ

घण कम्म तमो भेर–हरण भाणुभूयं दुवालसंगधरं
नवरम कसाय तावं चरेह सम्मं तवोकम्मं

શ્રીમાન્ રત્નશેખર સૂરિજી શ્રીપાલ ચરિત્રની રચના કરે, તેમાં સમગ્ર વર્ણનને અંતે છેલ્લે શું વાત કહી? હે શ્રીપાલ તું નવમે ભવે મોક્ષે જઈશ.

તમે પણ નવકાર મંત્ર રોજ ગણો છો ને? તમારો ઉદ્દેશ શો? सव्वपावप्पणासणो. સર્વપાપનો નાશ કરવો તે. ઈરિયાવહીના કાઉસ્સગ્ગમાં પણ ધ્યેય શું મુક્યું? पावाणं कम्माणं निग्घायणट्ठाए પાપકર્મનું નિર્ઘાતન કરવું તે. તેમ નવપદની આરાધનામાં પણ ધ્યેય તો કર્મ નિર્જરા જ હોવું જોઈએ.

તે માટે આજનું આરાધના પદ છે તપ. तपसा निर्जरा તપ થકી કર્મ નિર્જરા કરવી.

**કર્મ નિકાચીત પણ ક્ષય જાયે, ક્ષમા સહિત જે કરંતા,**
**તે તપ નમીયે જેહ દીપાવે, જિનશાસન ઉજમંતા રે.**
**ભવિકા—**

ઢંઢણકુમાર, કૃષ્ણ મહારાજા અને ઢંઢણા રાણીના પુત્ર છે. ભૌતિક સુખની છોળો ઉડી રહી છે. તેની વચ્ચેથી નીકળી, વૈરાગ્યવંત બની, સંસારનો ત્યાગ કર્યો. ભર યૌવનમાં તેણે દીક્ષા લીધી. કઠીન અભિગ્રહને ધારણ કરી વિચરી રહ્યા છે.

કૃષ્ણ મહારાજા એક વખત નેમિનાથ પ્રભુને પૂછે કે આપના અઢાર હજાર મુનિવરોમાં ઉગ્ર તપસ્વી કોણ?

ભગવન્ કહે તપસ્વી તો ઘણાં છે. પણ સર્વ શ્રેષ્ઠ તપસ્વી છે ઢંઢણકુમાર.

રોજ ભિક્ષા લેવા જાય છે. પણ નિર્દોષ આહાર ન મળતા પાછા આવે છે. આજે પણ તે દ્વારિકામાં ભિક્ષા માટે જ ગયા છે.

ભગવન્! આવડી દ્વારિકામાં તેને નિર્દોષ આહાર ન મળે? એમ કેમ?

રાજન્! પૂર્વભવે તે ૫૦૦ ખેડૂતોનો અધિકારી હતો. ભોજન વેળા થાય ત્યારે દરેક પાસે એક એક ચાસ વધુ ખેડાવી પછી જ જમવા દે. એ રીતે ૫૦૦ ખેડૂત તથા ૧૦૦૦ બળદને તેણે આહારાદિમાં અંતરાય કર્યો. તે સમયે બાંધેલા ગાઢ અંતરાય કર્મના ઉદયે બીજા બધાંને નિર્દોષ આહાર મળે છે. પણ ઢંઢણ મુનિને મળતો નથી.

ઢંઢણકુમાર ગ્લાનિ રહિત પણે પોતાના કર્મોને તોડવા પુરુષાર્થ કરી રહ્યા છે.

निर्दोषं निर्निदानाढ्यं तन्निर्जरा प्रयोजनम्
चितोत्साहेन सद्बुद्धया तपनीयं तपः शुभम्

તપ કેવો તપવો (કરવો)?

(૧) નિર્દોષ (૨) નિયાણા રહિત (૩) નિર્જરાના હેતુ પૂર્વકનો (૪) ચિત્તના ઉત્સાહપૂર્વક (૫) સદ્બુદ્ધિ વડે.

ઢંઢણકુમાર પણ આવો સ્વાભાવિક-નિર્દોષ કોઈપણ જાતના નિયાણા વગરનો, ચિત્તના ઉત્સાહ પૂર્વક એટલે કે ગ્લાનિ રહિત તપ કરી રહ્યા છે. એક જ લક્ષ છે.— **કર્મોની નિર્જરા કરવી** —

એક-એક આત્મપ્રદેશે અનંતી કર્મવર્ગણા લાગેલી છે, એ કર્મ વર્ગણાને ખેંચી ખેંચીને સાફ કરવા માટેનો શ્રેષ્ઠતમ રસ્તો તે "તપ."

જો જૈન ધર્મમાં ચારિત્ર અને તપ બે વસ્તુ ન રાખો તો આખું જગત જૈન ધર્મને માને કે આરાધે કારણ? વાંધો હોય છે. વર્તન અથવા આચરણનો.

અરિહંતાદિને દેવ માનવામાં અડચણ નથી. આચાર્યાદિને ગુરુ માનવામાં મુશ્કેલી નથી. અરે જ્ઞાન સુધીના સાત પદમાં ક્યાં વાંધો જ છે? પણ જેવું વર્તન કે આચરણ કરવાનું આવે ત્યાં આપણે-આપણી કાયાને તકલીફ ઉભી થાય.

છતાં એ કાયારૂપ સાધનની મદદ લઈને જ આત્માને લાગેલી વર્ગણા છોડાવવા કે સજ્જડ કર્મોમાંથી મુક્ત થવા તપ કરવાનો છે.

ઢંઢણકુમારે પણ ધર્મના ચાર ભેદ બરાબર સમજી લીધાં હતા. ભગવદ્ વાણીમાં શ્રદ્ધા થતા દર્શન પણ આવ્યું અને આત્મ કલ્યાણ

માટેનું જ્ઞાન થતા ચારિત્ર અંગીકાર કર્યું. પછી પોતાના ધ્યેયને સફળ બનાવવા આરંભ્યો ઉગ્ર તપ-

સિદ્ધ ચક્ર યંત્રમાં પણ જુઓ. તપનું પરિણામ શું દેખાડયું ? સીધું જ સિદ્ધપણું

દર્શનથી આરંભાયેલી ધર્મયાત્રામાં ચોથા તબક્કે તપમાં પ્રવેશી જીવાત્માને સિધું સિદ્ધ પદ દેખાડી દીધું.

આવા ઉગ્ર તપસ્વીને જોઈ કૃષ્ણરાજા હાથી પરથી ઉતરી ગયા મુનિને ત્રણ પ્રદક્ષિણા દઈ તપની અનુમોદના કરી આગળ ચાલ્યા. એક વણિકે આ દશ્ય જોયું તેણે મુનિને બહુ આદરપૂર્વક લાડવાં વહોરાવી લાભ લીધો.

મુનિને નિર્દોષ આહાર મળ્યો જાણી અભિગ્રહ પૂરો થયો તેમ માન્યું. ભગવંતને આહાર દેખાડી પૂછ્યું. હે ભગવન્! મારું અંતરાય કર્મ હવે તુટયું કે નહીં?

હે ઢંઢણ! આ આહાર તમારો અંતરાય તુટવાથી પ્રાપ્ત થયો નથી પરંતુ કૃષ્ણ મહારાજાના બહુમાનથી પ્રાપ્ત થયો છે. તમારી પોતાની લબ્ધિથી નહીં.

તુરંત ઢંઢણ અણગારે આહારના પાત્રા અને ઝોળી હાથમાં લીધાં ચાલ્યા નિર્જીવ સ્થાને પરઠવવા.

લાડવાનો ચૂરો કરતાં કરતાં પોતાના કર્મોનો પણ ચુરો કરતા મુનિને આ કાયા પર નિર્મોહ જાગ્યો. આત્મ પરિણતીમાં આગળ વધતાં વધતાં વધતાં ચારે ઘાતી કર્મોનો ભુક્કો બોલાવી પામી ગયા કેવળજ્ઞાન.

એટલા માટે જ શ્રીમાન રત્નશેખર સૂરિજી પણ જણાવી ગયા કે

"ગાઢ કર્મના અંધકારના સમુહને દૂર કરવામાં સૂર્ય સમાન, કષાયના તાપથી રહિત અને બારભેદે વર્ણવાયેલા તપ રૂપ કર્મને (તપને) રૂડી રીતે આચરો."

શ્રીપાલ ચરિત્રમાં શ્રીપાલ પણ તપના રૂડા આચરણ દ્વારા નવપદની નવ-નવ ઓળીની આરાધના કરી સુખી થયો પણ આ આરાધના કઈ રીતે કરી તે જણાવવા યશોવિજયજી મહારાજા શ્રીપાલ રાસમાં કહે છે.

○ **અરિહંત પ્રભુની આરાધનામાં** બાવન જિનાલયવાળા નવ જિનમંદિરો બાંધ્યા, નવી જિન પ્રતિમાજી નવ ભરાવી. નવ જિર્ણોદ્ધાર કરાવ્યા.

○ **સિદ્ધ ભગવંતની આરાધનામાં** સિદ્ધની મન–વચન–કાયાની એકાગ્રતાપૂર્વક આરાધના કરી, ત્રિકાળ પૂજા–નમસ્કાર કર્યા.

○ **આચાર્ય મહારાજની આરાધન માટે** આદર ભક્તિ-વિધિવત્ વંદન–વૈયાવચ્ચ–સુશ્રુષા–પર્યુપાસના–સેવના વગેરે થકી સાવધાની રાખી.

○ **ઉપાધ્યાય મહારાજની આરાધનામાં** ભણતાં ભણાવતા સાધુ માટે અન્ન–વસ્ત્ર–વસતિ–પાત્ર લેવા મુકવા જવું વડે કરીને–પાઠ શાળા બનાવીને દ્રવ્ય–ભાવથી ભક્તિ કરી.

○ **સાધુ મુનિરાજની આરાધનામાં**નમન વંદન–વિનય–વિવેક વૈયાવચ્ચાદિમાં લીન રહી અન્ન–વસ્ત્ર પાત્રાદિમાં જરૂરી કાળજી રાખી, આરાધનાનો આનંદ લીધો.

○ **દર્શનપદની આરાધનામાં** ભક્તિભાવપૂર્વક તીર્થયાત્રા કરી. સ્નાત્રાદિ પૂજા રથયાત્રા, આદિ શાસન પ્રભાવનાના કાર્યો કર્યા.

○ **જ્ઞાનપદની આરાધનામાં** સિદ્ધાંતના ગ્રન્થો લખાવવા, ગ્રન્થ રક્ષણ કરવું, ધૂપ–ચંદન કે વસ્ત્રાદિકથી પૂજવા, સ્વાધ્યાયાદિ કરવા વડે આ પદની આરાધના કરી.

○ **ચારિત્રપદની આરાધનામાં** લીધેલા વ્રત નિયમોની સુંદર પરિપાલના કરી. વીરતીમાં લીન બની. સાધુ વગેરેની ભક્તિ કરીને આ પદ આરાધ્યું.

○ **તપ પદની આરાધનામાં** આલોક પરલોકના સુખની ઈચ્છા સિવાય બાર પ્રકારના તપને યથાશક્તિ આદરવાપૂર્વક આ પદની આરાધના કરી.

તપની પૂર્ણાહુતી નિમિત્તો હર્ષાંત થયેલો શ્રીપાલ રાજા ઉદ્યાપન કરવાનું વિચારે છે.

**હવે રાજા નિજ રાજની લચ્છીતણે અનુસાર**
**ઉજમણું તેહ તપતણું માંડે અતિહિ ઉદાર.**

શ્રીપાલ રાજાએ અરિહંત પદ પર રૂપાનો વરખ ચોંટાડેલ શ્રીફળ મૂકયું અને આઠ પ્રાતિહાર્યની યાદ આપતા આઠ કર્કેતન રત્નો તથા ચોત્રીશ અતિશયો માટે ૩૪ હિરા મૂકી અરિહંત ભક્તિ કરી.

સિદ્ધ ભગવંતના આઠ ગુણને આશ્રીને તેના વર્ણ મુજબ આઠ માણેક તથા બીજા ભેદે એકત્રીસ ગુણ અનુસાર ૩૧ પરવાળા તેમજ કેસર ઘોળેલા રાતા ચંદનથી વિલેપન કરેલા આઠ નાળીયેરના ગોળા મૂકયા.

આચાર્યના પંચાચારની ભક્તિથી પાંચ પુખરાજ તથા ૩૬ ગુણને માટે ૩૬ પીળાં રત્નો ચઢાવ્યા.

ઉપાધ્યાયના ૨૫ ગુણને પૂજવા ૨૫ નીલમ મૂકી, ૨૫ શ્રીફળના ગોળા પર ચંદન ચોપડી નાગરવેલના પાનની શોભા યુક્ત ભકિત કરી.

સાધુ ૨૭ ગુણવાળા–શ્યામ રંગી હોવાથી ૨૭ અરિષ્ટ, રત્નો પાંચ મહાવ્રતની ભકિત માટે પાંચ મહાશ્યામ રંગના રત્નો તથા ૨૭ નાળીયેરના ગોળા મૂકયા.

શ્વેતવર્ણ યુકત દર્શન પદની ભકિત માટે ૬૭ શ્વેત મોતી, જ્ઞાન પદ માટે ૫૧ મોતી, ચારિત્ર પદ માટે ૭૦ મોતી, તપપદ માટે, ૫૦ મોતી મૂકી ઉદ્યાપન કર્યું.

અન્ય અનેક સામગ્રી તે તે પદ અનુસાર મૂકીને ઉજમણું કર્યું. સ્નાત્રાદિ મહોત્સવ કર્યા. અષ્ટપ્રકારી પૂજા આરતી વગેરે કર્યા.

આવા નવપદ આરાધક શ્રીપાલને નવરાણીથી નવપુત્ર રત્ન પ્રાપ્ત થયા. તેમજ ૯૦૦૦ હાથી. ૯૦૦૦ રથ, ૯ લાખ ઘોડા, ૯ ક્રોડ પાયદળ મળ્યું. ૯૦૦ વર્ષ તેણે રાજય પાળ્યું. ત્રીભુવનપાલ નામના પુત્રને રાજય સોંપી અંતે મૃત્યુ પામી દેવલોકે ગયો.

આ નવપદ આરાધનાનું આજે છેલ્લું પદ તે તપપદ

નવેપદમાં તપપદની એક આગવી વિશેષતા છે. આઠ પદની આરાધનામાં મન મુખ્ય છે. આચરણા થકી મન કાયાને ખેંચે છે. જ્યારે તપ પદ એવી વસ્તુ છે જેમાં કાયા મનને ખેંચી લાવે છે. બે ચાર ઉપવાસ કરો ત્યાં કાયાની ઝુંપડીની આગ મનને પણ પોતાની સાથે ખેંચી જાય.

**ભુખ્યા ભજન નવી હોય ગોપાલા**
**લે તેરી કંઠી લે તેરી માળા**

કારણ—

**સર્વ દેવદેવમાં પ્રત્યક્ષ દેવ રોટી**
**તાન માન એહ વિના સર્વ વાત ખોટી**

એક ધનાઢ્ય શેઠને પત્ની મૃત્યુ પામેલી. ઉંમર લાયક થતાં પુત્રને પરણાવ્યો.વિવાહ થતાં જ પુત્ર પણ મરણ પામ્યો. વિવેકી અને ધર્મ પરાયણ શેઠે પુત્રવધૂની મનઃસ્થિતિને સમજીને કંઈ જ કહ્યું નહીં.

એક વખત મોકો શોધી ઘરની ચાવી પણ આપી દીધી. કહી દીધું કે હવેથી તું આ ઘરની માલિક છો. ખાવું–પીવું પહેરવું ઓઢવું બધું તારી ઇચ્છાનુસાર કરજે. માત્ર તારા પિતૃ કુળ કે આ ગૃહને ક્યારેય નીચું ન જોવું પડે તેવું આચરણ કરજે.

ઘરની સ્વામીની થતાં પ્રસન્ન થઈ ગઈ; ધીમે ધીમે વૈધવ્યનું દુઃખ પણ ભૂલી ગઈ.

શેઠે સુવિધા પુરી પાડી–પણ વિલાસી ખાનપાન સાથે તપનો અંકુશ હતો નહીં. તેમજ આ વિધવાની કોઈ ઉંમર પણ હતી નહીં, ધીમે ધીમે કામવાસનાનો રંગ તેના મન પર કાબુ જમાવવા લાગ્યો. બધી સુખ સગવડોને આહારની મોજે યુવાનીનો ઉન્માદ વધવા લાગ્યો. બંને કુળની આબરું જળવાય રહે કોઈને ખબર ન પડે અને કામવાસનાની આગ શાંત થાય તેવો રસ્તો શોધ્યો.

એક દિવસ સસરાજીને કહ્યું. કે હવે આપણો રસોયો વૃદ્ધ થયો છે. આંખે બરાબર દેખતો નથી, તો બીજો કોઈ યુવાન રસોયો રાખી લઈએ તો કેમ?

અનુભવી સસરાજી વાતનો તાગ પામી ગયા. કંઇ બોલ્યા નહીં પણ મનોમન વિચાર્યું કે આને જો તપની તાલીમ પણ આપી હોત તો આ દિવસ ન આવત–

શેઠ કહે બેટા! આજ તો અગિયારસ છે. મારે ઘણાં સમયથી આરાધના છૂટી ગઇ હતી. આ બહાને ચાલો આજ તો ઉપવાસ કરી દઉં. કાલે કંઈક વ્યવસ્થા કરીશું.

અહીં ઉપવાસ એ તો બારમાંથી માત્ર પહેલો અનશન નામનો તપ થયો. પણ પદ્મ વિજયજી તપની ઓળખ આપતાં જણાવે છે કે–

**બાહ્ય–અભ્યંતર તપ તે સંવર**
**સમતા નિર્જરા હેતજી**
**તે તપ નમીયે ભાવ ધરીને**
**ભવ સાયરમાં સેતુ–**
**ભવિયણ ભજીયેજી**

તપના બે મુખ્ય ભેદ છે. બાહ્ય અને અભ્યંતર. બાહ્ય તપમાં અનશન–ઉણોદરી વૃત્તિ સંક્ષેપ–રસત્યાગ–કાયક્લેશ અને સંલીનતા એ છ પ્રકારો ગણાવ્યા.

અભ્યંતર તપમાં પ્રાયશ્ચિત–વિનય વૈયાવચ્ચ–સ્વાધ્યાય–ધ્યાન અને ઉત્સર્ગ એ છ પ્રકારો લીધા.

તપની યાત્રા તો અનશનથી આરંભીને દેહમમત્વના ત્યાગ સુધીની જણાવી. અનશન તપ કાયાને કૃશ કરશે તેમ ઉત્સર્ગ તપ કાયાના મમત્વને તોડી નાખશે.

ઉણોદરીથી ઉપકરણ–ભોજન–પાનાદિનું પ્રમાણ નિયંત્રિત થશે તો ધ્યાનએ મન અને વાણીને નિયંત્રિત કરશે.

આ રીતે બાહ્ય–અભ્યંતરતપ બંને એક બીજાના પુરક છે. છતાં અભ્યંતર તપની મહતા વિશેષ ગણી છે. જ્યારે બાહ્ય તપને અભ્યંતર તપ માટે નિમિત્તિ ભૂત ગણ્યું છે. એવા બાહ્ય તપના પ્રથમ ભેદ અનશનનો અર્થ કર્યો न अशनम् इति अनशनम् ખાવું નહીં તે.

કર્મક્ષયને માટે તીર્થંકર પરમાત્મા પણ આ તપને અવશ્ય આદરે.

**મલ્લિનેમિ પાસ આદિ અઠ્ઠમ ખાસ**
**કરી એક ઉપવાસ વાસુપૂજ્ય સુવાસ**
**શેષ છઠ્ઠ સુવિલાસ કેવલજ્ઞાન જાસ**
**કરે વાણી પ્રકાશ જેમ અજ્ઞાન નાશ.**

શેઠે પણ પૂત્રવધૂને સમજાવવા અને તપની તાલીમ આપી કાયાને નિયંત્રિત કરાવવા પોતે જ ઉપવાસ કરી દીધો.

વિવેકી પુત્રવધૂને થયું કે હું પણ જો ઉપવાસ કરું તો સસરાજી પર મારી પ્રતિષ્ઠા જમાવી શકું. તેણીએ પણ ઉપવાસ કર્યો.

શેઠે બીજે દિવસે કહ્યું આજ તો અમુક તીર્થંકરનું કલ્યાણક છે માટે હવે આજ ઉપવાસ કરી આરાધના કરીશ. તું આજનો દિવસ ચલાવી લેજે, પછી રસોઇયાની તપાસ કરીશ.

વહુ મોભો જમાવવા બોલીકે અરે! આપ ન જમવાના હોતો મારે પણ ભોજન ત્યાગ બે ઉપવાસનો લાભ થશે.

ત્રીજે દિવસે વળી ત્રીજું કારણ આગળ ધરી દઇ શેઠે ત્રીજો ઉપવાસ કર્યો. વહુ તો ઢીલી પડી ગયેલી. છતાં જેમ તેમ કરીને ઉપવાસ ખેંચ્યો. ચામડાની કોથળીની આગે કાયાને એવી તો સળગાવી દીધી કે ધીરે ધીરે મનના સંકલ્પ– વિકલ્પોને પણ બાળીને ખાખ કરવાનું શરુ કર્યું.

ચોથે દિવસે તો ચતુર્દશી હતી. આ ધર્મનિષ્ઠ શેઠ કંઈ પારણું કરે ખરા?

તમે પણ ચૌદશે પ્રતિક્રમણમાં સાંભળો છોને? **પક્ખિ લેખે એક ઉપવાસ... વગેરે**

તીર્થંકર પરમાત્માની અજ્ઞાનુસાર અવશ્ય આટલો તપ તો કરવો જ જોઈએ. અન્યથા આજ્ઞા ભંગનો દોષ લાગે. વળી **છતીશક્તિએ પર્વતિથિએ ઉપવાસાદિક તપ કીધો નહીં.** એ અતિચાર–દોષ પણ લાગે.

શેઠને જોઇને પૂત્રવધૂએ માંડમાંડ ઉપવાસ ખેંચ્યો. પણ કાયાનું કૌવત તો સર્વથા હરાઈ ગયેલું હતું. સુતા સુતા જ જેમ તેમ દીવસ પુરો કર્યો.

રાત્રે વિવેક પ્રગટયો, અરેરે! મારા માટે સસરાજી એ ચાર–ચાર ઉપવાસ કર્યા પછી તો કાયાએ મનને પાછું ખેંચી લીધું. ભુખના ભડાકાએ મનની આગને ઠંડી કરી દીધી અને વિવેકે વાસ્તવિક પરિસ્થિ-તિનું ભાન કરાવી દીધું.

**મનડું દુરાધ્ય તેં વશ આણ્યું તેહવાત નહીં ખોટી**<br>**આનંદઘન પ્રભુ માહરું આણો એકહી વાત છે મોટી**<br>**કુંથુજિન મનડું કીમ હી ન બાજે**

વહૂરાણીનું મન તપથી અંકુશમાં આવી ગયું. સવાર પડતાં જ સસરાજીને પગે પડી માફી માંગી લીધી. પોતાના કુવિચારને છોડી દીધા–તપથી આત્મા પરથી મલિનતા નીકળી ગઈ.

સજ્જડમાં સજ્જડ કર્મોને પણ તપ દ્વારા ખપાવી શકાય છે. જ્યાં સુધી આ શરીર છે ત્યાં સુધી પાપીપણું છે. પાપના ક્ષય માટે તપસ્યા મુખ્ય તત્વ ગણ્યું.

ત્રણ જ્ઞાનથી યુક્ત એવા તીર્થંકર પરમાત્મા જાણતા હોય છે કે આ ભવે તે અવશ્ય મોક્ષે જવાના છે. છતાં પણ તેઓ તપ કરે છે. દીક્ષા લે ત્યારે તપ, કર્મ ખપાવીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા પૂર્વે પણ તપ અને મોક્ષે જતાં પહેલાં પણ તપ કરવાના.

તો આપણા જેવા સામાન્ય છદ્મસ્થો ને તો તપ કરવો જ જોઈએ ને ?

**પ્રશ્ન :–** તપ કર્યા પછી ધના કાકંદી જેવા તપસ્વીને માત્ર હાડકાં ખડખડ કરતાં રહ્યા તો પણ તેની પ્રશંસા કરી તો પછી ક્ષયથી પીડાતા અને કૃશ થયેલાને કેમ નથી વખાણતા ?

ભાગ્યશાળી ! બંને વાતનો તફાવત સમજો. જે રોગો આવે છે તે કર્મના ઉદયથી–અશાતા વેદનીયને લીધે આવે છે જ્યારે તપશ્ચર્યા કર્મના ક્ષયને માટે છે.

રોગથી કૃશ થયેલાને કર્મનિર્જરા થતી નથી. ઉલટાનું આર્ત્તધ્યાન વધે તો નવા કર્મો બંધાવે છે. જ્યારે તપ તો સ્વ ઈચ્છાથી થતો હોવાથી સકામ નિર્જરાનું કારણ બને છે.

વળી તપને સુંદર મંગળરૂપ પણ ગણેલું છે. શિવપંથનું સહાયક તત્ત્વ ગણે છે.

પણ ક્યારે ?

જો તે તપ નિર્દોષ હોય–ચિત્ત ઉત્સાહ પૂર્વકનો હોય, નિયાણા રહિત હોય અને કર્મ નિર્જરા કરવાના હેતુથી તે તપ થતો હોય.

નંદીષેણ મુનિએ કેવો તપ કર્યો હતો. કેટલી સુંદર તેની પરિણતી હતી. તેની વૈયાવચ્ચ તપની અનુમોદના સ્વર્ગ લોકમાં ઇન્દ્ર મહારાજાએ પણ કરેલી હતી.

બધાંની સેવા કરી આહાર લેવા માટે બેઠેલા. તેને પરીક્ષા કરવા દેવે માયા રચી. ભર તડકે ખરે બપોરે ગામ બહાર જંગલમાં માંદગીના બહાને પડેલા છે. બીજો દેવ આવી તેને વૈયાવચ્ચ માટે યાદ અપાવે.

નંદીષેણે મુનિ ચાલ્યા તરત જંગલમાં. પેલા દેવે પાણી માંગ્યું. નંદીષેણ મુનિ જ્યાં જ્યાં પાણી માટે જાય ત્યાં માયાવી દેવ પાણીને અનેષણીય બનાવી દે છે. છતાં ગ્લાની રહિત તે મુનિ પોતાના કર્મો ને જ નીંદતા શુદ્ધ ગવેષણા કરે છે. છેલ્લે પોતાના ખભે બેસાડી તે માયાવી મુનિને લઈને વસતિ તરફ આવે છે. તો માર્ગમાં તેના શરીર પર વિષ્ટા છોડી, છતાં નંદીષેણ મુનિ તો માયાવી મુનિની ક્ષમાપના માંગતા અને પોતાના કર્મને નિંદતા ચાલે છે ત્યારે તેના ધૈર્ય ગુણ અને વૈયાવચ્ચી ગુણ ને પ્રશંસતા દેવે પ્રત્યક્ષ થઈ અનુમોદના કરી.

આવા મહામુનિ પણ છેલ્લે નિયાણુ બાંધી હું સ્ત્રી વલ્લભ થાઉં તેમ વિચાર્યું તો બીજે ભવે વસુદેવ થયા. પણ તેનો તપ નિર્જરા કરાવી સદ્દગતિ દાતાર ન બન્યો.

માટે તપ કેવળ કર્મ નિર્જરાના હેતુથી જ કરવો જોઇએ. જેથી ઢંઢણકુમાર વગેરેની જેમ સિદ્ધપદની પ્રાપ્તિ થાય.

છેવટે તપની સુંદર વ્યાખ્યાને યાદ રાખો-**ઇચ્છા રોધે સંવરી** -આ પંક્તિનું મનન કરી નવપદ આરાધનાનું સિદ્ધચક્ર નામ સાર્થક કરતા સિદ્ધ પદને પામનારા બનો તે જ શુભેચ્છા.

□

મુનિ શ્રી દીપરત્નસાગર M.Com., M.Ed. Ph.D.
**દ્વારા સર્જિત સંપાદિત પ્રકાશનો**

**પ્રકાશન પ્રેરણાદાતા**

**નિપુણનિર્યામક પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ.સા.**

## ૧ સંસ્કૃત વ્યાકરણ સાહિત્ય

(૧) અભિનવ હેમ લઘુપ્રક્રિયા–૧ સપ્તાંગી વિવરણ
(૨) અભિનવ હેમ લઘુપ્રક્રિયા–૨ સપ્તાંગી વિવરણ
(૩) અભિનવ હેમ લઘુપ્રક્રિયા–૩ સપ્તાંગી વિવરણ
(૪) અભિનવ હેમ લઘુપ્રક્રિયા–૪ સપ્તાંગી વિવરણ

**નોંધ** :–અભિનવ હેમ લઘુ પ્રક્રિયા એ પૂ. મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી રચિત હેમ લઘુપ્રક્રિયાનું સાત અંગોમાં વિભાજીત સુવિસ્તૃત–સર્વપ્રથમ–એકમાત્ર વિવેચન છે.

(૫) કૃદન્તમાલા [ ૧૨૫ ધાતુના ૨૩ પ્રકારે કૃદન્ત ]

## ૨ વ્યાખ્યાન ઉપયોગી પરિશીલનો

(૬) અભિનવ ઉપદેશ પ્રાસાદ–૧ (૧ થી ૧૦ કર્તવ્યો)
(૭) અભિનવ ઉપદેશ પ્રાસાદ–૨ (૧૧ થી ૧૪ કર્તવ્યો)
(૮) અભિનવ ઉપદેશ પ્રાસાદ–૩ (૧૫ થી ૩૬ કર્તવ્યો)

અભિનવ ઉપદેશ પ્રાસાદ એ ( શ્રાવકના ૩૬ કર્તવ્યો ) મન્નહ જિણાણં સજ્ઝાયનું સુવિસ્તૃત સુગ્રથતિ વિવેચન છે.

(૯) નવપદ શ્રીપાલ (અભિનવ ઉપદેશ પ્રાસાદ–૪)

જેમાં નવપદની સુંદર સમજ અને શ્રીપાલ કથાનો સુભગ સમન્વય છે,

## ૩ આરાધના સાહિત્ય

(૧૦) સમાધિ મરણ (પુસ્તક વાંચો અને મરણ સુધારો)

## ૪ ભક્તિ સાહિત્ય

(૧૧) चैत्यवंदन पर्वमाला
(૧૨) चैत्यवंदन जिन–तीर्थ विशेष
(૧૩) चैत्यवंदन चोविसी
(૧૪) शत्रुंजय भक्ति
(૧૫) ચૈત્યવંદન માલા (૭૭૯ ચૈત્યવંદનોનો સંગ્રહ)
(૧૬) શત્રુંજય ભક્તિ

(જેમાં તળેટી-શાંતિનાથ–આદિનાથ–રાયણ પગલાં-પુંડરિક સ્વામી–ઘેટી પગલાં–એ સ્થાનોને સંપૂર્ણ અનુરૂપ સ્તુતિ–ચૈત્યવંદન–સ્તવન–થોય ઉપરાંત ૨૧ અને ૧૦૮ ખમાસમણા તથા બીજા સ્તવનો છે.)

(૧૭) ચૈત્ય પરિપાટી

(જેમાં પ્રભુ સન્મુખ બોલવાની ૧૧૧ ભાવવાહી સ્તુતિ તથા ૬ ભાવગીતો સમાવાયા છે.)

---

## ૫ પ્રકિર્ણ સાહિત્ય

(૧૮) अभिनव जैन पञ्चाङ्ग २०४६
(સર્વ પ્રથમ વિશાળ માહિતી સાથેનું ભીંતીયું પંચાંગ)
(૧૯) શ્રી નવકાર મહામંત્ર નવલાખ જાપની નોંધપોથી
(૨૦) શ્રી ચારિત્ર પદના ૧ કરોડ જાપની નોંધપોથી
(૨૧) બારવ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
(૨૨) અભિનવ જૈન પંચાંગ–૨૦૪૨

(તારીખ-તિથિ–વાર ઉપરાંત સૂર્યોદયથી પુરિમડ્ઢ, કામળીનો કાળ, સાંજે બે ઘડી, ભણાવવાની પોરિસિના સમય સાથેનું સર્વપ્રથમ પ્રકાશન)

(૨૩) શ્રી જ્ઞાનપદ પૂજા

---

**卐 અભિનવ શ્રુત પ્રકાશન 卐**
C/o. પ્ર. જે. મહેતા, પ્રધાન ડાકઘર પાછળ,
જામનગર–361001

# વ્યાખ્યાનપૂર્વે બોલવાના માંગલિક શ્લોકો

સંસાર વારાંનિધિ યાનપાત્રં:
નિજાત્મભાવા લયલીન ચિત્તં;
સુદર્શન ક્ષાયક ભાવયુક્તં,
નમામ્યહં શ્રી જિન વર્ધમાનં. ૧

ભવ્યાબ્જ બોધતરણીં ભવ સિંધુનાવં,
ચિંતામણે સુરતરોરધિકં સુભાવં;
તત્વત્રિ પાદ નવકં નવકારરૂપં,
શ્રીસિદ્ધચક્ર સુખદં પ્રણમામિ નિત્યં. ૨

યેન ક્રમેણ કૃપયા શ્રુતધર્મ એષ,
આનીય માદંશ જનેડપિ હિ સંપ્રણીત:
શ્રી મત્સુધર્મ ગણભૃત પ્રમુખં નતોડસ્મિ,
તં સૂરિ સંઘમનઘં સ્વગુરુંશ્ચ ભક્ત્યા. ૩

---

## પ્રાર્થના

અરિહંત સિદ્ધ દેવ બે છે તેહ ને કરું વંદના
આચારજ ઉવજ્ઝાય સાધુ, કરે પાપ નિકંદના
દરશન નાણ ચરણ તપચઉ, ધર્મ જેહમાં સુખકરં
નમું તેહને હું આજ ભકતે નવપદ જે દુ:ખહરં